gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૯




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# 'સન્ડે ઈ–મહેફીલ'

## ઈ–બુક

ભાગ–009

'સ.મ.' ક્રમાંક 201 થી 225

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરૂ થયેલી 'સુ–વાચનયાત્રા'–'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :


Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com



Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’ આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. ‘સ.મ.’ પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે ‘સ.મ.’ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘વીદાય–સલામ’ 155-1 : 18-05-2008). આ ‘સ.મ.’ વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક ‘સ.મ.’માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘We salute your 'FEELINGS' for 'SeM'’ 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી ‘સ.મ.’ ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નોલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરૂ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય ! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો ‘ઈ–શબ્દસાગર’ સમો ‘ગુજરાતીલેક્સીકોન’ (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે ‘ઈ–બુક’ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નોલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધકો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં !

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013





# અનુક્રમણીકા

## ‘સન્ડે ઈ–મહેફીલ’ – 09


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 201 | બેટા તારે ઉડવાનું છે | અવન્તીકા ગુણવન્ત | 26-09-2010 | 11 |
| 202 | ઝવેરબાપા | મનુભાઈ પંચોલી | 10-10-2010 | 19 |
| 203 | લઘુકથાઓ | મોહનભાઈ પટેલ | 24-10-2010 | 30 |
| 204 | ગઝલ | અનીલ ચાવડા | 07-11-2010 | 41 |
| 205 | સાસુની મથરાવટી | વીનોદ ભટ્ટ. | 21-11-2010 | 49 |
| 206 | એનું નામ નેહા ખારોડ | લતા હીરાણી | 05-12-2010 | 59 |
| 207 | ફરીયાદો કર્યા કરે તે વૃદ્ધ ! | જગદીશ શાહ | 19-12-2010 | 67 |
| 208 | ખાધું, પીધું ને રાજ કીધું | આશા બુચ(બ્રીટન) | 02-01-2011 | 71 |
| 209 | અમેરીકાનો આડોશપાડોશ | –સુચી વ્યાસ | 16-01-2011 | 76 |
| 210 | સાત સૉનેટનું મેઘધનુષ(સૉનેટ) | નટવર ગાંધી(અમેરીકા) | 30-01-2011 | 85 |
| 211 | પાકા ઘડા | કીશોર રાવલ (અમેરીકા) | 13-02-2011 | 92 |
| 212 | રીસાયેલા દીકરાને | વીજય શાહ(અમેરીકા) | 27-02-2011 | 98 |
| 213 | ચાલો ઘર ઘર રમીએ(કાવ્યો) | ડૉ.નીલેશ રાણા (અમેરીકા) | 13-03-2011 | 105 |
| 214 | પુત્રનાં લક્ષણ(લઘુ કથા) | ચીમન પટેલ ‘ચમન’(અમેરીકા) | 27-03-2011 | 112 |
| 215 | ધર્મક્ષેત્રે-1965 | કૅપ્ટન નરેન્દ્ર ફણસે(અમેરીકા) | 10-04-2011 | 117 |

| | | | | |
|---|---|---|---|---|
| 216 | ગઝલ મહેશ(ગઝલ) | ડૉ. મહેશ રાવલ (અમેરીકા) | 24-04-2011 | 124 |
| 217 | સંતુલીત વીકાસ | ભદ્રા વડગામા(બ્રીટન) | 08-05-2011 | 134 |
| 218 | ડૉક્ટર ઈન ધ હાઉસ | ડૉ. જયન્ત મહેતા (અમેરીકા) | 22-05-2011 | 143 |
| 219 | પન્ના–કાવ્યો | પન્ના નાયક (અમેરીકા) | 05-06-2011 | 153 |
| 220 | ફ્રીકવન્ટ રાઈડર | હરનીશ જાની (અમેરીકા) | 19-06-2011 | 163 |
| 221 | મુળીબા | આનન્દરાવ લીંગાયત (અમેરીકા) | 03-07-2011 | 170 |
| 222 | ગીત–ગઝલ | દેવીકા ધ્રુવ (અમેરીકા) | 03-07-2011 | 188 |
| 223 | યા અલ્લાહ | ડૉ. નવીન વીભાકર (અમેરીકા) | 31-07-2011 | 195 |
| 224 | સ્વામી વીવેકાનંદે કહ્યું છે કે | હરનીશ જાની (અમેરીકા) | 14-08-2011 | 201 |
| 225 | શબ્દના વાવેતર (અછાંદસ) | થોભણ પરમાર | 28-08-2011 | 209 |


## વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના 'ક્રમાંક' પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણીકા' પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

201 : 26-09-2010

# ‘બેટા, તારે તો ખુલ્લા આકાશમાં ઉડવાનું છે’

- અવન્તીકા ગુણવન્ત

અનુક્રમણીકા

પરદેશથી દીકરો અનંત લગભગ દોઢેક વર્ષે દેશમાં આવ્યો છે. આવ્યો છે ત્યારથી એનાં મમ્મી–પપ્પાને જોયા કરે છે અને ઉંડી ચીન્તામાં પડી જાય છે. ઉદાસ થઈ જાય છે.

એકાદ અઠવાડીયા પછી એ બોલ્યો, “મમ્મી–પપ્પા, તમે ઘરડાં થઈ ગયાં!”

“હા દીકરા,” આશાબહેને સસ્મીતવદને કહ્યું, “કોણ જાણે કેમ, અમને પોતાને તો, અમે ઘરડાં થઈ ગયાં છીએ એની કોઈ ચીન્તા જ નથી થતી!”

“પણ હું ગયો ત્યારે તો તમે આટલાં ઘરડાં ન હતાં, હાથે અને ગળે આટલી કરચલીઓ ન હતી!” ઉચાટભર્યા અવાજે અનંત બોલ્યો.

આશાબહેન હસ્યાં અને ઉષ્માપુર્ણ અવાજે બોલ્યાં, “બેટા, તારે ગયે દોઢ–બે વરસ થવા આવ્યાં. તું ગયો ત્યારે આટલી કરચલીઓ ન હતી એ વાત તારી સાચી; પણ ઉમ્મરની અસર શરીર પર તો વરતાય જ ને?”

‘‘મમ્મી, આપણે રોજ ઈન્ટરનેટ થ્રુ વાત કરતાં હતાં. વેબ કૅમેરા પર તમારા હસતા ચહેરા જોઈ હું ખુશ થતો હતો. ત્યારેય આ કરચલીઓ મેં નહોતી જોઈ. હું તો તમારો જોસ્સાભર્યો ‘યંગ’ અવાજ સાંભળીને વીચારતો કે મારાં માબાપ કદી ઘરડાં નહીં થાય. હું તો કેવો નચીન્તપણે રહેતો હતો! હું કેવો મુરખ છું! દીકરા તરીકે સાવ નકામો.’’

‘‘ઓ બેટા, અમે તો ઘરડાં થયાં જ નથી. હા, શરીર ભલે ઘરડું દેખાય; પણ અમારા મનમાં ઘડપણ પેઠું નથી, ત્યાં સુધી તારે ચીન્તા કરવાની જરુર નથી. મનથી જો અમે ઘરડાં થઈએ ને, તો જાત જાતના ડરથી ઘેરાઈ જઈએ અને અમે કોઈ આધાર માટે ઝંખીએ. પણ તું જુએ છે ને, મારા અને તારા પપ્પામાં તને ઉત્સાહની જરાયે કમી નહીં વરતાય.’’ આશાબહેને કહ્યું.

અનંત કોઈ દલીલ નથી કરતો; પણ જુએ છે કે મમ્મી નીચે બેઠી હોય તો જાતે ઉભી થઈ શકતી નથી, એને ટેકાની જરુર પડે જ છે, ઝટ ચાલી શકતી નથી, દાદર ચડે તો હાંફ ચડે છે. રોજ સાંજે ધાબા પર જઈને સુર્યાસ્ત જોનારી મમ્મી હવે ધાબા પર જતી જ નથી. આ બધાં ચીહ્નો ઓસરતી શક્તીનાં છે. ઘડપણ ધમધોકાર આવી રહ્યું છે; છતાં મમ્મી કહે છે, ‘હું ઘરડી નથી!’ મમ્મીના આરામના કલાકો વધ્યા છે. બપોરે કદીય પગ વાળી નહીં બેસનાર મમ્મી, બપોરે રીતસરની ઉંઘી જાય છે.

રાતે પપ્પા અને હું નીરાન્તે વાતો કરીએ; પણ મમ્મી તો વાતો કરતાં કરતાં જ ઉંઘી જાય અને છતાંયે તે કહે છે કે હું ઘરડી નથી થઈ! ફોનમાંયે કદી એણે થાક કે કંટાળાની ફરીયાદ નથી કરી, કદીય નીસાસો નાખ્યો નથી કે, ‘દીકરા, તું દુર અને અહીં અમારે એકલાં રહેવાનું વસમું છે.’ પરન્તુ હકીકત તો એ છે કે મમ્મીની શક્તી ઘટતી જાય છે. વાસ્તવીક રીતે જોઈએ તો મમ્મીને સાચે જ આધારની જરુર હોય છે; પણ એ કંઈ કેમ કહેતી નથી?કદાચ પરવશ થવાનું એને ગમતું નથી. એનાં ખમીર અને ખુમારી જરાયે ઘટ્યાં નથી. ઉત્સાહેય પહેલાં જેટલો જ છે.

મમ્મી રોજેરોજ રસોઈમાં મને ભાવતી નવી નવી વાનગી બનાવે છે. હું કહું છું, ‘ચાલો, આપણે બહાર જઈએ, બહાર જમી લઈશું.’ પણ એ એને કબુલ નથી. મમ્મીને બહારનું ખાવાનું પસંદ નથી. હું કહું છું, કાયમ માટે કોઈ રસોઈ કરનારને રાખી લો. તોય ‘હા’ કહેતી નથી!

અનંત જુએ છેઃ મમ્મી પહેલાંની જેમ એકદમ આનન્દમાં રહે છે, અલકમલકની કેટલીયે વાતો કરે છે. મમ્મીનો સ્પીરીટ જોઈ આશ્ચર્ય અનુભવતો અનંત પુછે છે, ‘મમ્મી, તારો મુડ કોઈ દીવસ બગડી જાય ખરો?’

‘‘મુડ શું કામ બગડે?’’

‘‘તારે જાતે બધું કામ ખેંચવું પડે છે. તને એવું નથી થતું કે દીકરો સ્વાર્થી છે, અમને એકલાં છોડીને પરદેશમાં પોતાનું સુખ જોયું!’’

‘‘બેટા, પંખીને પાંખો આવે તો ખુલ્લા આકાશમાં ઉડે, માળામાં કંઈ ન બેસી રહે.’’

‘‘પણ, તું ને પપ્પા તો એકલાં પડી ગયા ને?ઘરનાં નાનાંમોટાં કામ જાતે કરવાનાં, બેન્કમાં જવાનું, બધાં બીલો યાદ રાખીને ભરવાનાં, ગ્રોસરી ખરીદી લાવવાની, રોજેરોજ શાક લાવવાનું – આવાં બધાં કામ રોજેરોજ કરવાનો ઉત્સાહ કેવી રીતે જળવાઈ રહે?મમ્મી, તું કેમ પરદેશ જતાં મને રોકતી નથી?કેમ નથી કહેતી કે તું અહીં જ રહે ?’’

‘‘બેટા, હું તારી મા છું, કોઈ પારકી નથી કે તને પીંજરામાં પુરી દઉં, તારો વીકાસ અટકાવી દઉં. બેટા, વીશાળ આકાશમાં ઉડવાની તારી ઉમ્મર છે, તારામાં તાકાત છે, કૌશલ છે. જીવન ઉંચે ઉંચે ઉડવા માટે છે. તું આગળ વધ એનો મને આનન્દ છે, ગૌરવ છે.’’

અનંત પોતાની પ્રેમાળ માને મુગ્ધતાથી જોઈ રહ્યો. એ વીચારમાં પડી ગયો કે બધાં માબાપ પોતાનાં સન્તાનનો વીકાસ ઈચ્છે છે; પણ સન્તાન દુર જાય તે એમને નથી પાલવતું. જ્યારે મારી મા દીકરાના વીકાસ કાજે માબાપે એકલાં

રહેવું પડે એ કેટલી સ્વાભાવીકતાથી સ્વીકારી લે છે! એ માત્ર મારું જ હીત જુએ છે.

લાગણીભર્યા સ્વરે એણે પુછ્યું, ‘‘મમ્મી, તને મારા વગર સુનું સુનું તો લાગતું જ હશે; પણ તું કેમ ઉદાસ નથી થતી?’’

‘‘દીકરા, મારો સ્વભાવ તો તું જાણે છે. ગમે તેવી અણગમતી પરીસ્થીતી હોય તોય હું લાંબો સમય ઉદાસ નથી રહી શકતી. દરેક પરીસ્થીતીમાં મને કંઈક તો સારું દેખાય જ છે.’’

‘‘મમ્મી, નાનપણથી જ તારો આવો સ્વભાવ હતો? કદી ફરીયાદ નહીં, કદી ગુસ્સો નહીં, કદી ‘નકાર’ નહીં?’’

‘‘ના રે દીકરા, નાનપણમાં તો મારો સ્વભાવ ગુસ્સાવાળો હતો. મારું ધાર્યું થાય નહીં કે મારું ગમતું મને મળે નહીં તો હું ગુસ્સે થઈ જતી અને ગુસ્સો કરવાથી કે જીદ કરવાથી કંઈ ન વળે તો હું નીરાશ–ઉદાસ થઈ જતી. એ ઉદાસીનતા લાંબો સમય રહેતી; પણ જેમ જેમ મોટી થતી ગઈ એમ સ્વભાવ કેળવાતો ગયો."

‘‘સ્વભાવ એમ જ અનાયાસ કેળવાય? તો પછી બધા વડીલોના સ્વભાવ કેમ સ્વસ્થ અને સમતાગુણી નથી હોતા?’’ અનંતે અધીરાઈથી પુછ્યું.

‘‘બેટા, સ્વભાવ કેળવવા માટે માણસે જાગ્રત થવું પડે. આત્મનીરીક્ષણ કરીને પોતાની ખામી અને ઉણપો શોધવાં જોઈએ અને એનાથી છુટવા સમજદારીપુર્વક પ્રયત્ન કરવા પડે, ત્યારે સ્વસ્થતા કેળવાય. આપણે જાતે જ આપણી જાતને કેળવવાની.’’

મમ્મીથી અભીભુત થતાં અનંત બોલ્યો, ‘‘મમ્મી તારામાં આ સુઝ ક્યાંથી આવી? હું અહીં હતો ત્યારે તું મારામય થઈ ગઈ હતી. હું કૉલેજથી સહેજ મોડો આવું તો તું રાહ જોતી છેક દરવાજે ઉભી હોય. ઘરનું બારણું ખુલ્લું હોય અને કુતરું ઘરમાં પેસી જાય તેનીયે તને પરવા ન રહેતી. તું તો મારો અનંત હજી કેમ ન આવ્યો તેનું રટણ કરતી રહેતી. મને જુએ એટલે જાણે કેટલાંયે વરસે મને જોતી હોય એવી થઈ જતી. સાચું કહું મમ્મી, હું કેરીયર બનાવવા ત્યાં ગયો છું; પણ મારા હૈયાના એક ખુણે ચચરાટ રહે છે કે મારી મમ્મીનો હું ગુનેગાર છું. ઉતરતી અવસ્થામાં મારે તારી સાથે રહેવું જોઈએ એને બદલે હું દુર છું. મારો તો જીવ બળ્યા કરે છે.’’

‘‘બેટા, એવો જીવ ન બાળીશ. જો મારી આગળ તો મારી માનો દાખલો છે. ઘડપણમાં ગામડે એ એકલી જ રહેતી. ઘરમાં તદ્દન એકલી; પણ એકલાપણું કદી એને અકળાવતું નહીં. મારા ભાઈઓ શહેરમાં વસ્યા હતા. બા તો કહેતી, ‘દીકરાઓ તો ધંધાવ્યવસાય માટે દુર જાય. એ કંઈ ઢોર નથી કે એમને ખીલે

બાંધી રખાય અને આપણા વાસના બધા માણસો આપણા જ છે ને!' મારી બા ઓસરીમાં ખાટલો ઢાળીને બેઠી હોય અને જતાં–આવતાં લોકો સાથે વાતો કરતી હોય. દરેકનાં સુખદુ:ખ હેતથી ધ્યાનપુર્વક સાંભળે અને વાતવાતમાં એવી વાતો કહે કે સામા માણસમાં સુઝસમજ ખીલે, એ માણસની જીવન દૃષ્ટી કેળવાય અને પછી એ જાતે જ એની તકલીફોમાંથી માર્ગ કાઢે. ક્યારેક જરુરતમંદોને આર્થીક સહાય પણ કરતી. મારી બા કહેતી, 'ભગવાનની મહેરબાનીથી આપણને શીક્ષણ અને સંસ્કાર મળ્યાં છે અને આ પાછલી ઉમ્મરમાં ભરપુર સમય મળ્યો છે તો એનો ઉપયોગ બીજાના ભલા માટે કરવાની આપણી ફરજ છે. જ્યારે આપણે બીજાંનાં દુ:ખ દુર કરીએ છીએ ત્યારે જે આનન્દ થાય છે એની તે શી વાત કરું ?' અને હું અહીં ક્યાં એકલી છું? તારા પપ્પા તો છે મારી સાથે પછી શી ચીન્તા? અને બેટા, તને તો ખબર છે કે બા પુરાં પંચાણું વરસ જીવ્યાં છતાં; હાથમાં ટેકણલાકડી પણ નહોતી પકડી અને કાને બરાબર સંભળાતું અને યાદશક્તીને તો જરાયે લુણો નહોતો લાગ્યો!

''હું મારી બાને કોઈ વાર કહું કે તું એકલી ગામમાં કેમ પડી રહે છે?તો એ કહેતી કે આ તો મારી પાઠશાળા છે. અહીંના માણસોનાં જીવન જોઈને મનેય જીવનનાં વીવીધ સ્વરુપો અને માનવમનની ગહેરાઈ અને શક્તીનો પરીચય થાય છે. એમની

વાતો મારું ઘડતર કરે છે, મારી પરીપક્વતા વધારે છે. જીવનમાં મને રસ પડે છે, જીવવાનો મારો રસ વધે છે.

“અનંત, મારી મા મારે માટે મારી રોલ–મૉડલ હતી. એની વાતો મને પ્રેરણા આપે છે.”

“મમ્મી, મારી રોલ–મૉડલ તું છે. કાયમ તારી પાસેથી શીખતો જ રહ્યો છું. તારો આ ઉત્સાહ આપણા સૌ માટે સંજીવની છે!” અનંતે કહ્યું.

“આપણી પાસે જો સંજીવની છે તો દીકરા, હવેથી તું અમારી ચીન્તા નહીં કરતો. હા, કાળજી રાખજે. ઈન્ટરનેટ મારફત વાતો કરતો રહેજે અને પ્રસન્ન રહેજે.” આશાબહેને કહ્યું.

– અવન્તીકા ગુણવન્ત

જાન્યુઆરી ૨૦૧૦ના ‘અખંડ આનન્દ’ માસીકના પાન ૯૦થી ૯૨ ઉપરથી, લેખીકાશ્રીની પરવાનગીથી સાભાર...

લેખીકા–સમ્પર્ક –

અવન્તીકા ગુણવન્ત,

‘શાશ્વત’ – કે. એમ. જૈન ઉપાશ્રય સામે, ઓપેરા સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ–380 007

ફોન – (079) 2661 2505

ઈ–મેઈલ – avantika.gunvant@yahoo.com

202 : 10-10-2010

# ઝવેરબાપા

– મનુભાઈ પંચોલી ‘દર્શક’

અનુક્રમણીકા

લોકભારતીનું એક મહત્ત્વનું કાર્ય ઘઉંસંશોધન હતું. લોકભારતીએ બીજું કંઈ ન કર્યું હોત, અને ફક્ત આ એક જ કામ કર્યું હોત તો પણ ગુજરાત પર તેણે ભારે ઉપકાર કર્યો કહેવાત.

ઝવેરભાઈ પાલીતાણા રાજયના મહેસુલી અધીકારી. પાછળથી સૌરાષ્ટ્ર રાજયમાં ખેતીવાડી ખાતાના ઉપરી હતા. પણ મારો પરીચય તેઓ પાલીતાણામાં મહેસુલી અધીકારી હતા ત્યારનો. આંબલાની શાળા તો નાનકડી પણ કોડ ઘણા. કોઈમ્બતુરની 410 નંબરની શેરડી, જેનો ગોળ વધારે ઉતરે, અને કઠણ હોવાથી શીયાળવાં ખાઈ ના શકે, તે સૌથી પહેલાં અમે આંબલા અને આજુબાજુ દાખલ કરાવી. તેવું બાજરામાં કરવાની પણ ઈચ્છા. ઝવેરદાદા બાજરા પર પ્રયોગો કરે છે તે જાણેલું; એટલે અવારનવાર પાલીતાણા જાઉં. મોટોમસ બંગલો પણ તેમાં સાહેબશાહી ફર્નીચર નહીં; બધે બાજરાનાં ડુડાં, જુવારનાં લોથાં(કણસલાં) - આવું આવું ભર્યું હોય. બાજરીનું ડુંડું લાંબું થાય, દાણા ભરચક હોય તેવું કરવા પોતાના કમ્પાઉન્ડમાં અખતરા કર્યા કરે. એ જમાનામાં અમેરીકા જઈ પીએચ.

ડી. વનસ્પતીવર્ધનશાસ્ત્રમાં કરી આવેલા; પણ રહ્યા હતા હાડોહાડ ગ્રામવાસી. ગ્રામવાસીની જેમ જ અલ્પ જરુરીયાતો અને ગંજાવર પરીશ્રમ. તેમની પાસેથી શાકભાજીનાં નવાં નવાં બીયાં લઈ આવું. ઘણાં તો અમે કદી જોયાં ન હોય તેવાં. નીવૃત્ત થઈને ઘઉંનો પ્રયોગ કરવા માગે છે તે જાણેલું એટલે 'લોકભારતી'માં જ આવવા કહ્યું. મને તો ઓળખે; પણ નાનાભાઈ તરફ તેમને પુજયભાવ. તેમની સંસ્થામાં ઉપયોગી થવાનું મળે તે તો ભાગ્ય ગણાય એમ માને; તરત હા પાડી, અને એક શુકનીયાળ પળે લોકભારતીમાં પગ મુક્યો. અમે ઘઉં સંશોધનની દૃષ્ટીએ અભ્યાસક્રમમાં તુરત ફેરફાર કર્યા. ભલાણી, ઉષાકાન્ત, વંડ્રા, ઝાલાવાડીયા ચારે એમને સોંપ્યા. દાદા આકરા કામ લેનારા, અને આ ચાર જણ પણ આકરું કામ આપનારા. હું તો કોઈકોઈ વાર જોઉં, અર્ધુ સમજું, અર્ધું ના સમજું; પણ સમજું છું તેવું દેખાડી સૌ ઉત્સાહપુર્વક કામે લાગે તે જોઉં.

મુખ્ય માણસે બધું જાણવું જોઈએ તેવું માન્યું નથી. કદાચ તે જોખમકારક છે; કારણ કે તો વીભાગીય વડાઓના કામમાં દખલ પણ થાય; પણ મુખ્ય માણસને અમુક દરખાસ્તથી શું સીદ્ધ કરવું છે, અને તે સીદ્ધ કરવાની શક્તી દરખાસ્ત લાવનારમાં છે કે નહીં તે જાણવું જોઈએ. અહીં પણ મને પેરીક્લીસ મદદરૂપ થયો છે. તેના વીખ્યાત વ્યાખ્યાનમાં તેણે કહ્યું છે : 'સામાન્ય એથેન્સવાસી મૌલીક દરખાસ્તો કરી

શકતો નથી; પણ આવી દરખાસ્તોનો તે શાંતમતી ન્યાયાધીશ થઈ શકે છે.' એટલે તે દેશનું આયોજન ન કરી શકે; પણ આયોજનની દરખાસ્ત તેના લાભમાં છે કે નહીં તે કહી શકે. હું નવા ઘઉં જોઈએ છે તે કહી શકું; પણ તે કેમ કરવું તે ઝવેરદાદા જાણે.

ઝવેરદાદા અને અમારું લક્ષ્ય સાવ સાદું હતું. ઘઉંની એક એવી જાત પેદા કરવી જેનું થડ ટૂંકું હોય, ફણગા વધારે હોય, દર ફણગામાં દાણા વધારે હોય, દાણાનું વજન વધારે હોય, પાણી ઓછું માગે. (સૌરાષ્ટ્રમાં તો એ વધારે જરુરી હતું.) ગેરુ જેવા રોગથી મુક્ત રહી શકે, સસ્તું, સોંઘું, નમતું અને ઉધાર જેવી કંઈક અશક્ય વાત હતી; પણ ધુની વૈજ્ઞાનીકને શું શક્ય નથી?અમે એ પણ ઠરાવ્યું કે આ પ્રયોગમાં બને ત્યાં સુધી મજુરની મદદ ન લેવી. વીદ્યાર્થીઓ પાસે જ બધાં કામો કરાવવાં, તેમની તાલીમ તે આ પ્રયોગનો જ એક ભાગ હતો.

ઝવેરદાદા વહેલા કામે ચડે, મોડા કામેથી ઉતરે. અમારી પાસે કોઈ મશીન નહોતાં, અને દાદા કે અમે ઈચ્છતા પણ ન હતા. દશ આંગળીથી જે કુશળતા પ્રાપ્ત થાય તે ખોવાની અમારી તૈયારી ન હતી; એટલે દાણા વાવવાની બધી પુર્વતૈયારી કરવાની. હાથે પાળા બાંધવા, ક્યારીઓ કરવી, અંતર મુજબની લાઈનો દોરવી, દાણા ગણી-ગણીને વાવવા, આખા વાવેતરના નકશા તૈયાર કરવા, તેના નંબરો આપવા,

બધું વીદ્યાર્થીઓએ જ કરવાનું. તેની ઉગવાની તારીખ, ફણગા કુટવાની તારીખ, ફણગાની સંખ્યા, ફુલ આવવાની, પાકવાની બધી તારીખો, કયારીએ ક્યારીએ જાતેજાતે જઈને નોંધવાની. પાણ-પાણીની અસરો જોવાની, પાકયા પછી દરેક છોડ નોખો ખેંચવાનો, હારોહારની સંખ્યા નોંધી, પુળીઓ બાંધવાની, દરેક પુળીએ પટ્ટી ચોડવાની; આ બધા છોડના દાણા હાથે ઠીંકરું લઈ, ઘસીને કાઢવાના. દાણાનું વજન, સંખ્યા, કોથળીઓ બધું અલગ. અને આવા છોડ કેટલા?60થી 80 હજાર! આ બધું થયા પછી અભ્યાસ શરુ થાય. રંગ, વજન, આકાર, સંખ્યા, કેટકેટલો અભ્યાસ! રાત--દીવસ તે ચાલ્યા જ કરે. પચાસ-સાઠ વીદ્યાર્થીઓ હારબંધ બેઠા હોય. આ બધું થઈ ગયા પછી તારણો. ઘણી નીષ્ફળતા, થોડી સફળતા કે સફળતાની આશા પછી નવી પસંદગી કે બીજે વર્ષે સંકરણ કરવાની શાસ્ત્રાધારે વીચારણા.

એક-બે વર્ષ નહીં; અગીયાર વર્ષ તો રાહ જોવાની! સાત પેઢી થાય ત્યારે ગુણ, લક્ષણો સ્થીર થાય. 7 વર્ષ- 84 મહીના- 2520 દીવસ - આંખે એરંડીયું આંજીને જોયા કરવાનું. સાતમા વર્ષે પસંદ કરેલી જાત, જુદાં જુદાં હવામાન, વર્ષાવાળાં રાજયનાં કેન્દ્રોમાં મોકલવાની. ત્યાંના અખતરાનાં પરીણામોની ધબકતા હૈયે રાહ જોવાની. આખરે એક દીવસ ખબર આવી કે લોકભારતીની એક જાત બીજી બધી જાતો કરતાં પશ્ચીમ ભારતમાં આગળ આવ્યાનું સીદ્ધ થયું છે. મેં ઝવેરદાદાને

કહ્યું, 'આપણે આનું નામ ‘ઝવેર-1’ પાડીએ. ઝવેરદાદા કહે, ‘ના, રે, ના. ભુલેચુકે એવું કરતા.’ જોરથી માથું ધુણાવીને કહે, ‘ના, એવું બને જ નહીં, આનું નામ ‘લોકભારતી-1’ રહેશે.’ ઘણી સમજાવટ કરી જોઈ. આખરે એ વૈજ્ઞાનીક તપસ્વી પાસે હું હાર્યો. જાતનું નામ ‘લોક-1’ રહેશે એમ ઠરાવ્યું. ઝવેરદાદાનું અમે ભારે હોંશથી સન્માન કર્યું. માનપત્ર વાંચ્યું. (શાલ ઓઢાડી). રોકડા હજાર રુપીયાનો થાળ મેં એમના પગે ધર્યો. ઝવેરદાદાએ થાળીને હાથ લગાડી રુપીયા પાછા આપ્યા. જેણે કાંઈ લીધું જ ન હતું- જાતે જ ઘસાયા હતા, રાત-દીન ટાઢ-તડકો જોયાં નહોતાં, તેને આ હજાર રુપીયાનું શું મુલ્ય! અમારા ઉત્સાહનો પાર ન હતો પણ એમને મન તો કામ હજી બાકી જ હતું. એમનું ધ્યેય હતું વીંઘે 100 મણ ઉપજ આવે તેવી જાત શોધવાનું. ‘લોક-1’ વીંઘે 50 મણ થઈ શકતા હતા. અડધી મજલ કપાઈ હતી. થોડી વધુ કપાઈ પણ છે.

ભોપાલના સરકારી કેન્દ્રના ઘઉં-સંશોધનનીષ્ણાત શ્રી ઉપાધ્યાય એક વાર આ કામ જોવા આવ્યા. બધું જોતાં કહે, ‘આવી સામગ્રી તો અમારી પાસે પણ નથી. તમે કેટલું ખર્ચ કરો છો આની પાછળ?’ મેં કહ્યું, ‘વર્ષે દહાડે દસેક હજાર. તમારે આ કામ કરવું હોય તો કેટલું ખર્ચ થાય?’

‘લાખ દોઢ લાખ સીવાય આવું ન બને.’ ‘લોક-1’માંથી લોક 1-2-3-4-5-6-7-8-9 જાતો આવી. હજુ પણ કામ ચાલે

છે. આ લખું છું ત્યારે જ ભલાણી મને ખબર આપે છે કે આપણી લોક-4 જાત પ્રાદેશીક અખતરામાં બીજા નંબરે આવી છે. ‘લોક-1’ પહેલા નંબરે જ રહી છે. ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશની બધી નવી મુકાયેલી જાતો કરતાં ‘લોક-1’ આગળ છે - તેની બાજુમાં બીજા નંબરે લોક-4 છે અને લોક-7 દેશની પ્રાથમીક અખતરાની તપાસમાં પ્રથમ નંબરે આવી છે અને ‘લોક-1’ કરતાં 11 ટકા વધુ ઉત્પાદન આપ્યું છે.

ગુજરાત નવનીર્માણ વખતે અમારે ત્યાં હડતાળ પડી નહોતી; રોજીન્દુ કામ ચાલતું હતું એટલે નવનીર્માણના કોઈ વીદ્યાર્થી આગેવાનોએ અમારા વીદ્યાર્થીઓને બંગડીઓ ભેટ મોકલી. અમારા વીદ્યાર્થીઓએ વીચાર કરીને તેમને પ્રત્યુત્તર રૂપે ઘઉંની ડુંડી ભેટ મોકલી.

શબ્દશક્તીની ગુણવત્તાને ચાહનારા એક માણસની રાહબરી નીચે આ બન્યું તે મારા માટે પરમ સંતોષનો અમી ઓડકાર હતો.

– મનુભાઈ પંચોલી ‘દર્શક’

લેખકના પુસ્તક ‘સદ્ભી:સંગ’ –સ્મૃતીકથામાંથી સાભાર...

(લોકભારતી– સૌરાષ્ટ્રમાં આવેલી, નયી તાલીમની પ્રસીદ્ધ શીક્ષણસંસ્થા; ડૉ. ઝવેરભાઈ–ઝવેરભાઈ હ. પટેલ; લોથું – જુવારનું કણસલું )

મનુભાઈના દીકરા શ્રી. રામચન્દ્રભાઈ પંચોલીએ ‘સન્ડે ઈ–મહેફીલ’માં આ લેખ પ્રકાશીત કરવા માટે સસ્નેહ પરવાનગી આપી એ બદલ એમનું ઋણ વ્યક્ત કરું છું...ઉત્તમ ગજ્જર..

સમ્પર્ક: શ્રી રામચન્દ્રભાઈ પંચોલી, લોકભારતી, સણોસરા–364 230 સૌરાષ્ટ્ર, ફોન: 02846- 283 311 મોબાઈલ: 98791 09410

## ‘થોડી વીશેષ પ્રસાદી’... ‘દર્શક’ની સમર્થ કલમની...

આમન્ત્રીતો આવી ગયા. યવનસામન્ત ને તેના સાગરીતો બરાબર બનીઠનીને આવ્યા હતા.

શક–સરદારોએ પણ સુઘડ દેખાવામાં કાળજી રાખી હતી. માત્ર મૈનેન્દ્ર રોજના કરતાં ઉલટો સાદો દેખાતો હતો. એણે પાસે કોઈ હથીયાર રાખ્યું નહોતું. પાદત્રાણ પણ આવાસે મુકીને અડવાણા પગે જ આવ્યો હતો. ઐલને જોતાં જ એ દંડવત્ પડી ગયો.

‘મૈનેન્દ્ર, તું તો હવે બહુ મોટો થઈ ગયો!’ એને ઉભો કરતાં મહર્ષીએ સ્નેહથી કહ્યું. શક–સરદારો પણ એમના ક્ષત્રપને યથારીતી અનુસર્યા. યવન સામન્તને પણ ન–છુટકે અનુસરવું પડ્યું.

મૈનેન્દ્ર અને એના સરદારોની પંક્તી એક રાખી હતી. અન્ય સૌ સામી પંક્તીમાં બેઠાં હતાં. થોડી વારે અંદરથી પીરસાઈને થાળ આવવા માંડ્યા. સૌને નવાઈ લાગી કે શક–

સરદારોના થાળમાં ભોજનસામગ્રીની જગ્યાએ રત્નો અને સુવર્ણ–રજતના કટકા પીરસ્યા હતા! અન્ય સૌના થાળમાં હતો કંસાર. શક–સરદારોએ પહેલાં તો ભોજનની સાથે આ ભેટ તરીકે હશે એમ ધાર્યું; પણ બધાંને પીરસાયું છતાં એમના થાળમાં કશું જ બીજું ન આવ્યું ત્યારે વીચારમાં પડ્યા. ત્યાં તો ઐલે કહ્યું:

'હાં, શરુ કરો જમવાનું!'

રાંધણીયામાંથી બે હાથમાં રત્ન તથા સુવર્ણથાળ લઈને શોભનમુખ કૃષ્ણા બહાર આવી. મૈનેન્દ્રને લાગ્યું કે કૃષ્ણાની આજની શોભા આગળ રત્નો ફીક્કાં હતાં. એક પછી એક થાળમાંથી રત્નો અને સુવર્ણ પીરસાયાં.

'હાં, શરુ કરો!' ઐલે ફરી કહ્યું. કૃષ્ણા હોઠ દબાવી હસતી હતી!

એક સરદારે કહ્યું: 'આમાં શું ખાય?'

'કેમ આપને જે રુચે તે – રત્ન, હીરા, પોખરાજ, સુવર્ણ!'

'એ તે ખવાતું હશે?'

'એ નથી ખવાતું તમારે ત્યાં?આ શું કહે છે, મૈનેન્દ્ર? તમે સુવર્ણ–રજત ખાતા નથી?'

'અમે તમારી જેમ અન્ન જ ખાઈએ છીએ.'

ઐલે જાણે માનતા ન હોય તેમ ડોકું ધુણાવ્યું : 'બને નહીં!'

પછી ગમ્ભીર થઈને કહે : 'તમારે ત્યાં વરસાદ વરસે છે?'

'હા, હા! આપણે ઢંકાઈ જઈએ તેવડું ખડ ઉગે છે.' એક વૃદ્ધે કહ્યું.

નીસાસા મુકીને થોડી વારે ઐલે પુછ્યું : 'તો તમારે ત્યાં ગાયો છે ખરી?'

એક વૃદ્ધે હસીને કહ્યું : 'આપ શું ધારો છો?તમારા જેવી જ ધરતી, ગાયો, મેઘ ને મેદાનો છે અમારે ત્યાં.'

ઐલે વધુ મોટો નીસાસો નાખીને કહ્યું : 'હં... હવે સમજ્યો!' મૈનેન્દ્ર ગુરુની રીતથી સાવ અપરીચીત નહોતો. એ સમજ્યો – મહર્ષી કંઈક ઉપદેશવા જ માગે છે. એણે હાથ જોડીને કહ્યું : 'અમે બધા સાવ જડસુ છીએ. સુત્રમાં કહો તે અર્ધ પશુઓને નહીં સમજાય.'

ઐલે શક–સરદારોની સામે જોઈને કહ્યું :

'મેં જ્યારે સાંભળ્યું કે તમે ગામો બાળતા, લોકોને પીડતા, લક્ષ્મી લુંટતા ફરો છો ત્યારે ધાર્યું કે તમારે ત્યાં સોનું–રુપું ખાવાનો ચાલ હશે. મેં પુછ્યું કે તમારે ત્યાં ગાયો છે? – તમે હા કહી ત્યારે મને સમજાયું કે ભગવાન તમારા જેવાને ત્યાં શું કામ વરસાદ વરસાવે છે?વરસાદ વરસે છે તે તમારે માટે નહીં; પણ પેલી અબોલ ગાયો માટે – તમે તો ભગવાનની દયાને પાત્ર નથી.'

ઐલના ગમ્ભીર અવાજમાં આજે પુણ્યપ્રકોપ દેખાતો હતો. આશ્રમનાં વૃક્ષો પાદડું હલાવ્યા સીવાય એમને સાંભળતાં હતાં. સામેની ગૌશાળાની ગાયોએ પણ જાણે એ તરફ કાન માંડ્યા હતા. મૈનેન્દ્ર જાણે એ વેણે વેણે ઘવાતો–પીડા પામતો ને વારે વારે પુનર્જીવન પામવા મથતો હતો. ઐલ બોલી રહ્યા ને ચીત્રલેખા જેવી કૃષ્ણાના હાથમાંથી ખણ ખણ ખણ કરતા બન્ને થાળ છુટી પડ્યા. સુવર્ણ, રજત અને રત્નો ચારે બાજુ ધુળમાં રોળાયાં!

મૈનેન્દ્રને તે દીવસે ખાતરી થઈ કે આર્યાવર્ત જીતવો સહેલ હતો; પણ આર્ય સંસ્કૃતીને હરાવવી મુશ્કેલ હતી.

–મનુભાઈ પંચોલી ‘દર્શક’ની ઐતીહાસીક નવલકથાઓમાં સીમાચીહ્ન રુપ ‘દીપનીર્વાણ’ની સંક્ષીપ્ત શાળોપયોગી આવૃત્તી (પ્રકાશક : આર. આર. શેઠની કંપની, અમદાવાદ ફોન – 079-2550 6573; મુમ્બઈ ફોન – 022-2201 3441 Web – w.w.w.rrsheth.com Email – sales@rrsheth.com પ્રથમ આવૃત્તી– 1968 મુલ્ય – રુપીયા 3 અને 50 પૈસા)ના પાન ક્રમાંક 92-93-94 પરથી, સર્જકના દીકરા શ્રી રામચન્દ્રભાઈ પંચોલીની પરવાનગીથી સાભાર.. અક્ષરાંકન : uttamgajjar@gmail.com

હાલ જ પ્રકાશકને ફોન કરી પુછ્યું તો જાણવા મળ્યું કે આ પુસ્તીકાની બીજી આવૃત્તી થઈ નથી...! મને થાય, મુનશી, મેઘાણી અને મનુભાઈની આવી રત્ન સમી સાહીત્યકૃતીઓની લાખ્ખો નકલો ગુજરાતનાં લાખ્ખો કીશોર–કીશોરીઓના હાથમાં મુકી શકે તેવો કોઈ ભામાશા કે ભામાશા–પ્રકાશક ક્યારેક તો જરુર સાંપડશે.... આમીન... ..ઉત્તમ ગજ્જર..

203 : 24-10-2010

# લઘુકથાઓ

– ડૉ. મોહનભાઈ પટેલ

અનુક્રમણીકા

## ૧. ઠેસ – પાન ૧૩૮

પુત્રવધુ બજારમાંથી કાપડ ખરીદી લાવી અને સાસુને ઉમળકાથી બતાવી રહી હતી. થોડી વાર સુધી કાપડના જુદાજુદા પીસ બતાવ્યા પછી વહુએ જોયું કે સાસુના ચહેરા પર પ્રસન્નતાની કોઈ મહોર અંકીત થતી નથી એટલે એણે કહ્યું, “આમાંથી કોઈ પીસ ન ગમ્યો, મમ્મી?”

સાસુએ જાત સંભાળી લીધી. અને કહ્યું, “કેમ ન ગમે, બધું કાપડ સરસ છે.”

વહુને સાસુના શબ્દોમાં રણકાર જણાયો નહીં એટલે એણે બધા પીસ સંકેલી લીધા અને કબાટમાં મુકતાં મનોમન બોલી, ‘કોણ જાણે શું છે તે કાપડની વાતમાં જ એમનું મોઢું ચડી જાય છે!’

દીકરો ઘણું કમાતો હતો. ગરીબીના કપરા દીવસો કમુબહેન માટે હવે ભુતકાળ બની ગયા હતા. ઘરમાં સુખસગવડનાં સાધનોની ઘણી ખરીદી થતી હતી. એ જોઈને કમુબહેન રાજી થતાં. પણ વહુ જ્યારે મોંઘું કાપડ લઈ આવતી

ત્યારે તેમનું મોઢું પડી જતું. એવે સમયે એમને એક વખત દીકરીની આંખમાં ડળકી ગયેલાં આંસુ યાદ આવી જતાં. દીકરીએ ઉનાળાના વેકેશનમાં રાતદીવસ કપાસનાં કાલાં ફોલીને મજુરીની સારી રકમ એકઠી કરી હતી. જુનમાં કૉલેજ ઉઘડે એ પહેલાં એ આ રકમનું કાપડ ખરીદી લાવી. અને હોંશે હોંશે માને બતાવવા લાગી.

કાપડ બતાવીને દીકરીએ પ્રશ્ન કર્યો, ‘‘કાપડ ગમ્યું, બા?’’

કાપડ ગમવા ન ગમવાની વાત બાજુએ રહી. માએ કહ્યું, ‘‘કાલાંની રકમ તો તારી ફી અને ચોપડીઓ માટે હતી. તું આ શું લઈ આવી?આવું મોંઘું કાપડ આપણને પોસાય?તને ભણાવવાની છે. મોટીને પરણાવવાની છે. ઘરના ખરચા કાઢવાના છે. આપણને આવો વૈભવ ન પોસાય, બેટા!’’

માની વાત સાચી હતી. એની મજુરીની કમાણી પર ઘર નભતું હતું એ દીકરી સમજતી હતી. એટલે તો એનો ઉત્સાહ એકા એક પાણીના તરંગની જેમ વીસર્જીત થઈ ગયો અને એની આંખમાં આંસુ તગી રહ્યાં.

વહુ જ્યારે મોઘું કાપડ ખરીદી લાવતી ત્યારે કમુબહેન રાજી તો થતાં; પણ એમની સ્મૃતીમાં દીકરીવાળો પ્રસંગ તાજો થઈ આવતો અને એમનું મન બોલી ઉઠતું : ‘દીકરી બીચારી

પહેલી વાર કૉલેજમાં પહેરવા સારું કાપડ લઈ આવી અને મુઈ હું એ ન જીરવી શકી!’’

હૈયાની આ ઠેસ કમુબહેનના ચહેરા ઉપર રાજીપો લાવવા ન દેતી. વહુ આ ક્યાંથી જાણે!

## ૨. સ્પર્શ – પાન ૧૩૫

સાંજના રશ અવર્સમાં આ રસ્તાઉપર ટ્રાફીકનું પ્રેશર રહે છે. વાહનોની અતુટ વણઝાર જાણે! એ રસ્તો ઓળંગવા માંગતો હતો; પણ અંધ હોવાને કારણે અધીર થઈને ફુટપાથની ધાર ઉપર ઉભો રહ્યો હતો.

ક્યાંય સુધી એ ઉભો રહ્યો હોત; પણ કોઈ હાથ એના કાંડા પર ચંપાયો. એ સમજી ગયો કે એ હાથ એની મદદ માટે જ આવ્યો છે. એને લાગ્યું કે એ હાથ રુક્ષ નથી. મૃદુ છે. વળી, એકએક કદમને તોલી માપીને પોતાને ખેંચી રહેલા એ હાથ પર બંગડીઓ હોવાનો એને અહેસાસ થયો. એને પુરી ખાતરી થઈ ગઈ કે કોઈ સ્ત્રી એની મદદે આવી છે. સ્ત્રી નહીં; કોઈ અલ્લડ યુવતી જ!

એને થયું, એક વખત જો પોતાનાં આંગળાં એ હાથને સ્પર્શી લે તો એની ઉંમરની ખબર પડે. મન બોલી ઉઠ્યું : ‘અરે, સ્પર્શનીયે ક્યાં જરુર છે?એનાં વસ્ત્રોમાંથી જે મઘમઘાટ નીકળી રહ્યો છે તે એની ઉંમરની ચાડી ખાય છે. વીસથી વધારે નહીં

હોય.’ એ ઈચ્છતો હતો કે અનંતકાળ સુધી રસ્તો ઓળંગવાનું આ કામ ચાલ્યા કરે... એના જીવનમાં કોઈ યુવતીના હાથની આ પહેલી પકડ હતી. હા, હા, સ્પર્શ પણ પહેલો જ!

કેવો મધુર અનુભવ હતો! એક સાથે એના ચીત્ત માં બધાં દ્વાર ખુલી ગયાં. એ સ્પર્શ ત્વચાનાં છીદ્રોમાં પ્રવેશીને રુધીરમાં ફરવા લાગ્યો. આખું શરીર ઉષ્ણતા ધારણ કરી રહ્યું.

પણ રસ્તો તો ઝટ્ટ પુરો થઈ ગયો! ફુટપાથ આવતાં જ પેલી પકડ છુટી ગઈ. આભાર માનવાના બહાના હેઠળ એ પેલી યુવતીના બન્ને હાથ પકડી લેવા ઈચ્છતો હતો. પણ હવે શું?હાથ છુટી ગયો હતો. એણે કહ્યું, ‘‘આભાર. મારે માટે તકલીફ લેવી પડી!’’

‘‘તકલીફ શાની? એ તો ફરજ હતી!’’ આટલા શબ્દો પછી બોલનું અસ્તીત્વ જાણે હવામાં ઓગળી ગયું.

કોઈના અવાજને રુપાની ઘંટડી સાથે સરખાવવાની વાત તો એણે સાંભળી હતી. આજે એની પ્રતીતી થઈ. એને થયું – આ અવાજ પણ ઉમ્મરની ચાડી ક્યાં નથી ખાતો?યુવાનીથી ફાટફાટ થતું વીસમું વરસ જ જાણે!

એ ચાલતો રહ્યો. એના કરતાં એનું ચીત્ત વધારે ચાલી રહ્યું હતું. ચાર રસ્તા આવતાં એણે વળાંક લીધો. હવે ટ્રાફીકનું દબાણ ઘટ્યું હતું. મોકળાશ વધી હતી. થોડા અંતર પછી તો એનો પરીચીત વીસ્તાર આવ્યો.

અહીં પણ એક રસ્તો ઓળંગવો પડે એમ હતો. પણ એ કામ મુશ્કેલ નહોતું. ઘણી આસાનીથી આ રસ્તો એણે ઓળંગ્યો હતો, અનેક વાર.

એણે રસ્તા પર પ્રવેશ કર્યો. અને ત્રણ ડગલાં ભર્યાં, ત્યાં તો કોઈ રાહદારીનો તીણો અવાજ સંભળાયો :‘એ...એ...એ ગયો!’

અને એક જીવલેણ અકસ્માત સર્જાઈ ગયો.

## 3. છાપું – પાન ૧૧૩

શેખમહમદની નજર છાપાને ઢુંઢી રહી હતી.

ભગવાનગઢનો આ રસીયો જીવ મારી દુકાનમાં છાપું આવે કે તરત જ તરાપ મારતો. એકબીજાના હાથમાંથી વર્તમાનપત્ર ઝુંટવી લઈને વાંચીએ એવા મીત્રો અમે હતા. પણ આજે તો છાપું માગવાની એ હીમ્મત નહોતો કરતો. આદીવાસીઓના આ નાનકડા ગામમાં બીજું છાપું પણ આવતું નહોતું.

આજનું સમાચારપત્ર તો... ( ભગવાન મહેર કરે...) એના આવ્યા પહેલાં મેં છુપાવી દીધું હતું. આવીને એ બાંકડે બેઠો. આડીઅવળી વાતો કરતો હતો; પણ એની તેજીલી આંખો છાપું ખોળી રહી હતી.

હુંય છાપું વાંચવા તો તલપાપડ હતો. પેપર વાંચવાની મારી અધીરાઈથી મારું અંતર વલોવાઈ રહ્યું હતું. પણ શેરમહમદ ઉઠીને જાય તો ને?એની હાજરીથી હું ભારે બેચેની અનુભવી રહ્યો હતો.

થોડી વાર એકલો પડશે તો ચાલી જશે એમ માની કામને બહાને હું અંદર ગયો ને ખુણામાં પડેલા ગુન્દરના ઢગલામાંના થોડા ગાંગડા આમતેમ ફેરવવાનો મેં પ્રયત્ન કર્યો; પણ મારી અધીરાઈ વધતી જતી હતી. બન્ધ બારીના કાણામાંથી મેં શેરમહમદ તરફ જોયું. કબાટ પાછળથી છાપું કાઢી લઈને એ આખું પેપર ઘટક ઘટક પીવા મંડી ગયો હતો.

બહાર નીકળવાની આગાહી રુપે મેં થોડો ખખડાટ કર્યો એટલે એણે છાપું મુળ સ્થાને મુકી દીધું અને સ્વસ્થ થઈ જવાનો દેખાવ કર્યો.

બે મીનીટ માટે પણ એ અંદર જાય તો વચલાં પાનાંનાં હેડીંગ જોઈ લેવાય એ ખ્યાલથી મેં એને કહ્યું :‘જોને શેરમહમદ, અંદર પડેલો માલ ફર્સ્ટ ગ્રેડમાં ચાલે એવો છે કે કેમ?’

પણ બેચાર મથાળાં પર નજર ફેરવું એ પહેલાં તો એ કમબખ્તનો અવાજ છેક બારણા પાસે આવ્યો : ‘ બધો થર્ડ ગ્રેડનો માલ છે ફોરેઈન નહીં જાય.’ મેં ઈસ્કોતરા નીચે છાપું સરકાવી દીધું.

ફરીથી એ બાંકડા પર બેઠો. પુરી તક મળ્યા વીના હવે આ અહીંથી ઉઠવાનો નથી એવી ગણતરીએ એને, ‘તું બેસજે; હું હમણાં આવું છું’ કહી બહાર વાડ પાછળ જઈ હું વીસેક મીનીટ બેસી રહ્યો.

એ વીસ મીનીટ મેં ભારે પરીતાપમાં પસાર કરી. વર્તમાનપત્રના સમાચારો નજરે પડતાં મારું હૈયું બેસી ગયું હતું. શેરમહમદનો જીવ પણ ઉંચો થઈ ગયો હતો એ હું સમજી શક્યો હતો.

હું દુકાનમાં આવ્યો એટલે શેરમહમદ ઝડપથી ચાલ્યો ગયો.

મેં છાપું ઉઘાડયું.

વર્ષો જુનાં કારમાં બન્ધન તુટ્યાં પછી મુક્તીનો ઉલ્લાસ માણવા ટાણે પ્રજાની બે કમનસીબ કોમો, લોહીની નદીઓમાં તણાવા લાગી હતી. આખું છાપું કોમી હુલ્લડોના સમાચારથી ખરડાયેલું હતું.

## ૪. પાચ લાગણ – પાન ૧૦૮

દીકરાના કાગળમાં પહેલેથી છેલ્લે સુધી ખુશીસમાચાર હતા તો પણ ડોસા ગમગીન થઈ ગયા, એ

પત્નીએ જોયું. ક્યાંય સુધી કાગળ હાથમાં ઝાલીને બેસી રહ્યા એટલે એણે પુછ્યું, ‘‘શા વીચારમાં પડી ગયા છો?’’

‘‘કંઈ નહીં’’ કહી ડોસાએ સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો.

‘‘તો પછી કામે વળગો ને!’’

ડોસા ઉભા થયા અને એમની કાયમની ટેવ પ્રમાણે કાગળ ખુબ જતનપુર્વક પેટીમાં મુકતાં પહેલાં ફરી એક વખત એને ધ્યાનથી જોઈ રહ્યા : પેન ઉપાડ્યા વીના અક્ષરો અને શબ્દોના અંકોડા ભરાવીને લખાયેલી પાંચ લીટીઓ સાંકળની પાંચ સેર જેવી લાગતી હતી : પહેલી બે લીટીઓમાં નામાવલી હતી અને બાકીની ત્રણમાં ખુશીના સમાચાર હતા.

ડોસાની નજર ફરી ફરીને પેલાં નામવાળી લીટીઓ તરફ જતી હતી.

પત્નીથી ન રહેવાયું. ઓસરીમાં આવીને બોલી : ‘‘આજ તમને થયું છે શું?વાંચ્યા પ્રમાણે કાગળમાં સમાચાર તો ખુશીના છે ને?’’

‘‘સમાચાર તો ખુશીના જ છે.’’

‘‘ત્યારે વારેવારે આમ કાગળ સામે કેમ જુઓ છો?’’

પત્નીના મનનું સમાધાન કરવા ખાતર જ એમણે જવાબ આપ્યો : ‘‘દીકરાને ખુબ કામ પહોંચતું લાગે છે. ધરાઈને સમાચારેય લખતો નથી.’’

પત્નીના મનનું સમાધાન થઈ ગયું. એ બોલી : “એને શ્વાસ લેવાની ફુરસદ નથી; તોય સંભારીને વખતસર કાગળ લખે છે એટલું થોડું છે?”

પણ ડોસા શાંત થાય એમ નહોતા. એમની નજર વળીવળીને પેલી નામાવલી તરફ જતી હતી. કાયમની ટેવ પ્રમાણે એણે બીજાં નામની સાથે આઠ–દસ મહીના ઉપર ગુજરી ગયેલા દીકરાનું નામ પણ લખ્યું હતું! મુએલા દીકરાનું સહેજ સ્મરણ થતાં જ ડોસાનું હૈયું ખળભળી ઉઠતું હતું ત્યારે આને લખતી વખતેય કંઈ ન થયું!

યાન્ત્રીક ઢબથી લખાયેલા આ કાગળમાં દીકરાનું હૃદય નહોતું એ ડોસા આજે પારખી ગયા હતા.

## ૫. ગતીભંગ – પાન ૧૧૭

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને તેની વહુ ઉભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. પત્નીનો પાછળ પાછળ આવવાનો અણસાર મોળો પડી જતાં ડુંગરે પાછળ જોયું. પત્ની રસ્તા પર નજર ફેરવતી ધીમી પડી રહી હતી. “શું ખોળે છે?”

“કંઈ નહીં” પત્નીએ જવાબ આપ્યો ને ઝડપથી પગ ઉપાડવા પ્રયત્ન કર્યો. થોડાં ડગલાં ચાલ્યા પછી વળી એનો વેગ મન્દ પડી ગયો.

“આમ ગાંડાની માફક અડવડીયાં શું ખાય છે?” ડુંગર ગુસ્સે થયો: “દીવસ આથમવા આવ્યો; આમ કર્યા કરીશ તો રસ્તામાં જ અંધારું થઈ જશે, કાં તો!”

પત્ની થોડાં ડગલાં આગળ ચાલી ખરી; પણ પછી તો એ બેસી પડી.

પાછો ફરીને ડુંગર પાસે આવ્યો. : ‘તેં આજ ધાર્યું છે શું?ગાડી ચુકી જઈશું તો નહીં ઘરનાં કે નહીં ઘાટનાં એવી દશા થશે. રાત કાઢીશું ક્યાં?’ પત્ની કશું જ બોલી નહીં. ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધુળ પર પસારી રહી હતી. ‘જોયું?’ એ બોલી.

‘શું? મને તો કંઈ દેખાતું નથી!’

પત્ની આંગળીનો છેડો છેક જમીન સુધી લઈ ગઈ. એક ઘાટીલી પગલીની છાપ એ બતાવી રહી હતી : ‘ આપણી બબલીની જ પગલી જાણે! હું તો ક્યારનીય આ પગલીઓ જોયા જ કરતી આવું છું... બરોબર એ જ પગલું... આંગળાંની બોર જેવી જ છાપ...’

‘ગાંડી, એવાં પગલાં તો ઘણાંય હોય. લે ચાલ, મોડું થશે.’ બાળકનાં પગલાંની છાપ જોઈ, મૃત સન્તાનની હાલી ઉઠેલી સ્મૃતીથી ડગી ગયેલી પત્ની પ્રત્યે સહાનુભુતીનો બોલ પતીએ કાઢ્યો.

પત્ની બેસી જ રહી. એ બોલી : 'ખેતરે જતાં ને આવતાં આગળ આગળ દોડી જતી બબલીની પગલીઓ મારે હૈયે જડાઈ ગઈ છે. આ એ જ પગલી...' પગલીના બીબામાં પત્નીની નજર ભળી હતી.

ડુંગર એક વાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો અને પછી પોતાની નજર ગગનના કોઈ માર્ગ તરફ વાળી લીધી. બન્ને જણ સ્થીર થઈ ગયાં.

લાકડીના ટેકે ગગન તરફ મોં કરીને ઉભા રહી ગયેલા પતીને જોઈને પત્ની સાવધ બની ગઈ. એણે કહ્યું : 'લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ... ગાડી ચુકી જઈશું.'

અને બન્ને જણે વળી બમણા વેગથી ચાલવા માંડ્યું.

ડૉ. મોહનભાઈ પટેલ

સમ્પર્ક: મોહનભાઈ પટેલ, 501/21, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, અમદાવાદ–380 015 ફોન: 079-2686 2598

લેખકના પુસ્તક 'લઘુકથા : સ્વરુપપરીચય' (પ્રકાશક અને પ્રાપ્તીસ્થાન–મોહનભાઈ પટેલ, 501/21, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, અમદાવાદ–380 015, પ્રથમ આવૃત્તી: 2007, મુલ્ય: 100 રુપીયા, પૃષ્ઠ: 160)માંથી લેખકશ્રીની પરવાનગીથી સાભાર...ઉત્તમ ગજ્જર

@@@

204 : 07-11-2010

# ગઝલ–અનીલ

-અનીલ ચાવડા

અનુક્રમણીકા

.1.

કોઈ અડક્યું તો કમાલ થઈ ગઈ,
ભીતર ધાંધલધમાલ થઈ ગઈ!

કોઈ આંખ જો ભીની થઈ તો,
કોઈ આંગળી રુમાલ થઈ ગઈ.

પંખીએ બે ટહુકા વેર્યા,
હવા બધીયે ગુલાલ થઈ ગઈ.

ડાળે ડાળે શુભ સંદેશા,
ઋતુઓ જાણે ટપાલ થઈ ગઈ.

ઝાકળની જ્યાં વાત કરી ત્યાં,
સુરજ સાથે બબાલ થઈ ગઈ.

.2.

એકદમ ગંભીર એવા હાલ પર આવી ગયા,

ડુસકાંઓ પણ બરાબર તાલ પર આવી ગયાં.

કોઈ બીલ્લી જેમ ઉતરી પાંપણો આડી છતાં,
આંસુ રસ્તાને વટાવી ગાલ પર આવી ગયાં.

એમણે એવું કહ્યું: જીવન નહીં શતરંજ છે,
તો અમે પાછા અમારી ચાલ પર આવી ગયા.

શું હશે?સાચ્ચું હશે?અફવા હશે?કે શું હશે?
સર્વ રસ્તા એકદમ દીવાલ પર આવી ગયા.

.3.

વાત છે લોહી ઉડ્યું એ છાંટણાંની,
ત્યાં ગણતરી શું કરું હું આંકડાની?

બોલ, હે ઈશ્વર! મને કંડારવામાં,
આંગળાની ભુલ છે કે ટાંકણાની?

સાવ સુક્કાં વૃક્ષ જેવું મોં કરીને,
પાંદડાંની વાત કે' છે પાંદડાંની?

વૃદ્ધથી રડવું જ રોકી ના શકાયું,
વાત જ્યારે નીકળી બાંકડાની.

www.gujaratilexicon.com

એક માણસ નામની કુટી છે શીશી,
ને ભરાણી છે સભાઓ ઢાંકણાંની.

.4.

છેક પે...લ્લે પારથી આવેલું તેડું હોય,
ગામમાં મારી વ્યથાનું કુલેકું હોય.

એમ પીડાઓ બધી બેઠી છે જીવન પર,
કોઈ પંખી પર ચડીને ઝાડ બેઠું હોય.

કેં યુગોથી ચુકવે પર્વત નદી રુપે,
એની પર દરીયાનું જાણે કોઈ દેવું હોય.

નોકરીએ ક્યારનું લાગી ગયું છે એ,
દુ:ખ મારામાં રહે, બેકાર શેનું હોય?

જોઈ ઈશ્વરનો ચહેરો એમ લાગે છે,
કે જીવન જાણે પરાણે ના દીધેલું હોય!

.5.

આવ્યા અમે ફરીથી એવી સવાર લઈને,
કે થઈ ગયો છે સુરજ છુટ્ટો પગાર લઈને.

તું નીકળે અહીંથી રસ્તો જ હું બની જઉં,

બેઠા ઘણાં વરસથી આવો વીચાર લઈને.

જાતે પસંદ કર્યો છે આ રોગ, મેં જ મારો,
હું શું કરું તમારી આ સારવાર લઈને?

હું દરવખત થયો છું લોહીલુહાણ એવો,
તું દરવખત મળે છે કૈં ધારદાર લઈને.

ટીપાંઓ નીકળ્યાં છે કાંધે મને ચડાવી,
ને આંસુઓની પાછળ લાંબી કતાર લઈને.

.6.

જો બારણું તુટે, તો સરખું કરાય પાછું,
વાતાવરણ એ ઘરનું, ક્યાંથી લવાય પાછું?

ગઈકાલ જ્યાં વીતી ગઈ એ ઓરડો નથી કૈં,
કે મન થતાં જ એમાં ચાલ્યા જવાય પાછું.

હો વૃદ્ધ કોઈ એને દુધીયા જો દાંત ફુટે,
તો શક્ય છે કે બાળક જેવું થવાય પાછું.

કરમાઈ જે ગયું છે એ પુષ્પને ફરીથી,
એના જ મુળ રુપે ક્યાંથી લવાય પાછું?

નીશ્ચય કરીને ગ્યા છો તો પાર પાડી આવો,
આ સાવ હાથ ખાલી લઈને અવાય પાછું?

એવી જગાએ આવી થંભી ગયા છીએ, કે
જ્યાં ન વધાય આગળ, કે ના વળાય પાછું!

.7.

અધીરો છે તને ઈશ્વર બધુંયે આપવા માટે,
તું ચમચી લઈને ઉભો છે, દરીયો માગવા માટે.

નયનના કોઈ ખુણામાં પડ્યું છે ધાન આંસુનું,
અમે એમાં મુક્યાં છે સ્વપ્ન કાચાં, પાકવા માટે.

કર્યું છે એક ચપટીમાં જ તેં આખુંય જંગલ ખાક,
ન ગમતા એક એવા પાંદડાને કાઢવા માટે.

સરોવરમાં જઈને નાખ કે જઈને નદીમાં ફેંક,
ફક્ત ખાબોચીયાં છે આ બધા તો, ખારવા માટે.

કયો છે સ્વાદ કોના ભાગ્યમાં; ના જાણતું કોઈ,
બધાને ઈશ્વરે જીવન દીધું છે, ચાખવા માટે.

.8.

કોઈ વીંટી જેમ અંગત એક ઘાવ પ્હેર્યો છે મેં,

આવ, કે વર્ષોથી આ તારો અભાવ પ્હેર્યો છે મેં.

દુ:ખની ના એક પણ રેખા જરાય જોવા મળે,
એમ આ ચ્હેરા ઉપર મારો સ્વભાવ પ્હેર્યો છે મેં.

કેમ ઉતારી શકું અદૃશ્ય વસ્ત્ર?સમજાવ તું,
એકદમ ભીતરથી આ તારો લગાવ પ્હેર્યો છે મેં.

હાથ મેં તારો ચુમ્યો, હું સાવ રેશમી થઈ ગયો,
એક રેશમ જેવો સુંદર બનાવ પ્હેર્યો છે મેં.

જો અહીંથી કાઢવામાં આવશે તો હું ક્યાં જઈશ?
ચામડી અંદર સતત તારો પડાવ પ્હેર્યો છે મેં.

.9.

છોડ દીવાને; પહેલાં તું મને પ્રગટાવને,
આવવા તૈયાર છું રસ્તો જરા બદલાવને!

પ્રેમની વ્યાખ્યા કરે છે એક માણસ ક્યારનો,
તું જરા એને ખુણામાં લઈ જઈ સમજાવને!

ભાઈ ખાલીપા! હજીયે કોઈ પણ આવ્યું નહીં,
તું જ ઘરની બ્હાર જઈને બારણું ખખડાવને!

આંસુ આંખોના પ્રવાહી થઈ ગયેલા શબ્દ છે,
ચાલ નવરો હોય તો થોડી લીપી ઉકલાવને!

ક્યાં સુધી હું આભ સામે જોઈને બેસી રહું?
તું હવે વરસાવતો જો હોય તો વરસાવને!

.10.

મસ્ત બનીને આજ ફકીરા, ચાલો રમીએ મીરાં મીરાં,
અંગ અધીરાં શ્વાસ અધીરા, ચાલો રમીએ મીરાં મીરાં.

ગોકુળથી લઈ મથુરા, મથુરાથી મેવાડ લગી જે વ્હેતા,
એ સુર બધાયે લીરે લીરા, ચાલો રમીએ મીરાં મીરાં.

ગીત–ગીતમાં, પ્રીત–પ્રીતમાં, રીત–રીતમાં અજબ–ગજબની,
છાની છલકે એક મદીરા, ચાલો રમીએ મીરાં મીરાં.

મોરપીંછની કલગી સાથે રંગ–રંગનાં સમણાં મારાં,
સઘળાં બોલ્યાં ધીરાં ધીરાં, ચાલો રમીએ મીરાં મીરાં.

રોમરોમમાં આજ અચાનક લાગ્યું એવું તીણું તીણું,
રણક્યાં છાતી વચ મંજીરાં, ચાલો રમીએ મીરાં મીરાં.

–અનીલ ચાવડા–

કવી–સમ્પર્ક : B-24, પુજા એપાર્ટમેન્ટ, રાણીપ બસ સ્ટેન્ડ પાસે, રાણીપ, અમદાવાદ–

380 080 Mobile- 99256 04613 e-mail:

anilchavda85@rediffmail.com

(પાંચ કવીઓના સંયુક્ત ગઝલ સંગ્રહ ‘વીસ પંચા’માંથી સાભાર...પ્રકાશક: ડીવાઈન પબ્લીકેશન્સ, 30, કૃષ્ણ કોમ્પ્લેક્સ, જુનું મૉડેલ સીનેમા, ગાંધી રોડ, અમદાવાદ–380 001, પ્રથમ આવૃત્તી: 2009, પૃષ્ઠ: 110, મુલ્ય: રૂ. 60)

•••

205 : 21-11-2010

# સાસુની મથરાવટી મેલી હોય છે એટલે...

- વીનોદ ભટ્ટ

અનુક્રમણીકા

મારા એક સ્નેહીની પુત્રીએ ફરીયાદભર્યા અવાજે મને કહ્યું કે, “વીનોદ અંકલ, લગભગ બધા જ લેખકો વહુઓને જ સુધરવાની શીખામણ આપતા હોય છે; પણ અમારું નસીબ પેલી ‘ઈવ’ જેવું સારું નથી કે જેને સાસુ નહોતી. સાસુ જાણે દેવની દીકરી હોય એમ એને તો સુધરવાનાં બે વેણ પણ કોઈ કહેતું જ નથી! સુધરવાની સઘળી જવાબદારી પુત્રવધુની જ છે? સાસુની કોઈ જવાબદારી જ નથી! દાનેશ્વરી કર્ણની જેમ વહુને દીકરો આપી દીધો એટલે વાતવાતમાં વહુને લડવા–વઢવાનો, ધમકાવવાનો ને ચેન્જ માટે વહુને બાળી મુકવાનો અધીકાર પણ સાસુને આપોઆપ મળી જાય છે?આ સાસુઓને પણ આપવા જેવી બેચાર સલાહો તમારા જેવાઓએ આપવી જોઈએ...” આ દીકરીનું કહેવું ખોટું છે એમ કહેવુંય જો કે સાવ ખોટું છે; પરન્તુ નવોદીત વહુને કુમળા છોડની જેમ ધારીએ તેમ વાળી શકાય; કીન્તુ ઝાડના થડને ધારીએ તેમ વાળવા જતાં તેને વાળવા જનાર જ બેવડો વળી જશે. પાકા

ઘડે કાંઠા ચડાવવાનું કામ કેટલું કપરું છે એની તો ઘડો બનાવનારને જ ખબર પડે. છતાં ભલે, તો આજે સાસુને સુધારવા માટે બે વાત એના કાનેય નાખીએ. જો કે તેને સુધરવાની ગેરંટી તો ખુદ સાસુય આપી શકશે કે કેમ એની આગાહી કરવી મુશ્કેલ છે; કેમ કે એક મા લેખે તેનો ત્યાગ અમુલ્ય છે. પાળી પોષીને બાવીસ--પચ્ચીસ વર્ષનો કરેલ દીકરો, ઘડીના છઠ્ઠા ભાગમાં પારકી જણીના ચરણે ધરી દેનાર માને આપણે કહી કહીને કેટલું કહી શકીએ!

*******

મંજુબહેન, એક અજાણી છોકરી કે જેણે તમને કાળા યા ધોળા, સ્વપ્નમાંય જોયાં નથી એ તમારા ઘરમાં પેસતાં જ તમને મમ્મી કહેવા મંડી જાય છે. પોતાનાં સગાં ભાઈબહેનોને છોડીને આવેલી એ દીકરી, તમારાં અન્ય સંતાનોને દીયર, જેઠ, નણંદ બનાવી દે છે. બાપના નામની અટકને તડકે મુકીને તમારા પરીવારની અટક પર જ અટકી જાય છે, એ અટકને આત્મસાત કરી લે છે. તમારા ત્યાગની સામે એ દીકરીનો ત્યાગ શું તમે ઓછો ગણો છો?તમારા પરીવારને સુખી કરવા અને સાથે સાથે પોતેય સુખી થવા, તમારા કુટુંબમાં તે ઝંપલાવતી હોય છે. સાસરેથી ઝગડીને આવેલી મોટી નણંદનેય તેણે બોનસમાં સ્વીકારી લે છે અને ધારો કે આ સબબે તેનું ભાગ્ય સારું હોય તો પણ, દરેક

ઘરમાં એકાદ બદમીજાજ કે એમ. આર. ( મેન્ટલી રીટાર્ડેડ ) દીયેર યા જેઠ યા તો કકળાટીયણ નાની નણંદ હોય છે. ઉપરાંત પતી પણ એકાદ નાનું--મોટું વ્યસન ધરાવતો હોય તે છતાંય, આવા વાતાવરણમાં ગોઠવાઈ જવા તે હૃદયપુર્વક પ્રયાસ કરે છે -- આની કોઈ વીસાત ખરી કે નહીં?

અલબત્ત, સાસુ–વહુની લડાઈ એ વ્યક્તી વ્યક્તી વચ્ચેની લડાઈ નથી હોતી; પણ ભુતકાળ અને વર્તમાન કાળ વચ્ચેની, પેઢી–પેઢી વચ્ચેની, સમય–સમય વચ્ચેની લડાઈ જ હોય છે. ‘મારી સાસુએ મને હખ્ખે ( સુખે ) ધાન ખાવા દીધું નહોતું; કે નહોતું મારા પેટે પાણી પડવા દીધું ને સાસુ સામે નીસાસો નાખવાની પણ મારી હીમ્મત નહોતી, ચંપકીયાનો બાપ પણ માવડીયો થઈને એની માનો મારા પરનો ત્રાસ જોયા કરતો; પણ માને વારતો નહીં, જયારે હું વહુને કશું કહેવા જાઉં છું, તો મારો જણ્યો ચંપકીયો એની બાયડીનું ઉપરાણું લઈને મને દબડાવે છે – સાવ વહુ ઘેલો છે!’ મને થાય છે કે આવા વાતાવરણમાં ઉછરેલી સાસુ, પોતાની સાસુએ કરેલ અન્યાયનો બદલો પોતાની વહુ સામે લેવાની મનોવૃત્તી ધરાવતી હશે. જો કે તેના અચેતન મનમાં, તેની જાણ બહાર આવું બધું ચાલતું હશે!

તાજેતરમાં એક કીસ્સો એવો જાણવા મળ્યો, જેમાં એક સાસુ મંત્ર--તંત્ર કરતા એક તાંત્રીક પાસે ગઈ ને રુપીયા ત્રીસ

હજાર એ તાંત્રીકે એની પાસેથી ધુતી લીધા. તાંત્રીક પાસે જનાર એ સાસુ દોરા--ધાગાથી તેની પુત્રવધુનું ધનોતપનોત કાઢી નાખવા માગતી હતી. પુત્રવધુનું પાણી ઉતારી નાખવાની નેમથી તે તાંત્રીક પાસે ગયેલી, પણ પુત્રવધુનું પાણી ઉતારી શકી નહીં; એટલે પછી વીકલ્પે એ તાંત્રીકનું પાણી એણે ઉતારી નાખ્યું. તેને જેલયાત્રા કરાવી દીધી, સાસુ એ પણ ભુલી ગઈ કે પુત્રવધુ મારા દીકરાનું અડધું અંગ છે!

*******

દીકરીને વહુ થવાની તાલીમ નાનપણથી જ એની મા પાસેથી મળવા માંડે છે. સાસરે જઈને સાસુ સાથે કેવી રીતે વર્તવું એ દીકરીને વારમ્વાર કહેવામાં આવે છે. જ્યારે સાસુને તો આદર્શ સાસુ બનવાની ટ્રેનીંગ પોતાની સાસુ દ્વારા પ્રાપ્ત થતી હોય છે! તે વહુ હતી તે દીવસોમાં તેના પર ગુજારાયેલો એવો સીતમ, તેના વડે તેની વહુને સહન કરવો ના પડે એટલું તો તે ચોક્કસ કરી શકે - સવાલ ઈચ્છાશક્તીનો છે.

*******

‘સુનીતા, તને હાંડવો બનાવતાંય નથી આવડતું? એ તો સાવ સહેલું છે! તારી મમ્મીએ તને આટલુંય નથી શીખવ્યું?તને વેઢમી બનાવતાં ના આવડે એ હજી સમજાય; પણ રોટલો ઘડતાંય નથી શીખી? બહુ કહેવાય! ગામડાની

ગમે તેવી અભણ સ્ત્રીનેય રોટલા બનાવતાં આવડે છે ને તું પાછી એમ. એ. થયેલી છું, તને શરમ કે સંકોચ જેવું નથી થતું?'

રોટલા ટીપતાં નહીં આવડવા બદલ વહુને તમે કડવાં વેણ કહો છો; પણ તમને એ દીવસો યાદ આવે છે, જ્યારે તમારાં મધરે તમારા હાથ પર વેલણ ફટકારી ફટકારીને ગોળ રોટલી વણતાં માંડ શીખવાડેલું?મધર આઘાંપાછાં હોય ત્યારે ભીના લોટને જેમતેમ પાથરીને, એના પર મોટો વાડકો દબાવી, બીલકુલ ગોળાકાર રોટલી બનાવ્યાની વધાઈ મા પાસે ખાઈ, તમે શાબાશી મેળવતાં! આ અંચાઈ ના કહેવાય?એક વાર કઢીમાં કડવા લીમડાની મોટી ડાળ નાખી દેવાને કારણે તમને એક અઠવાડીયા માટે વધુ અભ્યાસ અર્થે પીયર રવાના કરવામાં આવેલાં, એ તમે સાવ ભુલી ગયાં, મંજુબહેન? ફાસ્ટફુડના આ જમાનામાં તમારી પુત્રવધુ સહેજ પણ બોલ્યા વગર સેન્ડવીચ અને ભેળ બનાવી શકતી હોય, તેને ટોમેટો સુપ બનાવતાં પણ આવડતું હોય ને દાબેલી ખરીદતાંય આવડતું હોય એ પુરતું નથી! રોટલી--રોટલાની ક્યાં માંડો છો – બજારમાં બ્રેડ તો જોઈએ એટલી મળે છે, નથી મળતી? તો પછી!

*******

www.gujaratilexicon.com

રસોઈયાને હાથે ઘણીવાર રસોઈ બગડતી હોય છે. એ પ્રોફેશનલ હોવા છતાં એના હાથે મસાલા ઓછા--વત્તા નથી પડતા?તો નવોદીત પુત્રવધુ અતીઉત્સાહ અને ઉદારતાથી દાળ--શાકમાં ક્યારેક વધુ મીઠું નાખી દે તો મુંગા મોંએ ને મરચાનું પ્રમાણ થોડું વધારે હોય તો પણ તમારે બહુ મોટેથી નહીં એવા માફકસરના સીસકારા સાથે પીરસવામાં આવેલ ભોજન કમનેય, આરોગી જવાની ટેવ પાડવી જોઈએ, જેથી પુત્રવધુ અપરાધભાવ ન અનુભવે. તમને તો ખબર જ છે કે વહુ પણ એ જ રસોઈ જમવાની છે, તેનેય સ્વાદમાં ગરબડ થયાની ખબર પડી જ જશે. સ્વરચીત રસોઈ માંડ પોતાના ગળે ઉતાર્યા બાદ તે તમને પુછે કે, ‘મમ્મી, દાળમાં મીઠું જરા વધારે પડી ગયેલું, નહીં?’ ત્યારે કટાક્ષ ન લાગે એમ ઠાવકું હસીને કહી દેવું કે, ‘દાળ તેં થોડી વધારે બનાવી હોત તો એટલી બધી ખારી ન લાગત. એ તો બેટા, ચાલ્યા કરે, કામ કામને શીખવે. એમ તો કોઈ વાર મારા હાથેય મીઠું વધારે નથી પડતું?દરેક ઘરની રાંધવાની પદ્ધતી અલગ અલગ હોય છે.  તારા હાથે રોજ ક્યાં મીઠું વધારે પડે છે! આવું હોય ત્યારે તારા સસરાની વાડકી દાળ જુદી કાઢી લેવી, તેમને બી. પી. છે ને એટલે. બાકી આપણને તો બધુંય ચાલે.’

અને વહુથી અજાણતાં ક્યારેક સારી ને સ્વાદીષ્ટ રસોઈ થઈ જાય તો એનાં વખાણ અચુક કરવાં, તેણે કરેલી

મહેનતનો થાક ઉતરી જશે ને એકવાર તેના કાનને પ્રશંસા સાંભળવાની ટેવ પડી જશે તો રસોઈનું ધોરણ આપોઆપ સુધરવા માંડશે. બાકી, રસોઈ અંગે કાયમ કચકચ કરશો તો અકળાઈને તમને કહી દેશે કે, ‘મારી માએ તો મને આવું જ રાંધતાં શીખવાડ્યું છે. આનાથી સારું ખાવું હોય તો જાતે રાંધી લેવું.’ પત્યું! પછી રસોડું કાયમી ધોરણે તમારા ગળે ભરાઈ જશે. એક વાત યાદ રાખો, આપણે જીવવા માટે ખાઈએ છીએ. વહુને એવું લાગવું ન જોઈએ કે આ ડોસી તો દહાડે દહાડે સ્વાદીયણ બનવા માંડી છે!

ના, સુનીતા તમારાં પગ કે માથું નહીં દબાવે; (તમારા ગળાની ગેરંટી નહીં! એનો આધાર તમારા તેની સાથેના વ્યવહાર પર છે.) એને બદલે તે સ્ટોપેક કે એનેસીનની ટીકડી આપે તો ઓછું લાવ્યા વગર તે ગળી લેવી. અપેક્ષા એ જ સર્વ દુ:ખોનું મુળ છે. એ દીવસો ગયા; વહુ માથું દબાવી આપે!

વહુની વાત વહુ પાસે; પણ આપણે સુખી રહેવું હોય તો શક્ય હોય ત્યાં સુધી આંખ–કાન ખુલ્લાં રાખવાં ને મોં બંધ રાખવું, જેથી આપણા મોંમાંથી અપ્રીય વાણી બહાર આવતી અટકશે ને એથી શક્તી અને આયુષ્ય બન્ને વધશે. જો કે એક વાત છે, આયુષ્ય વધવાવાળી વાત વહુને બહુ નહીં ગમે – વહુને ગમતું બધું તો કેવી રીતે કરી શકાય!

જો કે સાસુની મથરાવટી મેલી હોય છે, એટલે સમાજમાં પોતાની આબરુ ઉજળી કરવી હોય તો દરેક સાસુએ, તેની સાસુ તો લાખોમાં એક છે એવું સર્ટીફીકેટ પોતાની વહુ પાસેથી મેળવવા માટે હૃદયપુર્વકનો સાચકલો પ્રેમ વહુ પર ઢોળવો જોઈએ.

થોડાંક વર્ષો પુર્વે અમદાવાદમાં શ્રેષ્ઠ સાસુઓની એક સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર વહુઓએ તેમની સાસુઓનાં વખાણ ભરપેટ કર્યાં હતાં. અલબત્ત, આ વહુઓની એફીડેવીટ લેવામાં નહોતી આવી. હા, એ ખરું કે આ વહુઓ જે કંઈ બોલી હતી એ સ્વેચ્છાએ, સાસુજી જેવાં આંતરીક કે બાહ્ય દબાણ વગર બોલી હતી. તેમને જો કે ખબર તો હતી જ કે આ કાર્યક્રમ પત્યા બાદ સાસુના ઘરે જ જવાનું છે. (ચોખવટ : ઘર કાયમ સાસુઓનું જ હોય છે, સસરાઓનું નહીં.).

જાહેરમાં શ્રેષ્ઠ સાસુ હોવાનો એવોર્ડ મેળવનાર સાસુ ખાનગીમાં પણ પોતાની શ્રેષ્ઠતા ટકાવી રાખવા દીલથી મથશે અને વહુ-દીકરીને તો આમાં ફાયદો જ છે ને! આમ જોવા જઈએ તો દીકરી નામની કળી તો પીયરના કુંડામાંથી સસુરાલ નામના કુંડાની તદ્દન નવી માટીમાં ફુલ બનીને ખીલવા આવી છે - તેને પણ વહુ મટી દીકરી થવું છે. તેને માટે તો આ જ સાચું ઘર છે.

*******

આ ગયો એ જાન્યુઆરી મહીનાના અખબારમાં સમાચાર હતા કે નવસારી પાસેના એક ગામમાં એક સાસુ–વહુ ઘણાં વર્ષોથી મા–દીકરી બની સાથે રહેતાં હતાં. વૃદ્ધાવસ્થાને કારણે સાસુ ગુજરી ગઈ, એ સમાચાર જાણતાં જ ઘરના ખુણે ઉભેલી પુત્રવધુ ત્યાં જ ફસડાઈ પડી, ગુજરી ગઈ! બંનેની સ્મશાનયાત્રા એક સાથે નીકળી જેને અહોભાવથી જોવા આખું ગામ ઉમટ્યું હતું... આ સમાચાર અહીં મુકવા પાછળનો અમારો હેતુ એવો નથી કે સાસુની પાછળ પાછળ વહુએ પણ જવું. ઘણી સ્ત્રીઓ ભવોભવ એ જ પુરુષને પતી તરીકે માગતી હોય છે, એની પાછળ કદાચ વેરવૃત્તી કામ કરતી હોય એમ બને. કીન્તુ આ વેરભાવના છેક સાસુ સુધી ખેંચવામાં આપણી શોભા નહીં. સાસુને એકલીને જ્યાં જવું હોય ત્યાં સુખેથી જવા દેવી. આ રીતે સાસુની પાછળ ના પડાય. સાસુ ક્યાં જાય છે એવા કુતુહલથી પણ તેનો પીછો ના કરવો, તેના સુખમાં જ આપણું સુખ સમજવું.

મારું કહેવું ખોટું છે?

– વીનોદ ભટ્ટ

(તા. 15મી ઓગસ્ટ 2010ના ‘દીવ્ય ભાસ્કર’ દૈનીકની રવીવારીય પુર્તી 'Sunday'માં પ્રકાશીત થતી એમની લોકપ્રીય કટાર ‘ઈદમ્ તૃતીયમ્’માંથી લેખકની સ્નેહપુર્ણ વીશેષ પરવાનગીથી સાભાર...ઉત્તમ ગજ્જર)

લેખક સમ્પર્ક: શ્રી. વીનોદ ભટ્ટ, 7 – ધર્મયુગ કોલોની, વેદ મન્દીર પાસે, કાંકરીયા રોડ, અમદાવાદ– 380 022 ફોન – 079-2545 2700

@@@@@

206 : 05-12-2010

# એનું નામ

# નેહા પ્રભાકર ખારોડ

-લતા હીરાણી

અનુક્રમણીકા

નામ એનું નેહા પ્રભાકર ખારોડ. ઉંચાઈ ઈન્ડીયન અને રંગ અમેરીકન. પુરો લુક ભારતીય લાગે.

એ પહેલી વાર મારે ત્યાં આવવાની હતી. વોશીંગ્ટનમાં જન્મેલી અને ત્યાં જ ઉછરેલી છોકરી. ત્યાંનાયે શ્રીમંત વર્ગમાં આવે એવું કુટુમ્બ! એને મારે ત્યાં ફાવશે? શું ભાવશે, ગમશે કે નહીં? કોણ જાણે કેટલાય પ્રશ્નો મારી સામે ખડકાયા હતા. હું ઘરનો ખુણેખુણો જોઈ વળી હતી. બધું બરાબર તો હતું ને!

એ આવી. “ઓ... કેમ છો આંટી?” કહેતાં ભેટી. પતીના મીત્રની દીકરી, મને એનો ઉમળકો સ્પર્શ્યો; પણ એનું ગુજરાતી મારા કાનમાં જ અટકી પડ્યું. ઉચ્ચાર અને લહેકો પુરો દેશી હતો તો યે! કદાચ અંદરનો રસ્તો બંધ હતો. મને લાગ્યું કે આટલું તો એની મમ્મીએ ગોખાવી દીધું હશે! પતીના એ મીત્રનો સમ્પર્ક પચીસેક વર્ષો પછી થયો હતો એટલે અમારી વચ્ચે ભુગોળ જેટલું જ ઈતીહાસનું પણ અંતર હતું.

"અરે વાહ, હીંચકો! મને બહુ ગમે.." કહેતાં એણે હીંચકા ખાવાના શરુ કરી દીધા. "બીસ્લેરી? ના રે ના આંટી, તમારા માટલાનું પાણી જ આપો ને!" અને શરુ થઈ એની ધાણીફુટ ગુજરાતી વાણી. "આંટી, તમારી સાડી બહુ સરસ છે.... તમારો ફેવરીટ રંગ કયો? મને 'અખંડ આનંદ'માં 'ગૃહગંગાને તીરે'ની વાર્તાઓ વાંચવી ગમે. આપણે પાણીપુરી ખાવા જઈશું ને?" એ છોકરી બોલ્યે જ જતી હતી, બોલ્યે જ જતી હતી અને એના એકેય રુંવાડા પર અમેરીકાની ગન્ધ સુધ્ધાં નહોતી.... કબુલ કરું છું, હું અવાચક થઈ ગઈ હતી, સ્તબ્ધ થઈ ગઇ હતી. પુરું અમેરીકા મારા ઘરના રસોડામાં જાણે પલાંઠી વાળીને બેસી ગયું હતું. મારી તમામ તૈયારીઓને એણે બોંબથી ઉડાડી દીધી હતી..

આશ્ચર્યના સુખદ આંચકા એ આપ્યે જ જતી હતી. નેહા દર વર્ષે ભારત આવે છે. અમદાવાદ જ નહીં, સૌરાષ્ટ્રનાં અંતરીયાળ ગામડાંઓમાં જઈને રહે છે. એની મમ્મીને એની ઓફીસનાં પાણીવાળાં બહેને બહુ પ્રેમથી સાચવ્યાં હતાં. એટલે નેહાએ એમના ઘરે જઈને એકાદ બે દીવસ રહેવાનું જ. અમેરીકાના નેહાના ઘરમાં ભારતથી ગુજરાતી મેગેઝીન નીયમીત રીતે આવે. ઘરમાં બધાએ એ ફરજીયાત વાંચવાનાં. દેશમાં બધાને ગુજરાતીમાં પત્રો લખવાના. ઘરમાં 'ભગવદ્ગોમંડળ'ના વોલ્યુમ્સ મમ્મીએ પ્રેમથી વસાવેલા. અને હા, ઘરમાં અંગ્રેજી નહીં જ બોલવાનું.

નેહાનું વતન સૌરાષ્ટ્રનું  માંગરોળ. પીતા ડૉકટર અને મમ્મી દક્ષાબહેન શીક્ષીકા. દાદા હાઈ સ્કુલમાં આચાર્ય અને વીદ્યાર્થીપ્રીય શીક્ષક. કેટકેટલાં સમૃદ્ધ પરીબળો નેહાના વ્યક્તીત્વમાં ઝલકતાં હતાં! પુર્વ અને પશ્ચીમ બંને સંસ્કૃતીનું સુંદર તત્ત્વ આંખ અને અસ્તીત્વ સામે ખીલતું જતું હતું. હા, એમ તો અમેરીકન છાંટ પણ સાવ નહોતી એવું યે નહીં. “ડેડી કહેતો હતો કે તને જગદીશઅંકલને ત્યાં મજા આવશે.”  ડેડીને ‘તું’કારો મારા ભારતીય કાન માટે જુદી વાત હતી.

ગુજરાતમાં આવેલા ભુકમ્પ પછી નેહા ભારત આવી. ગુજરાતમાં થયેલી તબાહી જોઈ રાહતકાર્યોમાં જોડાઈ ગઈ હતી. ગુજરાતનું શરીર એના માટે જાણીતું હતું. આ એના ધબકતા હૃદય અને નસોમાં વહેતાં લોહીનો પરીચય હતો. અમેરીકા જઈને એણે પોતાનો નીર્ણય જાહેર કર્યો હતો, “હું ડૉકટર બનીશ અને એય ગુજરાતમાં જ. કરમસદની મેડીકલ કૉલેજ મેં પસંદ કરી લીધી છે. ફોર્મ લઈને જ આવી છું.”
બ્લડ ગ્રુપ તો એક જ હતું અને મમ્મી–પપ્પાએ હીમોગ્લોબીનનો આંક પણ ચેક કરી લીધો

“બહુ સરસ! પણ કારણ? ”

“ડેડી તારો દેશ ગરીબ છે; પણ લોકો સોનાના છે!”

11-04-07ના 'દીવ્ય ભાસ્કર' દૈનીકની બુધવારીય 'કળશ' પુર્તીમાંથી લેખીકાની પરવાનગીથી સાભાર...

## છલોછલ સુખ

"મમ્મી, આજે દાળઢોકળી બનાવજે... પપ્પાનેય આજે રજા છે. આજે આપણે બધા ઘરમાં શાંતીથી સાથે રહેશું. કોઈ આઉટીંગ નહીં." પાર્થ બોલ્યો.

''હા, આવ્યા ત્યારના દોડદોડ જ ચાલે છે. આમ જ જવાનો ટાઈમ થઈ જશે. ઈન્ડીયા આવ્યાનો સંતોષ જ નથી થતો." વીશુએ ટેબલ પર ચા-નાસ્તો મુક્યાં. બધાં ગોઠવાયાં.

"શા વીચારમાં પડી છે? " જગદીશભાઈ બોલ્યા.

''કંઈ નહીં અમસ્તું જ..." અંજુનો અવાજ ભારે હતો.

''ના મમ્મી, એમ ન ચાલે, કહેવું જ પડે."

"વીશુની વાત સાચી છે મમ્મી, ચુપ ન રહેવાય." પાર્થે ઉભા થઈને મમ્મીના હાથમાંથી ચાનો કપ લઈ લીધો. "બોલ, પછી જ ચા પીવાની" પાર્થને તોફાન કર્યા વગર ચાલતું નહીં.

''બસ, આ તો એમ થાય છે કે તારા પપ્પાને આ જુલાઈમાં 60 વર્ષ પુરાં થશે. બહુ મન થાય છે કે ષષ્ઠીપુર્તી ઉજવીએ; પણ અમારાં બચ્ચાં જ અમારી પાસે ન હોય તો

ઉજવણી કરવાની મજા ન આવે અને હજી જાન્યુઆરીમાં તમે ઈન્ડીયા આવ્યાં હો અને જુલાઈમાં ફરી આવો એ તો કેમ બને? અમેરીકા કંઈ નજીક છે!''

''તુંયે ખરી છે! પાર્થને હજી નવી નવી નોકરી છે. એને સેટ થવા દે. આવતા વર્ષે જ્યારે આવશે ત્યારે ઉજવીશું." જગદીશભાઈથી ન રહેવાયું.

''અરે બાબા, એટલે તો ચુપ હતી. આ પાર્થ મોઢામાં આંગળાં નાખીને બોલાવે એવો છે."

''એમાં શું? વાત તો થાય! કંઈ નહીં, લે હવે, તારી ચા તો ઠરી ગઈ. વીશુ, મમ્મીની ચા ગરમ કરી દે."

"મમ્મી, આપણે કંઈક જાદુ કરીશું." વીશુયે ઓછી તોફાની નહોતી.

પાર્થ-વીશુ ત્રણ વીક માટે આવ્યાં હતાં. દીવસો આંખના પલકારામાં પુરા થઈ ગયા. ગુંજતું ઘર ફરી સુમસામ થઈ ગયું. અંજુ અને જગદીશભાઈ ફરી પોતાનાં કામમાં જીવ પરોવવા મથતાં. અંજુને ઘણીવાર થતું કે શા માટે સન્તાનોને પરદેશ જવા દીધાં? સારા માઠા દીવસોએ કોઈ દોડીને આવી શકે જ નહીં! દીકરાનો દીકરો હવે દોઢ વર્ષનો રમાડવા જેવડો હતો; પણ વચ્ચે બે દેશની દીવાલ...!

જાન્યુઆરી પછી જુન-જુલાઈ આવતાં ઘણી વાર લાગી. દીવસ કામમાં નીકળી જતો; પણ સાંજ પછી ઘરમાં જાણે સન્નાટો છવાઈ જતો. અંજુ અને જગદીશભાઈ બંને થાકી જતાં. કોઈને કંઈ વાત કરવાની ઈચ્છા થતી નહીં. જ્યારે ઓનલાઈન થવાનો મેસેજ આવતો ત્યારે બંનેના જીવમાં જીવ આવી જતો. પછી તો વાતો જ વાતો. વેબ કેમેરામાં સન્તાનોના હસતા ચહેરા, નાનકડા આર્યની રમતો અને એમનું રળીયામણું ઘર જોઈને બન્નેને સન્તોષ થઈ જતો.

એક વખત આમ જ ચેટ કરતાં પાર્થે પુછ્યું, “મમ્મી, આ વખતે પપ્પાજીની બર્થ ડે પર શું કરવાના?” “વીચારીએ છીએ. ક્યાંક બહાર જઈશું.” “ના હોં! ત્યારે નહીં. અમે ડીસેમ્બરમાં આવીએ ત્યારે આપણે સાથે ફરવા જઈશું. પપ્પાજીની બર્થ ડે પર અમે રજા લઈશું અને ખુબ ચેટ કરીશું.” વીશુ બોલી. જગદીશભાઈના શરીરમાં સુખનું લખલખું ફરી વળ્યું. અંજુ બોલવા જતી હતી કે કાશ એ દીવસે તમે આવી શક્યાં હોત! પણ એ શબ્દો ગળી ગઈ. અમેરીકાથી પાંચ મહીનામાં ફરીથી ઈન્ડીયા આવવું શક્ય જ નહોતું.

ચોથી જુલાઈ. હમ્મેશાં રાતના બાર વાગે સન્તાનોનો ફોન આવે. આ વખતે કેમ ફોન રણક્યો નહીં? હોય એ તો;

થાક્યાં હશે. આમેય આપણે સવારથી જ દીવસ ગણીએ છીએને! અંજના ઘણીવાર કહેતી પણ ખરી. ‘‘બેટા આપણો દીવસ સુર્યોદયથી ગણાય. આ તો પશ્ચીમની રીત.” જો કે એનાં બચ્ચાંઓ એને રાતના બાર વાગે ઉઠાડતાં જ. આ વખતે એ સુખ મળ્યું નહીં. જો કે જગદીશભાઈ તો ઘસઘસાટ ઉંઘતા હતા.

સવારમાં છ વાગે બેલ વાગી. અત્યારમાં આ લાંબી બેલ કોણ મારે છે? જરા અકળાઈને અંજુએ બારણું ખોલ્યું. અત્યન્ત આશ્ચર્ય વચ્ચે નજર સામે પાર્થ–વીશુ ઉભાં હતાં!!!! “હેપ્પી બર્થ ડે પપ્પાજી!” ઘર આખું ગુંજી ઉઠ્યું. અંજુની બાથમાં પાર્થ–વીશુ હતાં અને આનંદ એની આંખોમાંથી વહ્યે જ જતો હતો. બપોર સુધીમાં તો પાર્થે દોડાદોડી કરીને પાર્ટી ગોઠવીયે દીધી. વીશુએ બધાને ફોન કરી દીધા. પણ એમના જેટલેગનું શું? તો કહે, ‘‘અમે ત્યાંથી જ ઉંઘનું પ્લાનીંગ કરી નાખ્યું છે!”

પરદેશ ગયેલાં સન્તાનોની મા-બાપ પ્રત્યે ઉપેક્ષાના ઘણા કીસ્સા તમે જાણ્યા હશે. જવા દો, ભુલી જાઓ એને. અને જુઓ, આ સો ટકા સાચી ઘટના કેવી સુગંધીદાર છે!!!

–લતા હીરાણી

08-08-2007ના 'દીવ્ય ભાસ્કર' દૈનીકની બુધવારીય 'કળશ' પુર્તીમાંથી લેખીકાની પરવાનગીથી સાભાર...

સર્જક–સમ્પર્ક: એ–83, ગોયલ પાર્ક એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર, અમદાવાદ–380 015

ફોન: 079-2675 0563 મોબાઈલ: 99784 88855 ઈ–મેઈલ: lata.hirani55@gmail.com

લેખીકાની વેબસાઈટ – www.readsetu.wordpress.com

(લેખીકા લતાબહેનને મેં ફોન પર પુછ્યું કે, 'બહેન, તમે લખ્યું તો ખરું, હૃદયસ્પર્શી પણ છે; પણ આ બન્ને, સાચે જ સાચી ઘટના છે કે?' લતાબહેન કહે, ' ઉત્તમભાઈ, પહેલો પ્રસંગ નેહાનો છે તે મારા મીત્રની દીકરી છે. મારી નજર સમક્ષ બધું બનેલું.. અને બીજો 'છલોછલ સુખ'નો પ્રસંગ તો અમારો – મારા ઘરનો... મારા દીકરા સાથેનો! હૃદય સાથે જોડાયેલો, હૃદયમાંથી નીકળેલા શબ્દો વડે લખાયેલો, એટલે જ કદાચ, તમે કહો છો તેમ, તે હૃદયસ્પર્શી બન્યો હશે. વાચકો જ સાચા ભાવકો પણ છે.. તમારા સદ્ભાવ બદલ આભાર!' –લતા હીરાણી)

@@@

207 : 19-12-2010

# ફરીયાદો કર્યા કરે તે વૃદ્ધ !

–જગદીશ શાહ

અનુક્રમણીકા

શરીરની ઉંમર વધે તેમ અંગો નબળાં પડે, આંખે મોતીયો આવે કે ઝાંખ આવે, કાને ઓછું સંભળાય, દાંત પડવા માંડે, યાદશક્તી નબળી પડે, વાળ ધોળા થાય ને ટાલ પડે, ઉંઘ ઓછી થાય, પાચન મંદ થાય, ખોરાક ઘટે, સ્નાયુઓ ઢીલા થાય, સ્ફુર્તી ઓછી થાય વગેરે..વગેરે..વગેરે.. ૬૦ વરસની ઉમ્મર પછી, કે કોઈને ૭૦ કે ૭૫ વરસની ઉંમર પછી, ઉપર જણાવ્યાં તેવાં લક્ષણો વરતાય.

આ કુદરતનો ક્રમ છે. જન્મ, બાળપણ, યુવાની, ઘડપણ અને મૃત્યુ સૌને માટે નીશ્ચીત છે જ. આ સમજણ જો ન કેળવાઈ હોય તો વ્યક્તીનો સ્વભાવ ચીડીયો થાય, ઘરના સાથે જરા જરામાં માઠું લાગે કે ચડભડ થાય અને પરીણામે આ વૃદ્ધ, દીકરા–વહુ–પૌત્ર–પૌત્રીમાં અળખામણાં થાય, ભારે પડે, અવાંછનીય લાગે.

૬૦ વરસની ઉમ્મર થતાં દરેકે મૃત્યુની સમજણ કેળવવાની શરુઆત કરવી ઘટે છે. મૃત્યુ તો આપણી ધાર્મીક સમજણ મુજબ, આત્માનું આવરણ બદલવાની ક્રીયા માત્ર છે.

આત્મા અમર છે ને દેહ નાશવન્ત છે. આવું રોજેરોજ સાંભળનાર અને રટનાર પણ પોતાની ઉપર આવે ત્યારે સમજણ કેળવવામાં ઉણા પડે છે. નામ તેનો નાશ છે જ. અને ઘરડાં જાય તો જ નવાંની જગ્યા થાય ને! સૃષ્ટીનો આ અફર નીયમ છે.

આ સમજણ કેળવવા જેઓ ધર્મને માને છે તેઓ પોતપોતાના ધર્મશાસ્ત્રોનું પઠન કરે. હીન્દુઓ ગીતાપાઠ કરે. પોપટીયો પાઠ નહીં; સમજણપુર્વકનો પાઠ, શાંત ચીત્તે, એકાંતમાં વહેલી સવારે કરવાથી લાભ થાય છે.

શરીરને નરવું રાખવા સારુ ફરવું, યોગાસનો કરવાં, હળવો વ્યાયામ કરવો. મેરેડીયન વ્યાયામ આદર્શ વ્યાયામ છે. (તેની પુસ્તીકાની કીંમત બાર રુપીયા છે અને યજ્ઞ પ્રકાશન સમીતીને સરનામેથી તે મળે છે.)

ખાવા–પીવામાં જુવાનીની ટેવો બદલવી ઘટે છે. મીઠાઈ, મીષ્ટાન્ન, તળેલો કે ઘી–તેલવાળો ખોરાક બંધ જ કરવો કે સાવ ઓછો કરવો. મરચું–મીઠું–મસાલા ઘટાડવાં. સાદો અને અલ્પાહાર–મીતાહાર ચાવી ચાવીને લેવો. દીવસમાં ત્રણવાર માપથી ખોરાક લેવો પર્યાપ્ત છે. આહારમાં ફળનો ઉપયોગ વધારવો, કઠોળ ઘટાડવાં. બજારુ વાનગીઓ, ઠંડા પીણાં વગેરે બન્ધ કરવાં. સવારે ઉષઃપાન કરવું.

સુવા–જાગવાનો સમય નક્કી કરવો. બપોરે અડધો–પોણો કલાક વામકુક્ષી થતી હોય તો રાત્રે પાંચથી છ કલાકની ઉંઘ પુરતી ગણાય. ચીત્તની પ્રસન્નતા માટે બાળકો સાથે, તેમને ગમે તેવી પ્રવૃત્તીમાં સમય ગાળવો. તેમને વાર્તા કહેવી, રમુજી ટુચકા તથા બાળગીતો સંભળાવવાં, હળવી રમતો રમવી તેમની સાથે, તેમના અનુકુળ સમયે તેમને ફરવા લઈ જવાં. હળવું વાચન રાખવું. ટી.વી. ઉપર સમાચાર જોવા કે સુરુચીપુર્ણ ધારાવાહીક કે ફીલ્મો જોવી. હળવું સંગીત સાંભળવું, રસ હોય તો કથા–વાર્તામાં જવું. ટુંકમાં, દીનચર્યા બનાવી સતત વ્યસ્ત રહેવું. ઘરના સાથે ઝાઝી ચર્ચામાં ન ઉતરવું, તેમને ન ગમતી વાતો તો ન જ સંભળાવવી.

સતત આનન્દમાં રહેવું, પોતાની ખાવા–પીવાની કે બીજી ટેવો બદલ ઘરના માણસો પાસે અપેક્ષા ન રાખવી. બની શકે તેટલાં પોતાનાં કાર્યો જાતે કરી લેવાં. પોતાનાથી ન જ થઈ શકે તેવાં કામો, જેની પાસે કરાવવાં જરુરી હોય તેમની અનુકુળતા પુછીને, કામ સોંપવાં.

અધીરાઈ, ચીડીયાપણું, માગણીઓ કરવી, પોતાની વાતો બીજા સાંભળે તેવો આગ્રહ રાખવો, પુછ્યા વગર સલાહો આપવી – વગેરેથી અવશ્ય બચવું.

વૃદ્ધો માટે કેટલીક જરુરી બાબતોની સુચી હજી લાંબી કરી શકાય...

–જગદીશ શાહ

મે ૨૦૦૯ના ‘શીવામ્બુ’ માસીકના પાન ક્રમાંક ૩૦–૩૧ પરથી સાભાર...

લેખકસમ્પર્ક–

–જગદીશ શાહ

(તંત્રી અને સંપાદક– ‘શીવામ્બુ’ માસીક. ‘શીવામ્બુ’ માસીકના ચાલુ અને જુના અંકો વાંચવા આ https://sites.google.com/site/pahelumsukha/ લીંક ઉપર ક્લીક કરી જુઓ ),

કુદરતી ઉપચાર કેન્દ્ર, વીનોબા આશ્રમ, ગાયત્રી સ્કુલ પાસે, ગોત્રી રોડ,

વડોદરા - 390 001 Phone – 0265-237 0489 - Mobile - 98243 26037

@@@

208 : 02-01-2011

# ખાધું, પીધું અને રાજ કીધું !

–આશા બુચ

અનુક્રમણીકા

એક વાર્તા કહું?

એક હતી ખીસકોલી. નાની અમથી, એનું પેટ નાનું. પગ નાના.. અરે, પુંછડી પણ નાની. એના કુટુમ્બના લાલનપાલનથી ધીરે ધીરે પોષણ પામીને ભલે મોટી ન થઈ; પણ તન્દુરસ્ત અને મજબુત જરુર થઈ. બીજાં ખીસકોલાં અને સસલાં સાથે નીશાળે ગઈ, ભણીગણીને હોશીયાર થઈ. એ રહી હતી એ વગડાનો રખેવાળ તાજેતરમાં જ બદલાયો હતો એટલે આપણી આ ખીસકોલીબહેનના વીચારો અને આદર્શો, રખેવાળની વાતો અને કામથી અનાયાસ ઘડાતા રહ્યા.

શાળાજીવન દરમીયાન મળેલાં શીક્ષણ અને કેળવણીથી એના પગમાં એવું જોર આવ્યું કે તે એના પ્રીય રહેઠાણ વડની ડાળીઓમાંથી ક્યારેક નીબન્ધલેખન, કવીતાવાચન કે વક્તૃત્વ તો ક્યારેક સંગીત, નૃત્ય કે વાદનની ડાળો પર ચડવા લાગી. સંસ્કૃત, ચીત્રકળા અને હીન્દી પરીક્ષાઓ પાસ કરીને એ તો ભૈ એક ‘સંસ્કૃત’ ખીસકોલી બની ગઈ! આમ, એ પોતાના પરીચીત

વાતાવરણમાં અને મીત્રવર્તુળ વચ્ચે ખુબ આનન્દે મોટી થવા લાગી. ઘણી બહાદુર બની, અનેક દીશાઓમાં દોડાદોડ કરીને કંઈક ને કંઈક ખોરાક મેળવવામાં પાવરધી બનવા લાગી.

આમ કરતાં કરતાં શાળાજીવન પુરું થયું. ત્યાં તો આ હરખપદુડી ખીસકોલીને કૉલેજમાં જતાં અવનવું કામ કરવાના કોડ જાગ્યા. એનું ગજું નાનું; પણ જાતજાતના સુકા મેવા ખાઈને એનું મગજ ભારે કલ્પનાશીલ બનેલું અને તેમાંયે માતાપીતા અને ગુરુજનો તરફથી દરેક પરીસ્થીતીનાં મુળ સુધી જોવાની અને જવાની દૃષ્ટી અને અચળ નીર્ણયશક્તી મળેલી. એટલે ખીસકોલીબાઈ તો ઉપડ્યાં કામ કરવા! કોઈએ ધાર્યું નહોતું એવું કામ હોં! કાગડીના માળામાં મુકેલ કોયલનાં બચ્ચાંને ચાંચ મારીને નીચે ફગાવી દીધાં હોય એવાં બચ્ચાં, મા વગરનાં ગલુડીયાં અને શક્તીશાળી જાનવરોના પગ નીચે અટવાઈને માર ખાઈને પોતાનાં ટોળાંથી દુર ફેંકાઈ ગયેલાં બચોળીયાંઓ વચ્ચે પહોંચીને પોતે વટથી બધાનું ધ્યાન રાખવા લાગી. પોતાને મળેલાં પ્રેમ અને કાળજી બીજાને વહેંચતી રહી અને એમાં પૈસા કમાવાનું ભુલી ગઈ. જો કે એમ કરતાં એની રુંવાટીનો રંગ ઉઘડતો ગયો, સોનેરી થતો ગયો. એનો આ ટપુકડી ખીસકોલીને તો રાજીપો જ હતો. એની આસપાસના અનુભવી જાતભાઈઓ આવી, નાનકડી ખીસકોલીને દર કે બખોલ વગરનાં બીજાં બચ્ચાંને છાંયો

આપીને આ ડરામણા જંગલમાં ટકી રહેવા શીક્ષણ આપતી અને એમને પોતાના પેટજોગ ખોરાક મેળવવા તૈયાર કરતી જોઈને ખુશ થતા.

આમ કરતાં કરતાં તો ભૈ, આપણી આ ખેલકુદ કરતી ખીસકોલી એની વીસીના અન્તે પહોંચવા આવી. એને માટે સરસ મઝાનો રુપાળો, હોશીયાર અને ખંતીલો ખીસકોલો મળી ગયો એટલે માબાપે રંગેચંગે લગન કરાવીને એને મોકલી સાસરે. થયું એવું કે દીલની એ પોચટ ખીસકોલી, જે પોતાનો વગડો છોડીને ઝાડ ઉપર ચડતાં શીખવા કે ખોરાકની શોધમાં ક્યાંય નહોતી ગઈ, એ ઠામુકી આખે આખો મુલક છોડીને ભાગી અને એ...યને જઈ પહોંચી સાવ જુદા મલકમાં. એને તો જાણે સસલાં ને હરણાં જેવાં સાથી દોસ્તોને છોડીને રાની બીલાડા, વરુ અને વાઘની વચ્ચે આવી પડ્યા જેવું લાગ્યું! થોડા દીવસ ડરીને એ તો પોતાના ઝાડની બખોલમાં જ ભરાઈ રહી. પણ પછી બીજાં પ્રાણીઓ સાથે મૈત્રી કરવાની લાલચે અને ફરી પોતાના થનગનતા પગને દોડાદોડ–ચડઉતર કરવાની જગ્યા આપવા પોતાની બખોલમાંથી બહાર નીકળી.

વાત એમ બની કે બહેનબાને નવા વગડામાં કોઈ ઓળખે નહીં. એ કેટલી દોડાદોડ કરી શકે, ક્યાંથી ખોરાક ભેગો કરવો, ક્યાં સંતાડવો, ક્યારે, કોને, કેટલો, આપવો વગેરે

www.gujaratilexicon.com

જાણતી હશે કે નહીં, એ જાણવાની કોઈને પડી નહોતી. એટલે કોઈએ ‘આવ મારી બહેન, વગડાનો આટલો ભાગ તારો. જે મળે તે શોધીને પેટ ભર,’ એમ કહ્યું નહીં. તોય આપણી આ જીજ્ઞાસુ ખીસકોલી નવાં વૃક્ષો અને વાંકાચુંકા રસ્તા. પરથી પસાર થઈને અવનવા વસાહતીઓ પાસેથી રોજ રોજ કંઈ ને કંઈ નવું શીખતી. એમ કરતાં એને બચ્ચાં થયાં. પાળીપોષીને મોટાં કરેલાં એ બન્ને બચ્ચાં પણ પોતપોતાની અલગ દુનીયામાં બખોલ બનાવીને રહેવા લાગ્યાં.

વર્ષોનાં વહાણાં વાયાં. આપણી ખીસકોલીને એના નવા મુલકમાં મળતા હેઝલ નટ, ચેસ્ટ નટ કે અખરોટ જેવાં મોંઘાદાટ સુકા મેવા કમાઈ લેવાની તક ન મળી. તોય એ હારીને બેસી ન રહી. આપણી શીંગને તોલે આવે એવા હૈસ ચેસ્ટ નટ ભેગા કરીને લાવતી અને બચ્ચાંનાં ભરણપોષણમાં ફાળો આપતી. શ્રીરામને સેતુબન્ધ બાંધવામાં પોતાના નાના હાથમાં રેતીના કણ લાવીને મદદ કરનાર પેલી ખીસકોલીની આ વંશજ ખરીને, એટલે. હવે તો એ મુલકમાં રહ્યાને ઘણાં વર્ષો થયાં. કુદક–કુદક કરતી એ ખીસકોલીના જીવનમાં સાંજ પડવા આવી. એના જીવનમાં પાનખર આવીને બેઠી છે. અનેક તડકાછાંયા જોઈને ધીરી પડેલી ચંચળ ખીસકોલી શીયાળામાં નભવા કામ આવે એટલે પોતાના બગીચામાં ધરબીને રાખેલો ખોરાક શોધી, એકલી, પોતાની બખોલ પાસે

બેઠી છે. પોતાનાં મુલકમાં ભાઈભાંડરડાં અને દોસ્તોને છોડીને આવી છે. એને ક્યારે મળાશે એમ વીમાસણ કરતાં કરતાં રાત પડી અને એ ઝોલે ચડી છે.

શ……., કોઈ બોલશો નહીં, કંઈ પણ….

આપણી આ ખાસ ખીસકોલીએ તો ખાધું, પીધું અને પોતાના મન પર રાજ કીધું છે.

–આશા બુચ

સર્જક–સમ્પર્ક: આશા બુચ - 71- Half Edge Lane, Eccles, Manchester, M30 9AZ, UK

Phone: 0161 789 2856 eMail: ten_men@hotmail.com

વીચારપત્ર ‘નીરીક્ષક’ ( તંત્રીશ્રી પ્રકાશ ન. શાહ - prakash.nirikshak@gmail.com અને દેશાવરના સહયોગી તંત્રીશ્રી વીપુલ કલ્યાણી - vipoolkalyani.opinion@btinternet.com)ના તા. 1-10-2010ના અંકમાંથી સાભાર..

@@@

209 : 16-01-2011

# અમેરીકાનો આડોશપાડોશ

–સુચી વ્યાસ

અનુક્રમણીકા

નવાં નવાં અમેરીકામાં રહેવા આવો ને જે એકલું લાગે, કંઈ એકલું લાગે કે ન પુછો વાત! છેક કાઠીયાવાડથી આવેલા રંગીલા માણસો જેને સતત વાતું, વાતું ને બસ વાતું જ કરવા જોઈએ! માણહ માણહમાં રહેવાની ટેવ. સવાર પડે ને કામવાળી ગામ આખાની વાતું લાવે...છાપાં વાંચવાની જરુર ન પડે. કામવાળીનું છાપું પતે ત્યાં શાકવાળો આવે. શાકવાળો જાય, ત્યાં પસ્તીવાળો આવે. અરે, વચમાં ભીખારીઓ આવે! વળી, બાએ કાયમના બાંધેલા બ્રાહ્મણ, ‘દયા પ્રભુની’ કરીને આવે. ઉભરાતા માણસોની વચ્ચે ધમાધમ જાગતા પાડોશમાં બપોર તો ઘડીવારમાં પડી જાય.

હું બાપડી આવા વાતાવરણને છોડી ૧૯૭૦માં અમેરીકા આવી. પહેલે જ દીવસે સવાર પડી; પણ સાવ સુનકાર! અંધારી કાળી ચૌદસની રાત જેવો દી’ ઉગવા લાગ્યો. ઉપરવાળા ઘરમાં સહેજ પગલાંનો અવાજ આવતાં, હડી કાઢીને હું તો ઉપર ગઈ ને બારણું ખખડાવ્યું. એક ઉંચી કદાવર ગોરી અમેરીકન સ્ત્રીએ બારણું જરીક ખોલ્યું.

ભારતમાંના ખાદીભંડારમાંથી, અમેરીકનોને આપવા ખરીદેલો ખાસ મોંઘોદાટ સૅન્ડલવુડ સાબુ સાથે લઈને ગઈ હતી. મેં મારી ઓળખ આપી, પેલો સાબુ ભેટ આપ્યો. બારણાંની વચોવચ ઉભી રહી પેલી બાઈએ પોતાનું નામ 'સૅન્ડી' છે કહી ઓળખ આપી. મેં નવા પાડોશી તરીકે ઓળખ આપી. મીત્રભાવે ઔપચારીક–વ્યાવહારીક રીતે સાબુ આપ્યો. પટ્ટ કરતોક સાબુ લઈ, 'થેન્ક યુ' કહી સટાક દઈને બારણું કર્યું બંધ! મને તો આભમાંથી વીજળી પડી હોય એટલો બધો 'શૉક' લાગ્યો. બસ હાંવ! આવા પાડોશીઓ! ન વાત, ન ચીત; ન આવો, ન બેસો કહે! આટલી બધી વ્યવહારશુન્ય અને શુષ્ક જીન્દગી કેમ જીવાશે?થોડા સમયે સમજાણું કે મોટાં શહેરોમાં લોકો મળતાવડા નથી હોતા. બેત્રણ મહીનામાં અમારા જ અપાર્ટમેન્ટ કૉમ્પ્લેક્સમાં થોડા 'દેશીઓ' રહેવા આવી ગયા એને એમાંથી એમને એમ આખું હીન્દુસ્તાન ઉભું થઈ ગયું. દાળનાં તપેલાં, ભજીયાંના થાળો સુગન્ધ પ્રસરાવવા લાગ્યાં. શીખડ–પુરી, ચીકન–પુરીની સોડમથી શેરીઓ મઘમઘી ઉઠી.

૧૯૭૬માં અમે ડીટ્રોઈટ મુવ થયા. નાનું શું કૉન્ડોમીનીયમ(ફ્લેટ) ખરીદ્યું. સાવ જુદો જ અનુભવ નીવડ્યો. પહેલે જ દીવસે હજુ અમારો સામાન આવતો હતો ત્યાં લગભગ આઠથી દસ જેટલાં દંપતીઓ પોતાનાં બાળકો લઈને આવી પહોંચ્યાં. આવકાર માટે કોક–કૉફી જેવું લાવી

ભાવભીનો આવકાર આપ્યો. ભણેલા–ગણેલા ગોરા માણસોનો આવો ઉષ્માસભર આવકાર! દીલ તો તરબતર થઈ ગયું. મીશીગનમાં ઠંડી બહુ પડે. પણ માણસો અતીશય હુંફાળા. એ હુંફમાં અમને જરાયે ઠંડી ન લાગી.

મીશીગનમાં  અમારી એક બાજુમાં એક વકીલ અને બીજી બાજુમાં એક પ્લમ્બર રહે. બન્ને ઠાઠમાઠથી રહે. નવી મોટી ગાડીઓ, ઘરમાં રાચરચીલું ભવ્ય, દીવ્ય. ક્યારેક આપણને મનમાં થાય કે આ બન્નેમાં કોણ ચડે! કોણ વધારે પૈસા કમાતું હશે?વકીલસાહેબ જ વધુ પૈસાવાળા હશે એવી સર્વસામાન્ય સમજમાં અમે પાડોશીઓ હતા. એક દીવસ વકીલસાહેબના ઘરમાં નાનો અમથો એક પાઈપ તુટી ગયો ને લગભગ ત્રણ–ચાર લોકોનાં ઘરોનાં ભોંયરાંમાં પાણી ભરાણાં. આડોશપાડોશમાં ધમાલ મચી ગઈ. પ્લમ્બરનાં બારણાં ખખડાવી તેમને ઉઠાડ્યા. નસનસમાં કામગારનું લોહી ધબકતું હોય આવો એ પ્લમ્બર તો એનાં સઘળાં ઓજારો લઈને પહોંચી ગયો. અતીશય અદાથી સીગરેટની એક મોટી ફુંક મારી કામ શરુ કર્યું ને દસ જ મીનીટમાં પુરું કર્યું. વાહ વાહના પાડોશીઓના પોકારોને બાઅદબ વળતી સલામ ભરી, ફક્ત ૧૫૦ ડૉલરનું બીલ વકીલસાહેબના હાથમાં ધરી દીધું. વકીલ એટલે દલીલ તો કરે જ! એમણે કહ્યું, ‘અમે વકીલ લોકો  કલાકના ૧૫૦ ડૉલર ચાર્જ નથી કરતા ને તમે

પ્લમ્બર લોકો ૧૦ મીનીટમાં ૧૫૦ માંગો! બહુ કહેવાય!’ સખ્ખત ખંધું હાસ્ય આપીને પ્લમ્બર કહ્યું, ‘વકીલસાહેબ, તમારી વાત સાથે હું સમ્મત થાઉં છું; કેમ કે પ્લમ્બરના કામનું લાઈસન્સ મેં લીધું તે પહેલાં હું વકીલાત જ કરતો હતો.’ અમે સૌ પેટ દુઃખી જાય એટલું હસતાં હસતાં ઘરમાં ચાલ્યા ગયાં.

જીવનનો ‘સુન્દરકાંડ’ ડીટ્રોઈટમાં વીતાવી ૧૯૮૨માં ફરી પાછાં અમે ફીલાડેલ્ફીયા આવ્યાં. એક અલગારીનો જુનો બંગલો ભાડે રાખ્યો હતો, જેમાં ૮–૧૦ વર્ષોથી કોઈ રહેતું નહોતું. ૬૧૧ હાઈ–વે ઉપર, ઉંચો, એકદંડીયો મહેલ ને લસકણો ડ્રાઈવ–વે સીધેસીધો ૬૧૧માં જાય. કાચાપોચા, નબળાઓની તાકાત નથી કે ઘરના ડ્રાઈવ–વેમાં આવે. ને આવે ને પાછો રીવર્સમાં ગાડી ૬૧૧ હાઈ–વે પર ગાડી લાવે તો ભડના દીકરાને ઈનામ આપું! ‘માતાજીના ઉંચા મન્દીર નીચા બાર, ઝરુખડે દીવા બળે રે લોલ...’ આ ભુતાવળા બંગલાનું નામ ‘ઈરવીન બંગલો.’ ન કોઈ આગળ, ન કોઈ પાછળ, ન કોઈ બાજુમાં– હા, બાજુમાં ઘર હતું જે છેલ્લાં ૨૫ વર્ષથી બંધ હતું. ઘરની પાછળ એક વીશાળ બંગલો, ફરતી લગભગ બે એકર જેવી જમીન અને ફુલોથી ભરપુર બગીચો. ફળોનાં અસંખ્ય ઝાડ. આપણા ભુતાળવા બંગલાની પ્રત્યેક બારીમાંથી આ સ્વર્ગીય બંગલાનું દર્શન થાય. ભયાનક

લટકટા–લસકણા ડ્રાઈવ–વેમાં ફુલો દોડી દોડીને આવે. દીવસરાત જહેમતથી ઉગાડેલો, ફુલ્યો–ફાલ્યો બગીચો જાણે આપણા માટે જ કેમ ન હોય!

આવી મોટી પ્રોપર્ટીના માલીક, ભાઈ–બાપા–ડોસા એડવર્ડ. ઘરમાં હોય તેના કરતાં લગભગ બગીચામાં જ વધુ હોય. એડી બાપાનો રુઆબ, એનાં હાઈટ–બૉડી બધું જોઈને બીક લાગે કે જો ગાલાવેલા થઈને સામેથી વાત કરવા જશું તો કદાચ મોઢું તોડી બેસશે! મેં તો ક્યારેય હીમ્મત જ ન કરી. ક્યારેક જતાં–આવતાં આંખો ચાર થાય તો એડીબાપા મોઢું ફેરવી લે, મનમાં કદાચ કહેતા હશે કે – ‘આ ઈન્ડીયાના દેશી સાવ નક્કામ છે!’

બાવીસ વરસના અમારા વસવાટમાં એડીબાપાએ સમ ખાવા બે વાર અમારી સાથે વાત કરી હશે. પહેલી વાર અમારા પંદર વરસના વસવાટ પછી અમે, ભાડાનો આ ‘ઈરવીન’ બંગલો ખરીદી લીધો, ત્યારે પંદર વરસે એડીબાપાએ અમેરીકન રીવાજ પ્રમાણે બે વાક્યોમાં કહેલું, ‘વૅલકમ ટુ ધીસ નેબરહુડ! આઈ ફાઉન્ડ આઉટ ફ્રોમ એબીન્ગટન ટાઉનશીપ ન્યુસપેપર ધૅટ યુ બૉટ ધીસ પ્રોપર્ટી.’ હવે આનો અર્થ એ થયો કે છેલ્લાં પંદર વરસથી અમે ‘વૅલકમ’ નહોતાં?અને બીજીવાર, ૨૦૦૩માં અમે ઘર વેચી

વીદાય લીધી ત્યારે કહેલું, 'યુ વર ગુડ નેબર્સ'! લો, બોલો! વળી મનમાં તો બોલ્યા હશે કે, 'હાશ! લપ ટળી!'

૨૦૦૩માં મોટી ઉમ્મરે ફરી નવા પાડોશમાં જતાં ડર લાગતો હતો. નવું સબડીવીઝન, નવાં મકાનો જોતાં લાગ્યું કે આવા ઘરમાં તો નવાં પરણેલાં નાની ઉમ્મરનાં કપલ્સ, બાળકો સાથે આવશે જેમાં આપણા જેવાં મોટાં, પુખ્તવયના માણસો સાથે કોણ બોલશે?કોણ સમ્બન્ધ રાખશે?છેલ્લાં બાવીસ વરસથી એડીબાપાએ અમને બરાબર તૈયાર કરી દીધેલાં. અમે શાન્તીપુર્વક 'આખરી મંઝીલ'માં બીન્ધાસ્ત પ્રવેશ કર્યો.

બે–ચાર દીવસ પછી બાજુના મકાનમાં નવ્વી નક્કોર, ચકચકીત, બ્લુ રંગની સ્પોર્ટ કાર આવીને ઉભી રહી. એ રંગનો લેધર સુટ પહેરેલો, ઉંચો, કદાવર, ત્રાંબાવરણો, સુશીક્ષીત માણસ બહાર આવ્યો. મારા મનમાં સહેજ ઉદ્ગાર નીકળી ગયો, 'માર્યા ઠાર, આ ડ્રગ ડીલર જેવો લાગે છે.' અતીશય વીવેકથી હાથ લંબાવી તે બોલ્યો, 'મારું નામ હર્બર્ટ મરે છે. આજ સાંજ સુધીમાં હું અને મારાં પત્ની ઘરમાં ગોઠવાઈ જશું.' તે દીનથી આજ લગણ એ હરખપદુડા હર્બીની દોસ્તી અમે માણી રહ્યાં છીએ. એકદમ ચેતન તત્ત્વથી ભરપુર હર્બી, આખો દવસ ખુલ્લા ગરાજમાં દોસ્તારોની મહેફીલ

જમાવી, તમામ પાડોશીઓનાં ઘરની ઉભે પગે ચોકી કરે છે અને 'પહેલા સગા પાડોશી'નો ધર્મ અક્ષરસઃ પાળે છે.

ભાઈ હર્બી એફબીઆઈ (અમેરીકાની છુપી પોલીસ)ના નીવૃત્ત થયેલા અમલદાર છે. ડાના નામની પત્નીનો સેવાભાવી પતી છે. કામે ગયેલી પત્નીની સાંજે ઘરે પાછા વળવાની રાહ જોતો, સ્વાગત સમીતી સહીત હસતો હસતો ઉભો હોય. જાણે ગરમાગરમ રસોઈ કરીને છાપેલું છાયલ પહેરીને ઉંમરે વાટ જોતી નવવધુ! ડાનાની રાહ જોતો હર્બી પ્રત્યેક સાંજે, અમને પણ, એક નાનું બાળક માબાપ ઘરે આવે અને કેવું ખુશખુશાલ, પુલકીત બે હાથ લાંબા કરી દોડે, એમ જ આવકારે. ક્યારેક હર્બીનો હરખાતો ચહેરો સાંજે જોવા ન મળે તો આપણને અડવું લાગે.

એક વાર બરફના તોફાન પછી અમે બધા પાડોશીઓ સૌ સૌનો ડ્રાઈવ–વે સાફ કરતાં હતાં. કામ કરતાં કરતાં ક્યાં સાડાબાર–એક વાગી ગયો તે ખબર જ ન પડી. કોઈક બોલ્યું, 'એક વાગી ગયો.' પાવડો ફેંકીને હર્બી દોડ્યો. મેં પુછ્યું કે, 'શું થયું?' હર્બીએ વીધાન બહાર પાડ્યું. હાફળો–ફાંફળો શ્વાસ ઉંચો કરી બોલ્યો, 'ડાના મસ્ટ બી હંગ્રી.' માળું કૌતુક લાગે! એક બાળક ભુખ્યું હોય અને માને ચીન્તા થાય તેવી ચીન્તા હર્બીને થઈ પડી! (મને તો અદેખાઈ જ આવી ગઈ!) 'વર રાંધણીયો, વર ચીંધણીયો, વર બેડે પાણી ભરે/ જો કન્યાના

ભાગ્ય હોય તો વર ઘમ્મર ઘંટી તાણે.' ઘરમાં આવી ગીરીશ(મારા પતી)ને કહ્યું કે, 'તમે દેશી ભાયડાઓ આવા સંસ્કારી, હરખપદુડા હર્બી પાસે કાંઈક શીખો કે પત્નીની સેવા કેમ થાય!' ફટાક કરતાંકને પતીદેવ તરફથી ધનધનતો જવાબ એમની ટીખળી શૈલીમાં મળ્યો, 'હર્બીની ડાના બીજી વારની બતકી છે. અમે પણ બીજી વારની બતકીના સેવાભાવી પતી બનીશું ત્યારે જોઈ લેજે અમારો સેવાભાવ, હોં!'

આમ હર્બી જેવો જ એક બીજો પાડોશી કરોડાધીપતી ટામ છે. આખી જીન્દગી મોટી મોટી ટ્રકો ચલાવી ચલાવી એક મોટા અકસ્માત પછી, મોટો ધનનો ઢગલો પ્રાપ્ત કરી, નાની ઉમ્મરે નીવૃત્ત છે. અમારા સબડીવીઝનનો પ્રમુખ છે. સાત–આઠ ઘરોનાં દર અઠવાડીયે ઘાસ કાપે છે, ગોંદરી કાપે છે. આપણા દેશી માનસને નવાઈ લાગે અને મનમાં એક પ્રશ્ન ઉઠે કે આપણી બાજુના સેવંતીલાલ શેઠ આવીને આપણું આંગણું વાળે ખરા!

અમેરીકી પાડોશી સાથે સીન્ધી, મદ્રાસી, ગુજરાતી, ખોજા–મુસલમાનો પણ છે. એક જમાનામાં ગીરનારના સન્તો 'અલખ નીરંજન'નો પોકાર કરતા ત્યારે પ્રત્યુત્તર મળતો 'અલખ નીરંજન' એમ જ આખરી મંઝીલના આ જાગતાં પાડોશમાં જ જાગતાં પાડોશને માણીએ છીએ.

– સુચી વ્યાસ

સુચીબહેનના પ્રથમ પુસ્તક ‘સુચી કહે’ (પ્રકાશક: નવભારત સાહીત્ય મન્દીર, 134 - Shamaldas Gandhi Marg, Princess Street, Mumbai - 400 002 - Phone :022 - 22017213/ 22085593 e-mail - nsmmum@yahoo.co.in also in Gujarat : Ashok Prakashan Mandir, First Floor, Kasturba Khadi Bhandar, Opp: Ratan Pol, Gandhi Road, Amdavad - 380 001 Phone: 079 - 2214 0770. Email - apmbooks@yahoo.co.in ) પૃષ્ઠ: ૧૭૬, મુલ્ય: રુપીયા ૧૭૫માંથી સાભાર..

સંપર્ક:

Suchi Girish Vyas, 8105 - Meadowbrook Drive,

PA - 19111 - USA

Home # 215-742-5625 Cell # 215-219-9962 –

e-mail girishsuchi@comcast.net

&&&

210 : 30-01-2011

# સાત સૉનેટનું મેઘધનુષ

–નટવર ગાંધી

અનુક્રમણીકા

## ૧. સાબરમતી આશ્રમે

અહીં નથી જ રાજમન્દીર, ન મ્હેલ, મ્હેલાત ના,
ન દુર્ગ, નથી હર્મ્ય કો, નથી વીશીષ્ટ સ્થાપત્ય વા,
ન હસ્તીગૃહ, શસ્ત્રસંગ્રહ ન, અશ્વશાલા નથી,
કુટીર દસ–બાર માત્ર, બસ જોઉં આ આશ્રમે.

અહીં જ કસી કાછડી કમર, હાથ લૈ લાકડી,
કપાળ કરી ચાંદલો, હરીનું નામ હોઠે ધરી,
અમોઘ સત શસ્ત્રસજ્જ, જુજ સાથી સંગે તમે
અહીં જ જગરાજ્યની સહુ સમર્થ અક્ષૌહીણી
બુલંદ પડકારી ’તી: “કરવું હોય તે લ્યો કરી.
નથી જ નથી આવવું વીણ સ્વરાજ પાછું હવે,
ભલે મરણ આવતું, મરીશ કાગડા–કુતરા
સમાન પણ ના જ ના પગ મુકીશ હું આશ્રમે.”

અહીં જ અહીંથી શરુ થયું મહાન પ્રસ્થાન જે,
વીશાળ પ્રસર્યું પછી ઉર ઉરે, દુરે, ચોદીશે.

## ૨. રાજઘાટે

મહાન ગણતંત્રની રમણી રાજધાની મહીં,
અનેક અધીરાજ્યના સ્તુપ, મીનાર, સ્તમ્ભો વીશે,
ન કાંચન, ન તામ્રપત્ર; પણ માત્ર પાષાણમાં
અહીં, અમર લોકઉર, ઈતીહાસપૃષ્ઠે તમે.
શીખામણ તમારી જોઉં, ચીર કોતરી પથ્થરે:
“પડે ખબર ના કદી કરવું શું અને કેમ જો,
વીચાર કરવો તદા દલીત, દુ:ખીયા લોકનો,
થશે સકળ સ્પષ્ટ શું કરવું, કેમ, કેવી રીતે.”

સલામ સરકારને! અમલદાર ઉંચા અહીં,
પ્રધાન, અધીકારી, સંસદ સદસ્ય, સાહેબ સૌ,
મહેલ મજલે કરે મસલતો બડી ફાંકડી,
ઠરાવ કરી ઠાવકા, ગરીબને દીયે સાંત્વના,
સદાય સચીવાલયે લટકતી તમારી છબી
કદીક નીરખી તમારું શુભનામ લેતા ચરે.

## 3. ગાંધીજી દક્ષીણ આફ્રીકામાં–૧

ધુરંધરો જગતના સહુ સજ્જ થાતાં
યુદ્ધે, ધરે અવનવાં કંઈ અસ્ત્ર–શસ્ત્ર,

ત્યારે અજાણ સહુથી દુર અન્ધખુણે,
તું આદરે નવીન યુદ્ધ, પ્રયોગ ભવ્ય,
જ્યાં શસ્ત્ર માત્ર સત, હીંસક અસ્ત્ર ના કો',
સેના ધપે જન જપે હરીનામ હોઠે,
માથે મઢે મુગટ શાંતી, સહીષ્ણુતાનો,
ના હારજીત, પરીવર્તન એ જ લક્ષ્ય.
તારે ન વેરી જન કોઈ, ન કોઈ હીન,
તું બન્ધુ, મીત્ર સહુનો, પથદર્શી, શુરો,
વીજ્ઞાની, જ્ઞાની મનનો, ભય–મુક્તી દાતા,
તેં આંખનાં પડળ સૌ કરી દુર, દીધી
દૃષ્ટી, સમષ્ટી ઉઘડી, ઉરતાપ શામે,
ગુલામીમાં સબડતાં જન મુક્તી પામે.

## ૪. ગાંધીજી દક્ષીણ આફ્રીકામાં–૨

હું જ્યારથી સમજતો, શીખતો થયો છું,
જે જે મળે મનીષી, પ્રશ્ન પુછ્યા કરું છું,
શાને ભયંકર કહો, અહીં યુદ્ધ થાતાં?
ને દોષ વીણ ગણ કેમ હણાય?શાને
ધીક્કારતાં મનુજ જાણ–પીછાણ વીના?
ને જીવવા પુરતું બે બસ મુઠી ધાન,
શાને પછી પુરવઠો જન સંઘરે?ને

શાને મરે ભુખમરે શીશુ કુમળાં કૈં?

જોઉં, તપાસું ઈતીહાસ, વાંચું થોથાં,
જો ક્યાંય, કોઈ જડી જાય જવાબ સાચો.
જીજ્ઞાસુ તો સતત શોધ કરી રહ્યા છે,
ને વેદીયા વળી વીવાદ કરે, હું જાણું,
એ પીષ્ટપેષણ બધું, વધુમાં લવારો,
તારી જ શીખ સાચી, સ્પષ્ટ જવાબ તારો.

## ૫. દેશ એનો એ જ એ..

ભવીષ્ય ભભુકે, જુઓ ઉજળું આજનું ઈન્ડીયા:
રુપેરી પડદે, મહેલ મજલે, ઝરુખે ઉંચે,
સભા સરઘસે, સ્વતંત્રદીન ઉત્સવે ઉભરે,
નવીન ટીવી, રેડીયે, મ્યઝીકબાર, બોલીવુડે,
નવીન રીતભાત, ને રીધમ, તાલ, બોલે, લયે,
નવી જ નવી ફેશને, ઉછળતાં નવાં યૌવને,
ગણાય અમ સુન્દરી જગત શ્રેષ્ઠ, ડંકો બજે,
દલાલ સ્ટ્રીટમાં, અમે ધનીક શેર–સટ્ટે હવે.

પરંતુ નજરે પડે કમરતોડ કામે ચડ્યા
અગણ્ય કૃષીકાર ને મજુર કૈં, ભીખારી ભમે,

શીશુ–કુસુમની ફુટે કુંપળ ના ફુટે ત્યાં ખરે,
બળે નવવધુ, ગળે ગરીબ કૈં અકાળે ઢળે,
ભસે નીરસ ભાષણો પટુ પ્રધાન, ચાટુ થઈ,
લવે કવી, કરે ગુરુ ભજન – દેશ એનો જ એ.

## ૬. મને શીશીર ના ગમે

મને શીશીર ના ગમે, નહીં નહીં જ હેમન્ત વા,
ગમે ન કદી અંગ અંગ થથરાવતી ઠંડી આ,
થીજે બરફથી બધું ભીતર–બ્હાર, સંચાર ના,
ફરે ન ચકલું ભલું, જીગર મારું થંભી જતું.
અને ઘર બહાર જો નીકળું કામ–કાજે જવા,
ચડાવું થરના થરો, ગરમ કોટ, જેકેટ કૈં,
લગાવું શીર ટોપી ઉપરથી ને નીચે બુટ બે,
છતાંયે થથરું, કહો શીશીર કેમ ઋતુ ગમે?

પરન્તુ કહું કાનમાં, ગમતી કેમ ના ઠંડી આ,
મને નીરખવી ગમે નમણી નાર સૌ ગ્રીષ્મની,
ફગાવી સહુ ગોદડાં, વસન અલ્પ, આછે સજી,
બજાર બગીચે ફરે, રમણી રમ્ય જોતો રહું,
વળી પરખતો રહું હૃદયગમ્ય તન્વી તણાં
હતાં શીશીર ગુપ્ત તે સકળ અંગ સોહામણાં.

www.gujaratilexicon.com

## ૭. ટીવી

મળ્યું રમકડું, કહ્યાગરું, કરે તમે જે કહો,
કરો જરીક ક્લીક ને તુરત ગાજતું, વાજતું,
કુટુમ્બ કબીલો રમે દીવસ રાત મોડે સુધી,
બપોર બળતે ઘણી ગૃહીણી શોધતી સાંત્વના,
શ્રમીત જન સાંજના, રડતું બાળ છાનું થતું,
પ્રમાદી, ઘરકુકડા, વડીલ વૃદ્ધનો આશરો.

દીયે ખબર આસપાસ, દુર દેશ–વીદેશની,
ચતુર સમજાવતું જીવન કેમ આ જીવવું,
કહે રમવું કેમ, પ્રેમ કરતાં વળી શીખવે,
રુપાળું બનવું?શું ખાસ શણગારતાં શીખવું?
ભુગોળ ભણવી?કહે ઈતીહાસ કયો જાણવો?
ભુલોક ભમવું બધે?શીખવું સાંધતાં–રાંધતાં?

બધું જ બધું: જોવું, જાણવું, શું ગાવું, શું નાચવું,
શીખી નવું નવું હવે રમકડે અમે જીવતાં.

## –નટવર ગાંધી

કવી–સમ્પર્ક :

Natwar Gandhi

2939 - Van Ness Street, NW, #1139, Washington, DC - 20008 - USA

ફોન નંબર– 202-302-5844

ઈ–મેઈલ: natgandhi@yahoo.com

કવીના પ્રકાશીત ગ્રંથો –

૧. 'અમેરીકા, અમેરીકા' – પ્રથમ આવૃત્તી: 2004 પૃષ્ઠ સંખ્યા: 138 મુલ્ય: રુપીયા 150,

૨. 'ઈન્ડીયા, ઈન્ડીયા' – પ્રથમ આવૃત્તી: 2006 પૃષ્ઠ સંખ્યા: 138 મુલ્ય: રુપીયા 150,

3. કવીનો કાવ્યસંગ્રહ 'પેન્સીલ્વેનીયા એવન્યુ' જાન્યુઆરી ૨૦૧૧માં પ્રકાશીત થઈ રહ્યો છે.

ત્રણે કાવ્યસંગ્રહોના પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન્સ, મુંબઈ – ફોન: 022-2200 2691, 2200 1358 અને અમદાવાદ– ફોન: 079-2656 0504, 2644 2836 email: info@imagepublications.com

♦ કવીની વેબસાઈટ http://www.natwargandhi.com/ ની મુલાકાત પણ લેવા જેવી છે. ♦

♦◆♦

211 : 13-02-2011

# પાકા ઘડા

–કીશોર રાવળ

અનુક્રમણીકા

એક શીયાળે અમે ભારત ગયેલાં અને ‘ચલકચલાણું ઓલે ઘરે ભાણું’ કરતાં ગામે ગામે ફરી સ્નેહીઓને મળવામાં પડ્યાં. વીદ્યાનગર ગયાં. અમારા હોસ્ટ(મેજબાન) સુર્યકાન્ત કહે દર ગુરુવારે એમના ઘર પાસે એમનું એક ગ્રુપ દસ વર્ષોથી નીયમીત મળતું રહે છે. “ભેગાં મળી કંઈને કંઈ વીષય પર વીચારોની આપ–લે કરીએ છીએ. કાલે ગુરુવાર છે, તમે આવશો?” એટલે આપણે તો પાડી હા. એમણે ગુરુવારીયા ગ્રુપનો વીધી સમજાવ્યો. દર વખતે બીજા અઠવાડીયા માટે એક વીષય નક્કી કરે અને સભ્યોમાંથી એક માણસને એનું તંત્ર સોંપી દઈએ. તૈયારી કરી એ વીષય પર બોલવા એને છ મીનીટ અપાય. અને પછી બીજાઓ પોતપોતાના અભીપ્રાય ત્રણ ત્રણ મીનીટની મર્યાદા જાળવી રજુ કરે. અને બસ, ચાપાણી કરીને છુટ્ટા પડે! સભાનો સમય, સાંજના વાળુ પછી આઠ વાગે નીશ્ચીત, જગા નીશ્ચીત અને એક સવા કલાકમાં સભાની સમાપ્તી પણ નીશ્ચીત!

મેં પુછ્યું, “આ વખતનો વીષય શો છે?”

''યુનીવર્સ – બ્રહ્માંડ''

પડશે એવા દેવાશે કહીને અમે તે દીવસે સાંજે ઉપડ્યાં સંગે સંગે. મને બ્રહ્માંડનો પરીચય સીત્તેરેક વર્ષનો! મળવાની જગા તે દીવસે બાજુની ગલીમાં જ હતી. જઈને બેઠાં. આઠ વાગ્યા સુધીમાં છ સાત સભ્યો આવી ચડ્યા હતા એટલે ઘડીયાળને ટકોરે મુખ્ય વક્તાએ શરુઆત કરી. ચાલો, મનમાં એક ઉંડી રાહત અનુભવી કે ક્યાંક તો સમયસર કાર્યક્રમો શરુ થાય છે! બ્રહ્માંડનું ભવીષ્ય ઉજળું છે.

પહેલા વક્તાએ વૈજ્ઞાનીક દૃષ્ટીથી બ્રહ્માંડ રજુ કર્યું. આટલું પહોળું, આટલું ઉંડું, આટલું લાંબું; તેમાં નવલખ ઉપર આટલા ગપ્તાલીસ ગ્રહો અને આટલા ક્રોડ તારાઓ છે; કેટકેટલી આકાશગંગાઓ વહે છે; કેટલા ગ્રહો રોજ જન્મે છે; કેટલાનું ઉઠમણું થાય છે; કેવાં રંગો–રુપો સર્જાય છે; કોઈ ચાલે પંજાબમેઈલની ઝડપે અને કોઈ કવીની જેમ ધીર ગંભીર ચાલે. છ મીનીટમાં બ્રહ્માંડનાં વાઈટલ સ્ટેટીસ્ટીક્સનાં, ભૌતિક અંશોનાં માપ–તાલ મળી ગયાં.

બીજા ભાઈએ કવીની દૃષ્ટીથી બ્રહ્માંડની વાત કરી. 'બ્રહ્મનો હીંડોળો ઝાકમઝોળ' પંક્તીઓથી કવી ન્હાનાલાલને અંજલી આપી, નરસીંહ મહેતાને યાદ કરતાં 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'માં નખરાળું બ્રહ્મ નીહાળ્યું. અને બ્રહ્માંડની વીશાળતા,

ભવ્યતા બસ, ખાલી પચાસેક સ્વર–વ્યંજનના સંકલનમાં ઝડી દીધાં.

કોઈએ 'બહાઈ' ધર્મ પ્રમાણે વીશ્વની શરુઆત અને અંત આપણાં જન્મ અને અંત સાથે જોડાયેલાં છે, એ સીદ્ધાંતોનું પ્રતીપાદન કર્યું. મને અમેરીકન કવી રોબર્ટ ફ્રોસ્ટ યાદ આવી ગયા. 'આખા વીશ્વના સર્જન પાછળનો હેતુ માત્ર એક તમે જ છો. બસ!'

પછી આવ્યો મારો વારો. અને મેં બે ફદીયાભાર મારું ઉમેર્યું, મારો મમરો જ કહોને! મારું માનવું છે કે માણસ જન્મજાત બીજ ગણીતીયો જ છે. અને ગણીતની બીજી બધી શાખાઓ જન્મી એ પહેલાંનો. ન સમજાય, ન મપાય તેવી વસ્તુને જોઈ આભો તો થઈ જાય; પણ સાથોસાથ એને 'એક્સ' કહે, 'વાય' કહે, 'બ્રહ્માંડ' કહે, 'સૃષ્ટી' કહે, 'ભગવાન' કહે અને અટક્યા વગર ગાડી ગબડાવે. જેમ જેમ જ્ઞાન વધે, સમજ વધે તેમ તેમ 'સુર્યનારાયણ' કે 'ચાંદામામા' સુરજ અને ચાંદો બને. 'સર્વશક્તીમાન દેવગણ'ના સભ્યો મટી 'મૈં અપની ધુનમેં રહતા હું,' એમ કહી ઘુમતા રહેતા ગ્રહો અને તારાઓ બને છે. વીસ્મય એટલું ને એટલું જ રહે, આંખો એટલી ને એટલી જ પહોળી રહે, ભય જતો રહે; પણ જેમ સમજ વધે એમ તેની જુની એક્સ, વાય કે ઝેડની વૅલ્યુ ભુંસાતી નથી અને પોષી પુનમો કરતાં રહી છીએ, કુંભમેળે જતાં રહીએ છીએ, 'ઓમ ભુર્ભુવસ્વઃ…' બોલતાં

બોલતાં સુર્યનમસ્કારો કરતાં રહીએ છીએ. જુના વીચારોને બદલે 'આનું મુલ્ય ખાલી ઐતીહાસીક જ છે' એમ નથી કહેતા કે નથી લખતા અને પરીણામે જુનાં-નવાં મુલ્યોના ગોટાળા વધતા જાય.

સુર્યકાન્તે ફીલસુફીની દૃષ્ટીએ બ્રહ્માંડનો ભેદ ફોડ્યો. બ્રહ્માંડની વીશાળતા, અસ્પૃશ્યતા, એનો વીસ્તાર માનવીને પોતાની અલ્પતા, શુદ્રતાનો અનુભવ કરાવી નમ્ર બનાવવા માટે છે અને ખાલી બ્રહ્માંડદત્ત ખોબા જેવડાં મગજમાં સમાયેલી બુદ્ધીથી એને માપવા પ્રેરે છે.

કોઈએ કહ્યું કે આપણે વાતો કરીએ ભવ્ય મીસીસીપી નદીઓની અને આપણાં વોંકળામાં તો ઉંધે માથે ગળાબુડ પાણી માંડ મળે તેનું શું?બ્રહ્માંડને છોડી તળ પર શી શી અજાયબીઓ, સાક્ષાત્કારો, થનગનાવે તેવી વસ્તુઓ છે, સભર સૃષ્ટી છે એની વાત કરોને?

ફાંકડી ચા આવી. એકેક પ્લેટમાં નાસ્તો પીરસાયો. સૌ જમીને આવેલાં છતાં બધાંની પ્લેટ સફાચટ થઈ ગઈ એ પણ વીશ્વની અજાયબી જ કહેવાય ને?આનંદનો ઓડકાર અજીર્ણનો ઓડકાર ન બને તો સારું એમ વીચારતા અમે ઘરભણી ઉપડ્યા..

સુર્યકાંત કહે, ''આટઆટલાં વર્ષોથી, (લગભગ આઠેક વર્ષો થયાં હશે), અમે નીયમીત મળીએ છીએ. એક બીજા પાસે આપણું આગવું મંતવ્ય રજુ કરી, ' કોઈ એકને તો મારા મત

તરફ ફેરવવું' એવી એક અડગ શ્રદ્ધાથી. અને મને યાદ નથી આવતું કે કદી કોઈએ, ક્યારેય, કોઈનોય અભીપ્રાય બદલાવ્યો હોય!''

મને એક રીતે આપણા પર હસવું આવ્યું કે સામાન્ય રીતે ''તમે ઉંડો વીચાર કરશો તો મારી સાથે સમ્મત થશો'' એમ કહી આપણે બીજાને શરમમાં નાખીએ છીએ. મને પોતાને ઘણીવાર લાગે છે કે, મેં સીત્તેર સીત્તેર વર્ષથી પંપાળી પોષેલાં મંતવ્યો આ ચાળીશ વર્ષનો છોકરો ચળાવી દે એ કેમ બને?આટલાં વર્ષો એળે ગયાં?એ કેમ ચલાવી લેવાય?

પછી થયું કે લોકો આને જ 'પાકા ઘડા' કહેતા હશે ને! 'નવા કાંઠા ચડે કે નહીં', એ બાજુએ મુકીએ; પણ એવા માનસનો ઈલાજ કાઢવો રહ્યો.'

તો આવો, કહો મને તમારા વીચારો. હું કાન દઈને સાંભળવાનું વચન આપું છું.

અને પછી તમારો વારો, મને સાંભળવાનો ...

સ્વ. કીશોર રાવળ

લેખકની વેબસાઈટ 'કેસુડાં ડોટ કોમ' http://kesuda.com/mag01/magazine.htm ના જુન 2003ના અંક 24માં આ લેખ પ્રગટ થયો હતો.. લેખકની પરવાનગીથી સાભાર...

# સર્જક–સંપર્કઃ

Kishor Raval, 9023 Unit B Ayrdale Crescent,

Philadelphia-Pa-19128-USA

Phone- 215-482-0924

EMail - raval.kishor@gmail.com

@@@

212 : 27-02-2011

# રીસાયેલા દીકરાને

-વિજય શાહ

અનુક્રમણીકા

તને કદાચ તારું બચપણ યાદ નથી; પણ બચપણમાં તને તારું ધારેલું બધું જ મળ્યું હતું. તેનું કારણ પણ હતું. તું જે માંગતો હતો તે સર્વમાં બાપ તરીકે હું તારા વીકાસની તકો જોતો હતો.

તું મોટો થયો. તારી માંગણીઓ પણ મોટી થઈ. જ્યારે મારી પહોંચ અને સમજ કરતાંય ઘણી મોટી માંગણીઓ તેં કરી, ત્યારે મેં તને સમજાવવાનો પ્રયત્ન કર્યો. તને હું ના કહેવા માંડ્યો, તેમ તું વધુ જીદે ચડ્યો. તારી દલીલ હતી, 'નાનો હતો ત્યારે તો તમે મને બધું આપતા હતા! હવે કેમ નહીં?'

ભાઈ, નાનો હતો ત્યારે તારી માંગણી પણ નાની હતી. તને લેગો ગેમ જોઈતી, બોલ–બેટ જોઈતાં અને જોઈતી હોય સાયકલ કે સ્કુટી. પણ હવે ભાઈ, તું તો માંગે વાડી, લાડી અને વજીફા! જે તારા ધાર્યા પ્રમાણે તો કેમ બને? તને ખબર છે?લાડી, વાડી અને વજીફા માટે ઘણું વીચારવુ પડે. લાડી સાથે આખી જીન્દગી અને આવનાર વંશજોનું અને અમારા

બધાનું ભવીષ્ય જોડાયેલું છે. વાડી અને વજીફા તો આખી જીન્દગી મથે ત્યારે બને અને તેમાંય તારો સહકાર હોય તો જ.

તને ખબર છે, જીન્દગી તો એક ત્રીપાર્શ્વ કાચ(પ્રીઝમ) છે. સુરજનું કીરણ જે ખુણેથી પડે, તે ખુણા પ્રમાણે બીજી બાજુ મેઘધનુષ્ય રચાય. આખી જીન્દગીના પોતાના અનુભવોથી માબાપ, તમારા જીવનમાં સુખનું મેઘધનુષ્ય રચવા મથતાં હોય છે; કારણ કે તે જ તો તેમની મહેચ્છા હોય છે. પણ ભાઈ, તને તો તારા સુખની પડી હતી અને તેં તારો માર્ગ શોધી લીધો. તારી લાડી તેં શોધી લીધી અને તારી વાડી અને વજીફા માટે ઝુઝવા માંડ્યો.

ભલા ભાઈ, તારે માથે હજી ભણતરનું દેવુ છે. બે પાંદડે થઈ તે દુર કર. થોડીક બચત કરી, તારું ઘર લે અને પછી લાડીનો વીચાર કરાય. પણ ના, તું તો રૉકેટ યુગમાં જન્મેલો, તેથી ચટ મંગની અને પટ બ્યાહ. 'હની'ને ખુશ કરવા ઘર પણ લીધું અને વ્યાજે ધંધો પણ શરુ કર્યો. જીન્દગીના ત્રીપાર્શ્વ કાચ (પ્રીઝમ) ઉપર જાતે કીરણ બનીને તું પથરાઈ ગયો. હું ઈચ્છું કે ના ઈચ્છું; છતાં તે જ મેઘધનુષ્યના રંગો સાથે તારે જીવવું પડશે કેમ કે ખુણો ખોટો પસંદ કર્યો છે તેં. દાખલામાં પહેલે પદે જ તેં ગુણાકારને બદલે ભાગાકાર કર્યો. ત્યારે જવાબ કેવી રીતે સાચો આવે?

હું જ્યારે પણ અમેરીકન છોકરીઓના વ્યભીચારો અને છુટાછેડાની વાતો સાંભળું છું, ત્યારે મારું મન એક ધબકારો ચુકી જાય છે. લગ્નજીવનની શીથીલતા કે લે–ઑફની વાતો મને કાયમ ચીન્તીત કરે છે. તારી સાથે આવું કંઈક થાય તો?આવે વખતે સંયુક્ત કુટુંબ મોટો હુંફાળો માળો બનતું હોય છે.

હવે મને સમજાય છે, મારા બાપુજીની વ્યથા. તેઓ કહેતા, ‘એકડો અને મીંડુ સાથે હોય તો જે તાકાત હોય, તે તાકાત એકલા એકડાને મેળવતાં દસ ગણો સમય લાગે.’ તેમનું માનીને હું તેઓની સાથે રહ્યો, તેથી દસના એકસો થવામાં વાર ન લાગી. પણ તું તો એકલો થવાનું જ ઝંખે છે. ભારતીય દીકરો થવાને બદલે અમેરીકન દીકરો અને અમેરીકન પતી થવા જાય છે. ખેર, પ્રભુ તને બચાવે; કારણ કે તું મારું જ પંડ છે અને તને દુઃખ પડશે એ વીચારી વીચારીને મને પણ દુઃખ થાય છે. કાં તો અમેરીકન દીકરો અને અમેરીકન પતી થા કાં તો ભારતીય દીકરો અને ભારતીય પતી થા. આ સગવડીયાં પરીબળોથી પડનારાં દુઃખોથી તું ક્યારેક અજંપ થાય, તો માબાપ સમું કોઈ મોટું આશ્રયસ્થાન નથી જગમાં, કે જે તારા સુખે સુખી અને તારા દુઃખે દુઃખી થતાં હોય. હા, તું સુખી હોય તો અમને સુખ જ છે. (પણ મને ખબર છે કે વીટામીન લેવાથી રોગ ના મટે. રોગ મટાડવા દવા–એન્ટીબાયોટીક્સ લેવા પડે.)

ભલે દીકરા, તને પાંખો આવી અને અમારું હૈયું નંદવાયું. છતાંય કહીશ કે દુઃખ આવે ત્યારે તારી જાતને એકલી ના માનીશ. વીના સંકોચે આવજે; કારણ કે બાપ–દીકરામાં મતભેદ હોઈ શકે; મનભેદ ન હોઈ શકે. દરેક પંખીને પાંખો આવે ત્યારે તે માળો છોડે જ છે. તેં માળો છોડ્યો; પણ અમારું હૈયું નંદવીને. ખેર, ઓ રીસાયેલા મારા દીકરા, એક વાત જે તને અગણીત વાર કહી છે, તે ફરી કહીને અટકું. દુઃખ આવે તો ક્યારેય તું તારી જાતને એકલી ના માનીશ. આ ઘર તારું જ છે–આ માબાપ પણ તારાં જ છે.

## પપ્પા, હવે હું મોટો થઈ ગયો છું...

તમે નહીં માનો; પણ પપ્પા, તમને સંયુક્ત કુટુમ્બમાં દાદાજી સાથે ઝુઝતા અને સોસવાતા જોયેલા. હું સમજણો થયો ત્યારથી મેં નક્કી કર્યું હતું કે હું મને કે મારા કુટુમ્બને અને તમને એવી સ્થીતીમાં નહીં મુકું. તમને સંયુક્ત કુટુમ્બમાં એકલા લાભો દેખાતા અને તેથી તમે અમને પણ તે રીતે જીવવાના સંસ્કાર પાડવા મથતા. તમારા કામે ગયા પછી અમારી પરીસ્થીતી શી હતી તે તમને ખબર છે? અમે તેમના પૌત્ર નહીં; ઉપાધી હતા. અમે મહેમાનોની આગતા–સ્વાગતા માટેના

અને ધક્કાધુક્કી માટેના વીના પગારના નોકરો માત્ર હતા. કોઈને અમારી સાથે રમવું નહોતું. દાદાજી અને ઉમંગી ફઈ, મમ્મીને ફાવે તેમ કહે અને ટૈડકાવે તે તો મને બીલકુલ ન ગમતું. હા, તમે આવો અને મને ગમતાં રમકડાં લાવતા તે મારો અનન્ય આનંદ હતો.

પપ્પા, તમે માનતા કે સંયુક્ત કુટુમ્બમાં અમારું ઘડતર થતું હતું. ના પપ્પા, આજે જ્યારે હું મારું ભારતનું બચપણ જોઉં છું તો મને લાગે છે કે અમે ગુનો કર્યા વીનાના ગુનેગાર હતા. ખાસ તો જ્યારે ઉમંગી ફઈનો અંકીત ઘરે આવે ત્યારે દાજી, દાદી અને ફઈ તેમને માટે જે ચોકલેટ અને આઈસક્રીમ લાવતાં તેમાંથી મને અને નાનકાને ના આપતા ત્યારે મને ખુબ જ ગુસ્સો આવતો. આવો વેરો–આંતરો કેમ?ઘણી વખતે મેં મમ્મીને ફરીયાદ કરી ત્યારે મમ્મી મને સમજાવતી અને સાંજે બહાર લઈ જઈને આઈસ્ક્રીમ ખવડાવતી; પણ સાથે સાથે તેની આંખોમાં પણ તમારી સામેનો વીદ્રોહ હું જોતો.

ખેર, બચપણ તો વીત્યું. પણ તમે અમને અંગ્રેજી મીડીયમમાં મુક્યા હતા. તેમણે અમને ખ્રીસ્તી રીત–રીવાજ અને આંગ્લ સંસ્કારો આપ્યા અને તેથી જ અમેરીકા આવતાં હું તરત બધું સમજી ગયો. અહીં બધે જ બધી રીતની મુક્તી–સ્વતન્ત્રતા છે. અહીં લોકો પપ્પાને નામથી બોલાવે, કેક અને

ચોકલેટ તો છાસ વારે ખાય. પપ્પા, એ બધું સહજતાથી મળવા માંડ્યું અને તમારી બધી વાતો મને પોકળ લાગવા માંડી.
અહીં ‘જેની’ સાથે મન મળ્યું. મમ્મીને વાત કરી તો મમ્મી તો ભડકી! ‘‘જેની તો ભારતીય નથી. ભણવાના સમયે ભણી લો, રોમાન્સ કરવા આખી જીન્દગી પડી છે.’’ જ્યારે જેનીએ એના પપ્પાને વાત કરી તો એના પપ્પાએ મને તરત જ સ્વીકારી લીધો. મારું મન હવે તેના પપ્પા અને મારા પપ્પા વચ્ચે સરખામણી કરવા લાગ્યું. તેના પપ્પા વધુ સમજણા લાગ્યા. તેનાં દાદી તો ખુબ જ વહાલથી મને રાખતાં. મારા મને મારા દાદી અને જેનીનાં દાદી સાથે ફરી સરખામણી કરી. બધી જ રીતે મને મારા ઘર કરતાં જેનીનું ઘર ચડીયાતું લાગવા માંડ્યું.

કૉલેજના બીજા વર્ષે જેની સાથે રહેવું મને ગમવા માંડ્યું. મમ્મી સાથે તે ફ્રેન્ડલી થાય તે માટે હું તેને ઘરે લઈ આવ્યો. પણ આપણે તો ચુસ્ત બ્રાહ્મણ! તેથી તે જાણે અસ્પૃશ્ય હોય તેમ હડે હડે થઈ. પપ્પા, તે અમેરીકન એટલે શું તેને માન કે અપમાન ન હોય?તે પાછી આવીને ખુબ જ રડી અને મને પુછે, ‘આવું કદીયે મારે ત્યાં તને થયું છે?’ તે રાત્રે હું ખુબ જ રડ્યો અને મમ્મીને ફોન પર કહી દીધું. ‘મમ્મી, તું જેનીને નહીં સ્વીકારે તો હું તને છોડી દઈશ. મારી પાસે બીજો કોઈ વીકલ્પ જ નથી.’..ને તે દીવસે ચેટ ઉપર તમે મને ‘સંસ્કાર અને ફરજો’ સમજાવતા હતા. ભારતીય સંસ્કાર અને ફરજોનાં ભદ્દાં

www.gujaratilexicon.com

પરીણામો હું જોઈ ચુક્યો હતો. તેથી જ મેં તમને પણ કહી દીધું કે, ‘પપ્પા, તમે ભુતકાળ જુઓ છો; મારે ભવીષ્ય જોવાનું છે.’

અને એ જ ત્રીપાર્શ્વ કાચ પરના ખુણાની તમને જે ચીન્તા હતી તેની સંભાળ જેનીએ રાખી છે. મારા માથેનું ભણતરનું દેવું, મકાનનું દેવું, કારનું દેવું; આજે અમે બન્ને સાથે મળીને ભરીએ છીએ. મારાં લગ્નને ચાર વર્ષ થયાં. હવે મને પડેલાં દુ:ખો, મારાં સંતાનને હું નહીં પડવા દઉં. પપ્પા, સાચે જ, હવે હું મોટો થઈ ગયો છું.

–વિજય શાહ

સમ્પર્ક:

Vijaykumar Shah, 13727-Eldridge Springs way,

Houston- TX- 77083-USA

Phone: 281-564-5116 email: vijaykumar.shah@gmail.com

આ લેખ, લેખક શ્રી વિજય શાહના પ્રસીદ્ધ બ્લોગ ‘વિજયનું ચિંતન જગત’ (મને ગમતી વાતો અને મારી સર્જન પ્રવૃતીઓ)માં તા. 14 નવેમ્બર, 2010ના દીવસે પ્રગટ થયો હતો.

♦●♦

213 : 13-03-2011

# ચાલો, ઘર ઘર રમીએ...

–ડૉ. નીલેશ રાણા

અનુક્રમણીકા

(1)

ચાલો, ઘર ઘર રમીએ...
એકબીજાથી થઈ અજાણ્યાં: એકમેકને ગમીએ.
હું લાવીશ ચોખાનો દાણો, તું દાળનો દાણો,
સોનલવરણી રેતી ઉપર સરતાં રહે વહાણો,
અહીંયાં આપણે રહીએ તોયે જગ આખામાં ભમીએ,
ચાલો ઘર ઘર રમીએ...

વયનાં વસ્ત્રો સરી પડશે ને થઈશું નાનાં અમથાં,
આપણને પણ ખબર પડે નહીં, કેમ એકમેકને ગમતાં!
રમતાં રમતાં, એકમેકમાં એવાં તો વીરમીએ,
ચાલો, ઘર ઘર રમીએ...

આપણા ઘરની આસપાસ એક સાવ નીરાળો બાગ,
એમાં એક જ મોસમ કેવળ ફાગ, ફાગ ને ફાગ,
વારે વારે વર–વહુ થઈને, પળપળ અહો પરણીએ,
ચાલો, ઘર ઘર રમીએ...

(2)

અડકું ઝાકળને, દીલમાં દુ:ખ થાય,
ભીનો એક ચહેરો એમાં લોપાય.
રેતીમાં સુનાં પગલાંની સાથે,
સમન્દરનાં મોજાંઓ વાતું કરે.
ચાલ મારી સાથે, સાંભળ એ પાગલ,
ચાલતાં ચરણને તું શાને રડે?
પળ એક પ્રતીબીમ્બને અડવાનું સાહસ,
જીવનભર માટે આંખો છેતરાય,
સમયના નહોરો, અસ્તીત્વનાં ચીથરાં,
માનવની પોકળતા અંદર સડે.
ફુટે એક સરવાણી અંતરની કુખમાં,
સાથ જાણીતું સ્મીત આંખોમાં ભળે,
પીળી શી પાંદમાં હસતી વસંત,
છાનું છુપું કોઈ નામ કોતરાય.

(3)

કાળમીંઢ શીલા, તુટે મોજાં હરોળ;
જાણે શંકર માથે દુધ–છોળ.
સી–ગલની પાંખોમાં ઉંઘે આકાશ,
તારી આંખોમાં જાગે અવકાશ.

પગલાંને મારાં તુજ ચરણોની છાંવ મળે,
તો આવે દરીયાને થોડી હાશ!
રેતીના પાલવમાં નામ લખું ગમતું,
ને તર્જનીમાં ફુટે વંટોળ.
ઉંચી ઉંડાણ કાજ આપેલા વાયરા,
મેં ભીના શ્વાસોનો ભાર માંડ ઝાલ્યો.
સાતે દરીયાઓ તારા ભડકે બળે,
મારી આંખે અષાઢ ફુલ્યો ફાલ્યો.
રેતીમાં ચેતીને ચાલતાં કીનારે,
ચીખે પડછાયા ભીના તરબોળ.

(4)

મંજીલ મંજીલ રટણ કર્યું ને મેં તો રસ્તા ખોયા,
ખોટ હતી શું મારી નજરમાં,
મેં મધ્યાહ્ને સુરજ ડુબતા જોયા.
પડછાયામાં વાંચ્યો વીસામો, વાંચી દીશા પગલાંમાં,
શાને બળી ગઈ એક ચીનગારી, સમજણના ઢગલામાં,
ઝરમર શ્રાવણનાં આંસુમાં હીમનાં સપનાં ધોયાં.
ઓળખનાં ઝાકળમાં સળગ્યાં મેઘધનુ આશાનાં,
જીવન ચોપાટે પાવન પગલાં શકુની પાસાના,
હસતા માણસના ખોળામાં માથું મુકી રોયા.

(5)

લાગે છે હવે આંખ મીંચી દઉં,
પછી સ્વપ્ન કદી છટકે નહીં.
હવાની કબરમાં ક્યાં લગી ગુંગળાવું?
છુટે બંધન... નીરાંત કાયમની!
રચે રાસવંટોળ – અપેક્ષાના,
અને સજા ભોગવી રહ્યા શબ્દો,
આકાર બી ભીંસતા સમ્બન્ધો,
મુંઝાતી શબ્દોની બારાખડી.
દૃષ્ટીથી સળગી ઉઠતી સૃષ્ટી,
તો પછી બીજની કુખમાં સુતેલા
વૃક્ષને ઢંઢોળવાનું સાહસ શાને?
'મહાભીનીષ્ક્રમણ'ની યોગ્યતા
સમ્ભવીત નથી.
'સામાન્ય બનીને રહેવું'–ની
સરળતા કોઠે પડી જતી,
સમસ્ત વીકસતું મારું,
ધરબી દઉં મારામાં જ,
ન શરુઆત... ન અન્ત...!
હું જ સતત અને નહીં પણ,
જો આંખ મીંચી દઉં,

બસ!

(6)

અરીસાએ આજ દીધી તાળી,

જ્યારે નજરોને માંડ લીધી વાળી.

કાંઠાઓ થઈને ઉભો અરીસો,

એમાં વર્ષો અખંડ વહેવાનું.

વાસંતી વાયરાઓ ઝુલાવે દર્પણમાં,

ખાલી પાનખરના શ્વાસો સહેવાનું.

છલકાતી તૃષ્ણાને નયનોમાં ભાળી,

ત્યારે નજરોને માંડ લીધી વાળી.

દર્પણની ડાળે પ્રતીબીમ્બો ટહુકે,

વૃક્ષ આછેરું મુજમાં શરમાતું,

ઘુંઘટ ખોલીને દર્પણમાં કોઈ,

જોયું સંધ્યાએ રાગ લલીત ગાતું.

વાત છાની રાખી છે સંભાળી,

જ્યારે નજરોને માંડ લીધી વાળી.

(7)

હીમવર્ષા

ધવલ આભ, ધવલ હવા, ધવલ ધવલ છે ધરતી,

હીમવર્ષાના ઘુંઘટમાં, પળપળ નીશારાણી ખરતી.
વેરાયો છે ચન્દ્ર ધરા પર આજે લાખો કટકે,
કે ચાંદી સમ યાદો તારી, મારે આંગણ ભટકે.
વૃક્ષો આજે વૃદ્ધ થયાં, ડાળો થઈ ગઈ ધોળી,
કે નજરોના આસવમાં, કોઈ ગયું ચાંદની ઘોળી!
આજ હીમાલય પીગળીને બનતો દુધીયો સાગર,
કે ગોકુળમાં છલકાતી ગોપીની ગોરસ ગાગર!
સ્તનપાન કરી હસતાં બાળકના હોઠે દુધની ઝાંઈ,
કે પ્રીયે, તારા સ્મીત કેરી હરખાતી પરછાંઈ!
કૃષ્ણ આભેથી ઉતરી, રાધારાણી રાસ રમે
અહો ભાગ્ય! અલૌકીક દૃશ્ય, કહો હવે શું ગમે?

(8)

આજ મને વાગી ગઈ ધુમ્મસની ધાર,
તોય મને દેખાતું બધું આરપાર!
સ્થળને ને જળને મેં વ્હેરાતાં જોયાં,
ને જોઈ લીધું પળપળનું તળીયું,
ગોપી એક સંગોપી બેઠી છે ક્યારની,
વ્હાલમનું વૃન્દાવન ફળીયું.
મારા હોવાની ભાવના – સમ્ભાવનાથી,
આપું નીરાકારને હુંયે આકાર,

વ્હાલમના વાઘાનું લીલામ કદી થાય નહીં,

ને મોરપીંછનાં મુલ નહીં અંકાય,

વાંસળીના સુરને ઝીલવા હું જાઉં,

ત્યાં યમુનાનાં વહેણ આ વંકાય.

તારી ભુજામાં હું ભીંજાતી, ભુંસાતી,

હવે જોઈએ નહીં કોઈનો આધાર.

આજ મને વાગી ગઈ ધુમ્મસની ધાર...

–ડૉ. નીલેશ રાણા

સમ્પર્ક:

Dr.Nilesh Rana

1531- Buck Creek Dr., Yardley, PA 19067 USA- Phone: 609-977-3398,

eMail: ncrana@hotmail.com

સર્જકનાં પ્રકાશીત પુસ્તકો: વાર્તાસંગ્રહ: ‘અનામિકા’ – નવલકથા: ‘ વર્તુળના ખૂણા’, ‘ પૉઈન્ટ ઓફ નો રિટર્ન’, ‘આકાશકંપ’ – લઘુનવલ: ‘ જીવનનાં વહેતાં વારિ’, ‘ પ્રીત, પ્રિતમ અને પ્રીતિ’, ‘ બન્ધનમુક્તિ’... પુસ્તકો મેળવવા ડૉ. નીલેશભાઈનો સમ્પર્ક કરવો.. સર્જકશ્રીની રચનાઓ ગુજરાતીનાં મોટાં ભાગનાં સાહીત્ય–સામયીકોમાં પ્રસીદ્ધ થતી રહે છે..

(•)(♦)(•)

214 : 27-03-2011

# પુત્રનાં લક્ષણ પારણામાંથી…

–ચીમન પટેલ ‘ચમન’

અનુક્રમણીકા

ઉદ્યોગ મારો એકનો એક પુત્ર છે. અમેરીકાના હ્યુસ્ટન શહેરની નીશાળમાં, છઠ્ઠા ધોરણમાં ભણે છે. કેટલાયે દીવસોથી એ મારી ઑફીસે આવવા માગતો હતો; પણ અમારો બાપ–દીકરાનો મેળ ખાતો નો’તો.

આજે શનીવાર હતો અને મારે ઓવર ટાઈમને કારણે ઑફીસે જવાનું થતાં હું ઉદ્યોગને મારી સાથે ઑફીસે લઈ આવ્યો હતો.

‘ડૅડી, આ બધી પેન્સીલો ભેગી કરીને પછી તમે એનું શું કરો છો?’ પેન્સીલ–હોલ્ડરમાં જકડાઈને પડેલી પેન્સીલોના ટુકડાઓને જોઈને ઉદ્યોગે મને પુછ્યું.

‘તારે જોઈએ છે?’

‘હા.’

‘તો લઈ લે, જેટલી જોઈએ તેટલી. આમેય એ બધી અહીં પડી જ રહી છે.’

ભારતમાં હતો ત્યારે પેન્સીલ પકડી શકાય અને તેના વડે લખી શકાય તેટલી નાની થાય ત્યાં લગી એનો ઉપયોગ થતો હતો. ત્યારે આવડી પેન્સીલ વાપરતાં શરમ–સંકોચ નડતાં નહીં. અમેરીકામાં આવ્યા પછી, કંપનીના ખર્ચે પેન્સીલો પાણીની જેમ વપરાય છે. એમાંયે પેન્સીલનું કદ નાનું થાય એટલે એ આપણો સ્નેહ ગુમાવી બેસે છે. ઉદાર દીલવાળા લોકો એ ટુકડાઓને કચરાપેટીમાં પધરાવીને એ ટુકડાઓને એમના અંતીમ માર્ગ પર રવાના કરી દે છે. પણ મારા જેવા કરકસરીયા જીવવાળા એ ટુકડાઓને કેદીની જેમ પેન્સીલ–હોલ્ડરમાં પુરી રાખે છે કે જ્યાં એ આજીવન ગુંગળાયા કરે છે.

ઉદ્યોગને હજી હું વાત કરું તે પહેલાં જ એ મારા સાથીદારો પાસે પહોંચી ગયો. બધા પાસેથી પેન્સીલના ટુકડાઓ એકઠા કરી લાવ્યો. મારું પેન્સીલ શાર્પનર લઈને ખાલી પડેલા ટેબલ પર પેન્સીલની અણીઓ કાઢવાના કામે લાગી ગયો.

અમે ઘરે જવા નીકળ્યા ત્યારે ઉદ્યોગની પાસે પેન્સીલના ટુકડાઓનો ભંડાર ભરાઈ ગયો હતો.

એક દીવસે ઉદ્યોગની નીશાળમાંથી અમારા પર ચીઠ્ઠી આવી. મા કે બાપે નીશાળે આવીને શીક્ષકને મળી જવાની સુચના એમાં હતી.

આ કામ પતાવવા મેં ધર્મપત્નીને જ્યારે કહ્યું ત્યારે એ બોલી ઉઠી, ‘ના બાપા, એમાં મારું કામ નહીં!’ માનો જીવ તરફડવા લાગ્યો એ હું જાણી શક્યો.

રણમેદાને જવાનું નારીઓને ન જ શોભે એટલે આ ગુર્જર નરે જ છેવટે એ બીડું ઝડપવું પડ્યું, છુટકો જ નહોતો!

નોકરીમાંથી રજા મુકી હું ઉદ્યોગની નીશાળે પહોંચ્યો.

શીક્ષક પાસેથી હકીકત જાણીને ન તો હું રડી શક્યો કે ન તો હું હસી શક્યો. ઉદ્યોગે નીશાળમાં શું કર્યું હશે એની કલ્પનાઓ જે મેં કરી હતી એ બધી જ ખોટી પડી.

ઉદ્યોગ મારી પાસે અવાર–નવાર પેન્સીલોના ટુકડાઓ કેમ મંગાવતો હતો એની કેડી મને આજે જડી.

ઉદ્યોગ ઘરેથી પેન્સીલોની અણી કાઢીને નીશાળમાં લઈ જતો અને રીસેસમાં વર્ગના બારણે ઉભો રહીને પાંચ સેન્ટમાં એ પેન્સીલો વેચતો હતો. પેન્સીલો નહીં લાવનાર કે પેન્સીલોની અણીઓ કાઢવાની મુસીબતને કારણે બાળકો એની પાસેથી ખરીદતાં પાછી પાની કરતાં ન હતાં. ઉદ્યોગનો આ વેપાર દીવસે દીવસે વધવા લાગ્યો. આખી નીશાળ ઉદ્યોગને ઓળખતી થઈ ગઈ હતી.

વેપારમાં નફો થાય એટલે સૌની આંખમાં આપણે ખુંચીએ છીએ. અમારા ઉદ્યોગનું પણ એવું જ થયું. એનો નાના પાયાનો વેપાર વીઘ્નસંતોષીઓને ન ગમ્યો.

પરીણામે એની વીરુદ્ધમાં ફરીયાદ નોંધાઈ અને આ જ કારણે મારે નીશાળમાં જવાનું થયું.

ઘરે આવીને મેં પત્નીને સઘળી વાતથી વાકેફ કરી.

'હાશ! મને હતું કે નીશાળમાં મારામારીમાં મારા દીકરાનું નામ કોઈએ આપ્યું હશે એની મને ભારે ચીન્તા થતી હતી.'

'હવે તો શાન્તી થઈને?'

'હા.'

'તો થઈ જાય હવે થોડી ગરમ મસાલાની ચા.'

'ચોક્કસ, કેમ નહીં?' બોલી એ ઉમળકાથી ચા બનાવવા ઉભાં થયાં.

આજે પહેલી વાર એકી અરજે ચા મુકી, પાવાની ઉમંગભરી તજવીજ થતી જોઈ મને અનેરો આનન્દ થયો. બાકી આમ તો ચાની માગણી કરી હોય તો એ બોલ્યા સીવાય રહે નહીં, '...હમણાં તો પીધી! પાછી ચા?...કેટલી વાર પીવી છે?...હવે ચા પીવાની ઓછી કરો, ઉમ્મર થવા આવી!' વગેરે વગેરે...

ચા પીતાં પીતાં મેં કહ્યું, 'આપણા ઉદ્યોગે આવું ન કરવું જોઈએ. પાંચ પેનીમાં એ કેટલા પૈસા બનાવવાનો છે?આમ કરવાથી અમેરીકામાં આપણી ભારતવાસીઓની કેવી છાપ પડે?'

'વાણીયાના દીકરા થઈને તમે તો આખી જીન્દગી નોકરી કરી ખાધી છે; પણ મારો દીકરો તમારી જેમ નોકરી નથી કરવાનો એની ખાતરી મને આજે થઈ ગઈ છે.'

'પુત્રનાં લક્ષણ પારણામાંથી, કાં? મારાથી બોલાઈ ગયું.

આજે એ અમારો ઉદ્યોગ, ઉદ્યોગ રહ્યો નથી; પણ શીકાગોનો એક ઉદ્યોગપતી બની ગયો છે.

...અને હું એના જ ઘરે બેસી, એના જ ટેબલ પર પડેલી પેન્સીલના ટુકડાથી, આ વાત ટપકાવી રહ્યો છું.

**–ચીમન પટેલ 'ચમન'**

લેખકના પુસ્તક 'હળવે હૈયે'(પ્રકાશક: કૃષ્ણકાન્ત મદ્રાસી, આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જીદ પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પ્રથમ આવૃત્તી: ૧૯૯૭, મુલ્ય: સાત ડૉલર)માંથી લેખકની પરવાનગીથી સાભાર...

સર્જક–સમ્પર્ક

12126-Wembley Drive, Houston,

Texas – 77031-3208 – USA

Phone: 281-495-6534

email: chiman_patel@hotmail.com

(•)(♦)(•)

215 : 10-04-2011

# 1965 : ધર્મક્ષેત્રે...

–કૅપ્ટન નરેન્દ્ર ફણસે

અનુક્રમણીકા

૧૯૬૫ની લડાઈ સમાપ્ત થયા બાદ પહેલી વાર રજા મળી અને ઘરે - એટલે અમદાવાદ આવ્યો. એક દીવસ મારા મીત્રને મળવા ગયો. તેઓ સાહીત્યકાર અને કલા વીષયોના જાણકાર હતા. સમાન રસને કારણે તેમની સાથે ઘણી વાતો થઈ, જે તેમના કીશોર વયના સુપુત્ર સાંભળી રહ્યા હતા. વાતોના વીરામમાં કીશોરે મને પ્રશ્ન પુછ્યો, “અંકલ, અમે તો સાંભળ્યું છે કે મીલીટરીમાં જનારા લોકોનો ઉપલો માળ થોડો ખાલી હોય છે અને તે ખાલી જગ્યામાં કડકાઈ અને સખ્તાઈ ભરાયેલી હોય છે. તમે પપ્પા સાથે વીવીધ વીષયો પર જે રીતે વાતો કરી તેથી વીચાર આવ્યો: તમે સૈન્યમાં શા માટે ગયા? તમને કોઈ કૉલેજમાં....”

મને પ્રશ્ન રમુજી લાગ્યો. સમય બદલાય છે; તો પણ વીચારો ઘણી વાર રુઢ અને સ્થીર રહેતા હોય છે, તેનો આ અણસાર હતો એવું લાગ્યું. 1962ના ચીન સાથેના યુદ્ધ બાદ અનેક તેજસ્વી યુવાનો કેટકટલા આદર્શો લઈને સેનામાં જોડાયા હતા. અમારી ઑફીસર્સ મેસમાં પી.જી. વુડહાઉસનાં

વીનોદી પુસ્તકો, સમરસેટ મૉમની નવલકથા તથા નવલીકાઓની ચર્ચા થતી. સામ્રાજ્યવાદી ચીનના સામ્યવાદ સામે લડવા અનેક યુવાનો સૈન્યમાં જોડાયા હતા તેની વાતો થતી હતી. આમ અફસરોનાં વાચન તથા જ્ઞાનનું સ્તર કેવું હતું તે આ બાળકને મારે કેવી રીતે સમજાવવું?

મને યુદ્ધ દરમીયાન તથા તેની સમાપ્તી બાદ બનેલા વીવીધ પ્રસંગો સીલસીલાબંધ યાદ આવ્યા. આમાંની કેટલીયે વાતો ક્યાંય પ્રકાશીત થતી નથી, તેથી આપણી સેનાને ઉત્સાહ તથા સમર્થન આપનાર ભારતના પ્રજાજનો, સૈનીકોના વીરત્વની કેટલીય વાતોથી અણજાણ રહે છે! અને તેથી સૈન્ય પ્રત્યે લોકોના મનમાં રહેલી કેટલીક ગેરસમજ દૂર થતી જ નથી.

૧૯૬૫ના યુદ્ધ વખતે હું સેકન્ડ લેફ્ટનન્ટ હતો. યુદ્ધની શરુઆતમાં જ અમે પાકીસ્તાનના મસ્તપુર નામના ગામની નજીક સંરક્ષણ પંક્તી બનાવીને બેઠા હતા. પાકીસ્તાનનાં ગામડાં આપણા ભારતનાં ગામડાં જેવાં જ. છાણ-ગારાથી લીંપેલાં ઘરો–ઝુંપડાં. શેરીઓ સાંકડી. નાનકડી એક ઓરડીની નીશાળ. આપણા ગામમાં મંદીર કે દેરી હોય, તેમ ત્યાં મસ્જીદ કે ઈદગાહ હોય. તેને જોડીને આવે કબ્રસ્તાન. ગામને શેઢે જમરુખની વાડી હતી.

દુશ્મનની ઑબ્ઝર્વેશન પોસ્ટનો કોઈ અફસર કે જવાન અમારી હીલચાલ જોઈ, તેમના તોપખાનાને સુચના આપતો હતો કે, તેમણે અમારી ખાઈઓ પર ક્યાં ક્યાં ગોળા વરસાવવા. સુચના મુજબ તેમની તોપો અંધાધુંધ ગોળા વરસાવી કાળો કેર વરસાવી રહી હતી. બૉમ્બવર્ષા શરુ થાય ત્યારે અમે ખાઈઓમાં પોઝીશન લઈને 'એલર્ટ' હાલતમાં બેસીએ; કારણ તોપ ઠંડી પડતાં વેંત તેમની ઈન્ફન્ટ્રી અમારા પર હુમલો કરે જ. ખેર, આજની વાત એટૅક કે ડીફેન્સની નથી. અમારાં નામનું 'સરનામું' લઈને આવેલા અનેક ગોળાઓ ગેરવલ્લે ગયા અને જેનું સરનામું નહોતું તેવા તેમના દેશના જ આ ગામ પર પડ્યા. ગામની મસ્જીદ પણ તેમાંથી બચી નહીં.

અમારી બટાલીયનને આગેકુચનો હુકમ મળ્યો, આગળ વધતા ગયા, ફીલ્લોરા જેવા તુમુલ યુદ્ધ જીતીને આગળ વધ્યા, ત્યાં યુદ્ધવીરામ થયો. સૈન્યોને પાછા ફરવાનું ફરમાન આવ્યું. અમે કામચલાઉ સ્થાન - મસ્તપુર નજીક પાછા ફર્યા. અહીં અમારે થોડા દીવસ રહેવાનું હતું. શાન્તીના સમયે બીજું શું કરવું?હું અને મારી પ્લેટુન જમરુખની વાડી પાસે બંકર બનાવીને રહેતા હતા. એક દીવસ હુકમ આવ્યો, ડીવીઝને અમારા માટે નક્કી કરાયેલા ભારતમાં એક સ્થળે પાછા ફરવાનું છે. જ્યાં અમે રહેતા હતા, તે જગ્યા સ્વચ્છ અને સાફ

કરી, ભારતીય સેનાની ત્યાં કોઈ નીશાની પાછળ ન રહે તેવી ચોકસાઈ કરીને જગ્યા છોડવાની હતી.

મારી પ્લૅટુને સાફસફાઈનું કામ મન:પુર્વક કર્યું. બાજુમાં તુટેલી મસ્જીદ હતી. એને તો રીપેર ન કરી હોત તો ચાલત. ગામ આખું ખાલી. કોણ નમાજ પઢવાનું હતું? પણ મારી પ્લૅટુનના સૈનીકો અંગત રીતે ભલે અન્ય ધર્મમાં માનનારા હશે; પણ અમારા સૌ માટે બે વસ્તુઓ મહત્ત્વની હતી. એક તો આ ધર્મસ્થાન હતું. અને બીજું, અમ ભારતના સૈનીકોનો ધર્મ એક જ હોય છે, અને તે અમારો યુનીફૉર્મ અને અમારો દેશ. યુનીફૉર્મની લાજ, આબરુ અને દેશની ધર્મનીરપેક્ષતા અમારા માટે સર્વોપરી હોય છે. અમારા કોર ઓફ એન્જીનીયર્સ પાસેથી અમે ચુનો તથા સીમેન્ટ મંગાવ્યો. મસ્જીદ પર જ્યાં જ્યાં પાકીસ્તાનની જ તોપથી નુકસાન થયું હતું તે એક સેક્શન અગીયાર જવાનોની ટુકડી દ્વારા રીપેર કરાવ્યું. બીજા સેક્શને મસ્જીદ ધોળવાનું શરુ કર્યું. ત્રીજું સેક્શન કૅમ્પની સફાઈમાં લાગ્યું.

આ કામ થતું હતું ત્યારે હું કબ્રસ્તાનમાં ગયો. આપણે ત્યાં એક શબ્દપ્રયોગ છે: ‘ સ્મશાનશાન્તી’. ઉર્દુમાં તેનો પર્યાયવાચક શબ્દ છે કે નહીં તે જાણવા જેટલું ઉર્દુ હું જાણતો નથી; પણ તે દીવસે ફક્ત એક વસ્તુ જાણી અને ઓળખી: કોઈ પણ જાતની શાન્તી, પછી ભલે તે મૃત્યુ પછી

પ્રવર્તતી શાન્તી હોય, તેને કોઈ પણ ભાષા કે શબ્દોની જરૂર નથી હોતી. અહીં ગામના સદ્ગત લોકો ચીરશાન્તીમાં પોઢ્યા હતા. તેમના કોઈ મીત્ર ન હતા; ન કોઈ શત્રુ. યુદ્ધ કે શાન્તીની તેમને હવે કોઈ પરવા નહોતી. તેમની મુલાકાત લેનાર કોઈ હીન્દુ, મુસલમાન, ખ્રીસ્તી કે બૌદ્ધ હતો કે કયા દેશનો હતો તેની સાથે તેમને કોઈ નીસ્બત નહોતી. કોઈક તો તેમને મળવા આવ્યું છે તે જાણી તેમની રુહ કદાચ સંતોષ અનુભવતી હશે કે કેમ, કોણ જાણે! હા, એક વાતનો અહેસાસ થયો. અમારું કામ ચાલતું હતું ત્યાં મંદ મંદ હવા વહેવા લાગી હતી.  આસપાસનાં વૃક્ષો હળવેથી ડોલી રહ્યાં હતાં અને આ કામ પાછળની અમારી ભાવનને સરાહી રહ્યાં હતાં.

એક કબર પાસે હું બેઠો. ઉર્દૂ વાંચતાં આવડતું નહોતું, તેથી તે કોની હતી કે તેના પર શું લખ્યું હતું તે જાણી શક્યો નહીં. નજીકમાં કુરાનનાં પાનાં વેરવીખેર થઈને પડ્યાં હતાં. તે ભેગાં કર્યાં, જેવું આવડ્યું તેવા ક્રમમાં તે બધાં ગોઠવ્યાં અને કબર પર મુક્યાં. ફરી પાછા વીખરાઈ નહીં જાય તેથી તેના પર ભારે પથ્થર મુક્યો. એટલામાં મારા પ્લૅટુન હવાલદાર ઉમામહેશ્વરન્ આવ્યા. “શા’બજી, કામ કતમ હુઆ. ઈક બાર મુઆઈના કર લોજી.”

મેં નીરીક્ષણ કર્યું. કામ સાચે જ પુરું થયું હતું. અને સરસ રીતે થયું હતું. કારણ એની પાછળ દીલ હતું ભારતીય જવાનોનું.

સૈનીકોનું કાર્ય એક જ અને તે તેને સોંપાયલાં કામને ધર્મ સમજી ઈમાનદારીથી બજાવવાનું. એને લોકો 'સૈનીકધર્મ' કહે છે. એ જ એમની નીયતી, અને એ જ એમની જીન્દગી!

–કેપ્ટન નરેન્દ્ર ફણસે

સર્જક–સમ્પર્ક:

30056-Corsair, Laguna Niguel, CA 92677- USA.

Cell No: +1-949 690 9347

ID: captnarendra@gmail.com

Website: www.captnarendra.blogspot.com

સર્જકનાં પ્રકાશીત પુસ્તકો:

મુળ મરાઠી પુસ્તક 'बाई'(જે હજી મરાઠીમાં તો છપાયું જ નથી!)ની હસ્તપ્રત પરથી ગુજરાતી ભાષાન્તર 'બાઈ'– પ્રકાશક: અપુર્વ આશર, 'સ્વાતી પ્રકાશન', 10–બીરવા રો હાઉસીસ, અમીધારા સોસાયટી પાસે, બોપલ, અમદાવાદ–380 058; ફોન–02717–235 590, પૃષ્ઠ: 118– કીમ્મત: રુપીયા

100/– પ્રાપ્તી સ્થાન: 1. ગુર્જર એજન્સી, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ–380 001 – ફોન: 079–2214 4663 અને 2. નવભારત સાહીત્ય મંદીર, 134–શામળદાસ ગાંધી માર્ગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુમ્બઈ–400 002 ફોન: 022–2201 7213

(●)(♦)(●)

216 : 24-04-2011

# ગઝલ-મહેશ

-ડૉ. મહેશ રાવલ

અનુક્રમણીકા

## 1. સોળ આના સાવ સાચી વાત છે...

સોળ આના સાવ સાચી વાત છે, સમજાય તો..
આપણી સાચી મુડી, આ જાત છે, સમજાય તો..

પુજતા આવ્યા ભલે દઈ અર્ઘ્ય, ઉગતા સુર્યને,
અસ્તની એનીય માથે ઘાત છે, સમજાય તો..

ફુલ પર ઝાકળ સમું છે આપણું હોવાપણું,
જે ગણો તે, આટલી મીરાત છે, સમજાય તો..

કોઈ પણ સમ્બન્ધ નીર્ભર લાગણી પર હોય છે,
લાગણી તો ઈશ્વરી સોગાત છે, સમજાય તો..

ખુટતી જાહોજલાલી છે બટકણા શ્વાસની,
શ્વાસ ખુદ, ઉચ્છ્વાસની ખેરાત છે, સમજાય તો..

જન્મથી, માણસપણું મોહતાજ છે સંજોગનું,
હર ઘડી-પળની અલગ વીસાત છે, સમજાય તો..

સામસામા છેદ ઉડતા હોય છે સમજણ વીશે,
છેવટે જે કંઈ વધે, ઓકાત છે, સમજાય તો..

## 2. લખું છું ગઝલમાં...

અણીશુદ્ધ તડકા લખું છું ગઝલમાં,
મઠારેલ સપનાં લખું છું ગઝલમાં.

હતી કાલ જે માત્ર કેડી અમસ્તી,
હવે એને રસ્તા લખું છું ગઝલમાં.

તફાવત બધા ખાસીયત થઈ ગયા છે,
હજુ તો હું અડધા લખું છું ગઝલમાં.

અસમ્ભવ ગણી ચાતરે માર્ગ લોકો,
હું એનાય નક્શા લખું છું ગઝલમાં.

ન કાને પડ્યા સાદ થઈ ઓળખીતા,
છતાં નામ ગમતાં લખું છું ગઝલમાં.

ફરી જાય ટાણે જ અવળા અધીકતર,

એ અપલખણા મણકા લખું છું ગઝલમાં.

હવે ક્યાં રહ્યું છે અજાણ્યાપણું કંઈ,
ખુદાનેય ઘરના લખું છું ગઝલમાં.

## 3. તારા ગજાની બહાર છે...

સઘળું ત્યજી સધ્ધર થવું તારા ગજાની બહાર છે,
હર ધારણાથી પર થવું તારા ગજાની બહાર છે.

અસ્તીત્વ તારું છે હજુ નીર્ભર બટકણા શ્વાસ પર,
નીશ્ચીન્ત થઈ નક્કર થવું તારા ગજાની બહાર છે.

સંપર્ક તારો તું નથી સ્થાપી શક્યો ખુદથી હજુ,
ને એ વીશે તત્પર થવું તારા ગજાની બહાર છે.
તારા જ ઘરમાં તું અજાણી શખ્સીયત છે, દરઅસલ
થઈ જાણતલ પગભર થવું તારા ગજાની બહાર છે.

સમજી શકાતી હોય છે ભાષા હૃદયની આંખથી,
પણ એટલું સાક્ષર થવું તારા ગજાની બહાર છે.

છે શુન્ય તું, ને શુન્યની ઓકાત કેવળ શુન્યતા,
પણ શેષ થઈ સરભર થવું તારા ગજાની બહાર છે.

## 4. તો, સનસનાટી...

ધારણા ખોટી પડે તો સનસનાટી,
વાત ચકરાવે ચડે તો સનસનાટી.

બહુ જ કપરી છે સવારી સ્વપ્ન-અશ્વે,
સહેજ પણ એડી અડે તો સનસનાટી.

હોય જો મનમેળ તો મતભેદ શેનો?
લાગણી ઠેબે ચડે તો સનસનાટી.

પારદર્શક હોય છે સમ્બન્ધનું ઘર,
કંઈક જો આડશ નડે તો સનસનાટી,

રથ ફરે દામ્પત્યનો બન્નેય પૈડે,
એકપણ પૈડું ખડે તો સનસનાટી.

સાવ નાજુક હોય છે દોરી પ્રણયની,
ગુંચ કે આંટી પડે તો સનસનાટી.

સનસનાટી એટલે કે સનસનાટી
કોઈને પણ આભડે તો સનસનાટી!

## 5. સઘળું લખવાનો છું...!

શું પામ્યો, શું ખોયું, સઘળું લખવાનો છું;
હું તો જાણ્યું–જોયું સઘળું લખવાનો છું.

હકડેઠઠ સપનાં વચ્ચે ક્યારે હરખાયો,
ક્યારે મન બહુ રોયું, સઘળું લખવાનો છું.

કોનાં હૈયે આવ્યો ઉભરો મારાં પગલે,
ક્યાં ભોંકાણી સોયું, સઘળું લખવાનો છું.

સગપણની માળા ગુંથી તો છે સહુએ પણ;
શું શું ભેળું પ્રોયું, સઘળું લખવાનો છું.

લાંઘીને આવ્યો છું ખળખળ પળનાં ઝરણાં,
ક્યાં, કોણે, શું ધોયું, સઘળું લખવાનો છું.

## 6. વેતમાં નો'તો...

હરફ એકેય હું ઉચ્ચારવાના વેતમાં નો'તો,
દશા એવી હતી, કંઈ ધારવાના વેતમાં નો'તો.

ખબર નહીં કેમ, ઉભો'તો ઉઘાડા દ્વાર વચ્ચે જઈ,
ખરેખર કોઈને સત્કારવાના વેતમાં નો'તો.

નજર શોધી રહી’તી કંઈક ગમતીલું,
અને હું એ વીષય વીસ્તારવાના વેતમાં નો’તો.

ઢળી ગઈ સાંજ, દઈ કળતર અજાણ્યા દર્દની છેલ્લે,
વ્યથા એ, આંસુઓમાં સારવાના વેતમાં નો'તો.

સુખદ અંજામથી વંચીત પ્રતીક્ષા અર્થ માગે છે,
સુચારુ અર્થ હું અવતારવાના વેતમાં નો’તો.

પછી આખોય કીસ્સો ભાગ્યના અધીકારનો નીકળ્યો,
અને હું ભાગ્યને પડકારવાના વેતમાં નો'તો.

## 7. એવું કંઈક મળવાનું...

તરસની વારતા મંડાય, એવું કંઈક મળવાનું,
બધાની આંખમાં વંચાય, એવું કંઈક મળવાનું.

ઉતરતી ઓટ, ને ચડતી જતી ભરતી બને સાક્ષી,
પછી ઈતીહાસ આલેખાય, એવું કંઈક મળવાનું.

જરાક જ ખોતરો પાંપણ અને ભીનાશ વચ્ચેથી,
પરસ્પર સાંકળી લેવાય, એવું કંઈક મળવાનું.

નીવેદન હોય એવું કે નથી કંઈ સ્નાન-સુતક પણ,

છતાં સમ્બન્ધમાં ચર્ચાય, એવું કંઈક મળવાનું.

ફરું છું કાંધ પર લઈ બોજ હું બેફામ સગપણનો,
મને ક્યારેક તો ઉજવાય, એવું કંઈક મળવાનું.

નહીંવત્ શક્યતા છે તોય એવું કેમ લાગે છે?
પ્રથમ થઈ બાદ,વત્તા થાય, એવું કંઈક મળવાનું.

ફરીથી મેં ઉખેડ્યો છે જુનો ઈતીહાસ આ વખતે,
વળી રસ્તો કશે ફંટાય, એવું કંઈક મળવાનું.

ફલક સમ્બન્ધનો વીસ્તાર પામ્યો છે નવેસરથી,
નવી અઢળક ગઝલ સર્જાય, એવું કંઈક મળવાનું.

મળે નહીં જે ખરે ટાણે, બધા ઉપલબ્ધ છે આજે,
મને ભય છે નયન ખરડાય, એવું કંઈક મળવાનું.

## 8. આરપાર દેખાશે...

દૃષ્ટી હોય તો સઘળું આરપાર દેખાશે,
શુન્ય–શેષ વચ્ચેનો સુક્ષ્મ તાર દેખાશે.

વસ્ત્ર જેમ બદલાતી આપણી હયાતીનાં,
નાટકીય તખ્તાનો સુત્રધાર દેખાશે.

જાત જાળવી જાણે એજ જીતશે છેલ્લે,
જંગ હોય કે જીવન, હાર હાર દેખાશે.

માત્ર એક ખુણાનો ભેજ વીસ્તરે ઉંડે,
છેવટે તો ઘર આખું ક્ષાર ક્ષાર દેખાશે.

પાત્રનું બદલવું તો માત્ર એક ઘટના છે,
હોય જે કથાનકમાં એ જ સાર દેખાશે.

આવરણ અહમ્ જેવું સહેજ ખોતરી જોજો,
માંડવાળ કીસ્સાઓ જાનદાર દેખાશે.

ભાર હોય મન પર તો મૌન બોલકું લાગે,
એક શ્વાસ બીજાનો, કર્ઝદાર દેખાશે!

## ૭. અર્થ ખાટી દ્રાક્ષના....

ક્યાંક હા, તો ક્યાંક ના જીવ્યા હશું,
કેટલી સમ્ભાવના જીવ્યા હશું!

બાદ કરતાં એક-બે અપવાદને,
મોટે ભાગે સામના જીવ્યા હશું.

છે કસબ રાવણના સઘળા હસ્તગત,

રામ તો બસ, નામના જીવ્યા હશું!

કોઈ રીતે થઈ શક્યા નહીં તૃપ્ત બસ,
એકધારી કામના જીવ્યા હશું.

આમ નહીં તો આમ, વેચાતા રહ્યા,
ફેર કેવળ દામના જીવ્યા હશું.

આજ આખી વેડફી નાંખ્યા પછી,
સ્વપ્ન, સધ્ધર કાલનાં જીવ્યા હશું.

હાથવેંતે હોય એ મીઠી ગણી,
અર્થ ખાટી દ્રાક્ષના જીવ્યા હશું!

## ડૉ. મહેશ રાવલ

કવી–સમ્પર્ક :
Dr. Mahesh Raval,
40239, Legend Rose Terr., Fremont-CA- 94538 -U.S.A.
Phone– 408-329-3608 EMail:
drmaheshrawal@yahoo.com
Website - www.drmahesh.rawal.us

## કવીના પ્રકાશીત ગ્રંથો –

ગઝલ સંગ્રહઃ 1. તુષાર (1978), 2. અભિવ્યક્તિ (1995), 3. નવેસર (2006)

ત્રણે ગ્રંથોના પ્રકાશકઃ ભાવીન રાવલ, 'જ્યોતી', 4– હસનવાડી, તીરુપત્તી ડેરી ફાર્મ પાસે, વાલકેશ્વર ચોક, રાજકોટ - 360 002 ફોન - 0281-236-2971 મોબાઈલ–98244 81586

♦ કવીના બ્લોગ 'ગઝલોનો ગુલદસ્તો' http://drmahesh.rawal.us/ ની મુલાકાત પણ આનન્દભરી રહેશે. ♦

217 : 08-05-2011

# સન્તુલીત વીકાસ

-ભદ્રા વડગામા

અનુક્રમણીકા

હું કોણ છું? એ પ્રશ્નની સભાનતા મને છેક સત્તર વર્ષની ઉમ્મરે થઈ.

પુર્વ આફ્રીકાના ઝાંઝીબાર ટાપુ પર પુષ્ટીમાર્ગી કુટુમ્બમાં મારો જન્મ. ઝાંઝીબાર અને પેમ્બાના ટાપુઓ પર સલ્તનત હતી ઓમાની અરબ સુલતાનની; પણ સત્તા હતી બ્રીટીશ રેસીડેન્ટની. ઝાંઝીબાર એક બ્રીટીશ પ્રોટેક્ટરેટ હતું, જો કે હાલ એ ટાંઝાનીયાનો એક ભાગ છે.

આમ, હું મુસ્લીમ, આફ્રીકન, હીન્દુ અને બ્રીટીશ સંસ્કૃતી વચ્ચે મોટી થઈ. ઈદમાં ચાર દીવસની રજામાં બધાં મેળામાં જઈએ, નવાં રમકડાં ખરીદીએ અને સ્વાહીલીમાં કઠપુતળીના તમાશા જોઈએ. નાનું ગામ હોવાથી મોહર્રમમાં શીયા મુસ્લીમોનું રુદન પબ્લીક માઈક સીસ્ટમ પર સાંભળીએ, તેમના તાજીયા અને જુલુસો જોવા જઈએ, ઈસ્માઈલી લોકોનાં સરઘસો જોઈએ; સવારે, બપોરે, સાંજે મસ્જીદોની બાંગ સાંભળીએ તેમ જ દીવાળી નવા વર્ષની ઉજવણી ધુમધામથી કરીએ. પુરુષોત્તમ મહીનામાં પરોઢીયે દરીયે નાહવા જઈએ

અને કાંઠે ગોરમાનું વ્રત પણ કરીએ. નવરાત્રીમાં વાર્ષીક પરીક્ષાઓ નજીક હોય તો પણ દરરોજ રાસગરબાની રમઝટ માણીએ. ૧૫મી ઑગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના મેળાવડાઓમાં નૃત્યો, નાટકો અને ગીતોમાં ભાગ લઈએ. જન્માષ્ટમી, રામનવમીના ઉપવાસ કરીએ ને શીતળા પુજવા મન્દીરે પણ જઈએ. ક્રીસ્મસના દીવસે ક્રાઈસ્ટને યાદ કર્યા વીના દુર દરીયા કીનારે બીજાં એશીયનો સાથે પીકનીક પર જઈ ખાઈએ, પીએ, દરીયામાં નાહીએ અને બોલીવુડ ગીતોની અન્તકડી રમીએ. ન્યુ ઈયર્સ ઈવના અંગ્રેજો પોતાની ઈંગ્લીશ ક્લબમાં ડાન્સ માટે જતાં હોય ત્યારે તેમની વેશભુષા જોવા તેમની ક્લબની બહાર પણ ઉભાં રહીએ.

પુષ્ટીમાર્ગી નાનીમા એવાં ચુસ્ત કે પંજાબી ડ્રેસ પહેરેલી એવી મને રસ્તામાં અડી જાય અને ખ્યાલ ન રહે કે એ તો ભદ્રા હતી, તો ઘેર જઈને નહાય! બાને પણ એવા સંસ્કાર મળ્યા હતા, અને બાપુજી થીયોસોફીસ્ટ. સર્વધર્મ સમાનતામાં માનવાવાળા. બા પાછળ પાછળ ખેંચાય; પણ નાનીમાની ટોક ટોક ચાલુ હોય : ‘‘આ ‘થીયો સુખી’વાળા સાથે તારો વર ભળ્યો છે તે મને નથી ગમતું.’’

ઘરમાં ઠાકોરજીની સેવા થાય એને સ્વીકારી લઈએ; પણ ઘરે સ્ત્રીઓની મંડળી મળી હોય ત્યારે મામાની સમવયી દીકરીની જેમ અમે હાજર ન રહીએ. માની મંડળીમાં ગવાય

'જય જય મહારાણી જમના' અને અમારા વીદ્યાર્થીની મંડળમાં ગવાય, 'તું ખાય નહીં તેથી તો તુજને છપ્પન ભોગ ધરાવે, મન્દીર બહાર ભટક્યાં ભુખ્યાંને કોઈ નહીં ખવડાવે; પાપપુણ્યની કોને પડી, આવી તેં દુનીયા કેમ ઘડી, ઓ દુનીયાના ઘડનારા?' મા કહેશે, 'છોરી, આ કેવું ભજન! ઈશ્વરના તો ગુણ ગવાય, તેને દોષ ન દેવાય!' હવેલીને 'ભક્તાણું' કહીએ. સાંજે દરીયે ફરીને દર્શન કરવા જઈએ અને શાસ્ત્રીય ઢબથી 'દૃઢ ઈન ચરનન કેરો ભરોસો' જેવાં, ઝાંઝ અને પખવાજની સંગતે પુરુષોના કંઠે ગવાતાં કીર્તનોને વાગોળતાં ઘરભેગાં થઈએ. આભડછેટમાં મુસ્લીમ–આફ્રીકનને રસોડામાં ન આવવા દઈએ અને હીન્દુ કામવાળી રાખીએ. થોડી પ્રગતી પછી આફ્રીકને માંજેલાં વાસણો પર પાણી ઢોળી, તડકે સુકવવા ચોકમાં મુકી દઈએ. બા કહે તેટલું કરીએ. માસીક પાળીએ; પણ ઘેર બેસી ન રહીએ. હીન્દુ ધર્મ પ્રમાણે સગવડીયું આચરણ અપનાવી લઈએ.

ભણવા માટે આગાખાન સ્કુલ, કે કૉન્વેન્ટ સ્કુલની વાત તો જવા દો; આર્યસમાજમાંની વટલાઈ ગયેલી છોકરીઓ જોડે મૈત્રી પણ ન રખાય! એ લોકો તો ટુંકી ચડ્ડી પહેરી કસરતો કરે! અમારા ભાગ્યજોગે આર્યસમાજ સ્કુલ બન્ધ થઈ ગઈ અને બધી ગુજરાતી છોકરીઓ આવી અમારી હીન્દુ કન્યાશાળામાં. ઘણો ફાયદો થયો અમને બધાંને; પણ તે

વખતે સમ્પ્રદાયીપણાની અટપટી વાતોની કંઈ સમજણ નહોતી. બહુ ચુસ્ત નહોતાં તેવાં ઈથનાશરી કુટુમ્બોની છોકરીઓ પણ અમારી સ્કુલમાં ભણતી. અલબત્ત, થોડી ફી આપીને.

બાકી પ્રાથમીક શાળામાં હીન્દુ છોકરીઓ માટે અભ્યાસ મફત હતો. દાનવીરો સ્કુલ ચલાવતા, એટલે નાતજાતના ભેદ વીના બધી છોકરીઓ સાથે બેસી ભણતી. તેમાં તેલથી તસતસ થતા વાળમાં જુ ફરતી હોય તેવી પણ છોકરીઓ હોય અને ગળામાં મેલના થર બાઝેલા હોય તેવી પણ. સ્કુલના સંડાસમાં અશ્લીલ લખાણ પણ લખાતાં હોય જેને કશી પણ સમજ વીના અમે વાંચી પણ લઈએ અને શીક્ષીકા કહે ત્યારે જઈને ભુંસી પણ નાખીએ.

આમ તો ઘરમાં બોલાય કચ્છી; પણ સ્કુલમાં અભ્યાસક્રમ ગુજરાતી માધ્યમ દ્વારા શીખવાડવામાં આવે, તેથી ગુજરાતીનું માળખું સદ્ધર બન્યું. પાંચમા–છઠ્ઠા ધોરણથી અંગ્રેજી પણ શીખવાડવામાં આવે; પણ પરભાષા તરીકે. લગભગ બધું ભારતીય ઢબે ચાલે. જેમને પ્રગતીશીલ કહી શકાય તેવી પારસી મુખ્ય શીક્ષીકા બહેનો પણ અમને ભણાવે. અમે જ્યારે આઠમા ધોરણમાં આવ્યાં ત્યારે પહેલીવાર પુરુષ શીક્ષકોની નીમણુક થઈ હતી. અને ત્યાર પછી એક ગોઅન શીક્ષીકા હેડમીસ્ટ્રેસ બન્યાં હતાં. એમની નીમણુકમાં ગવર્નીંગ

બોર્ડના પ્રમુખ તરીકે બાપુજીનો પ્રભાવ પડ્યો હોય તેવું માની શકાય. તેમના આવ્યા પછી અંગ્રેજી શીક્ષણ પર જરા વધારે ભાર મુકવામાં આવ્યો. આમ, પ્રાથમીક શાળાનો અભ્યાસ પુરો કરી ગણીત અને અંગ્રેજી વીષયોની પરીક્ષા આપી અને યોગ્યતા પુરવાર કરીને સેકન્ડરી સ્કુલમાં પ્રવેશ મેળવ્યો.

પ્રાથમીક અભ્યાસ પુરો થાય પછી સરકારી સેકન્ડરી સ્કુલમાં પ્રવેશ મેળવવા ગણીત અને અંગ્રેજીની પરીક્ષા આપવી પડે. ઝાંઝીબાર, પેમ્બા અને કોમોરો ટાપુઓની બધી સ્કુલોની બાળાઓ એ પરીક્ષામાં બેસે. અંગ્રેજીમાં એક નીબન્ધ લખવાનો હોય. ઘણી છોકરીઓ અમુક ચાલુ–સામ્પ્રત લાગતા વીષયોમાં, અંગ્રેજીમાં લખાયેલા નીબન્ધો ગોખી લે અને ભાગ્યજોગે એ જ વીષય આવે તો ફાવી જાય. ભારતીય જનતાની ત્રણ સ્કુલોની બાળાઓનો આમાં સમાવેશ હોય - હીન્દુ, વહોરા અને આગાખાન. એટલે ક્યારેક ચાર તો ક્યારેક પાંચ, વળી બહુ જ સારાં નસીબ હોય તો દસેક બાળાઓની આ એશીયન સ્કુલોમાંથી ચુંટણી થાય. આમાં ઘણી હોશીયાર બાળાઓ પણ ન લેવાય. જે ન છુટકે કૉન્વેંટ સ્કુલમાં પ્રવેશ મેળવે, અથવા ભણતર છોડી દે.

જ્યારે સેકન્ડરી સ્કુલમાં પ્રવેશ મળે ત્યારે તેર–ચૌદ વર્ષની ઉમ્મરે આખા અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી બને. મુખ્ય શીક્ષીકા, ઉપરાન્ત લગભગ બધી શીક્ષીકાઓ અંગ્રેજ.

તેમની ભાષા, ઉચ્ચાર વગેરે સમજતાં અડચણ પડે પણ શીખી જવાય. પહેલીવાર આફ્રીકન અને અરબ છોકરીઓ સાથે ભળવાનું થાય અને ગુજરાતી મુસ્લીમ બહેનપણીઓ બને.

આવું હતું મારું હીન્દુ ભારતીય બાળપણ. ઘરમાં ગુજરાતી પુસ્તકોની લાઈબ્રેરી બાપુજીએ વસાવેલી, એટલે ‘સરસ્વતીચંદ્ર’ના ચાર ભાગ તેર વર્ષની ઉમ્મરે વાંચ્યા હતા, જ્યારે અંગ્રેજી નવલકથા ‘એન ઓફ ગ્રીન ગેબલ્સ’ આખેઆખી છેક ચૌદ વર્ષની વયે વાંચી. માનશો, આ લખતાં લખતાં એની લેખીકા લુસી મોન્ટગોમેરી કૅનેડીયન હતી તે વીકીપીડીયામાં જોઈને જાણ્યું!

સ્કુલમાં ઈતીહાસ ભણાવાતો બ્રીટીશ કૉમન્વેલ્થનો. એટલે ભારતીય સૈનીકોની ઝુંબેશને ૧૮૫૭નો બળવો માની, ક્લાઈવની બૅટલ ઓફ પ્લેસીની જીત માટે ગૌરવ લેતી અંગ્રેજ શીક્ષીકાના ઝીણવટભર્યાં વર્ણનને માન્ય રાખી, ભારતનો ઈતિહાસ અંગ્રેજી દૃષ્ટીકોણથી શીખ્યાં. ભારતની સ્વતંત્રા વીશે થોડી ઘણી સભાનતા. ચારપાંચ વર્ષની ઉમ્મરે પ્રભાતફેરીમાં જતાં, ગાંધીજીના મૃત્યુ વખતે મોટો હવન યોજાયો હતો એમાં ગયાં હતાં અને ગાંધીજીનાં અસ્થી ઝાંઝીબાર લાવવામાં આવ્યાં હતાં ત્યારે તેના દર્શનાર્થે ખીચોખીચ ગરદી વચ્ચે પણ ગોદીએ ગયાં હતાં. પણ

૧૯૪૬માં પહેલીવાર ભારત ગયાં હતાં ત્યારે હીન્દુ–મુસ્લીમોનાં હુલ્લડો શા માટે થતાં હતાં એનું કશું ભાન નહીં. આ અભ્યાસક્રમમાં ઝાંઝીબારનો ઈતિહાસ તો આવતો જ નહોતો; એટલે પછી પુર્વ આફ્રીકાના ઈતીહાસમાં હીન્દીઓના ફાળાની તો વાત જ ક્યાં આવી?

ભારતીય સંગીતનો શોખ ખરો; પણ પહેલું અંગ્રેજી ગીત તો શીખી 'ગર્લ ગાઈડ્સ'માં જોડાઈ ત્યારે. અંગ્રેજી ઢબનું ઘરકામ પણ શીખી ગર્લ ગાઈડની ટેસ્ટ્સ પાસ કરવા માટે અને સ્કુલમાં 'ડૉમેસ્ટીક સાયન્સ'ના વર્ગોમાં. લાકડીવાળા બ્રુમ(ઝાડુ)થી ઉભાંઉભાં ઝાડુ કેમ કાઢવું, ગરમ કપડાં કેવી રીતે ધોવાં, ઈસ્ત્રી કેમ કરવી, ખાટલો કેમ પાથરવો વગેરે, જે અહીં આવ્યા પછી ખુબ કામ લાગ્યું.

૧૯૫૭માં વીશ્વની બધી ગર્લ ગાઈડ્સનો એક કૅમ્પ ઈંગ્લેંડ ખાતે ગ્રેટ વીન્ડઝર પાર્કમાં ભરાયો હતો. ઘણી સ્પર્ધાઓમાંથી પાસ થઈ, ઝાંઝીબારની બે ગાઈડ્સમાં એક અરબ છોકરી અને એક હું ચુંટાયાં. ત્યાં જવા માટે અમે પ્રતીનીધી હતાં ઝાંઝીબાર પ્રોટેક્ટરેટના; પણ જ્યારે અમને કહેવામાં આવ્યું કે અમારે અમારો નેશનલ ડ્રેસ એક દીવસ ત્યાં પહેરવો પડશે, ત્યારે અરબ ગાઈડે તેનો અરબી લીબાશ પહેર્યો અને મેં પહેર્યાં આભલાંવાળાં ચણીયાચોળી ને ઓઢણી – હું કચ્છી ખરીને! વળી અમારે એક ગીત પણ ગાવાનું હતું.

તમને લાગે છે કે મને ત્યારે એક પણ સ્વાહીલી ગીત આવડતું હોય?

હું તો ત્યાં બીલકુલ ભારતીય બનીને ગઈ હતી; પણ ભારતથી તો ત્રીસથી પાંત્રીસ ગાઈડ્સની ટોળી ત્યાં આવેલી હતી! સાંજના સ્ટેજ પર મનોરંજન કાર્યક્રમમાં મને કોઈએ ગુજરાતી ગીત ગાવા આમન્ત્રણ ન આપ્યું; પણ ભારતની ગાઈડ્સે તેમનાં નૃત્યો અને ગીતો પ્રદર્શીત કર્યાં. ત્યારે મને પહેલીવાર સમજાયું કે હું ઝાંઝીબારી હતી; ભારતીય નહીં. વળી, મારે રાણી એલીઝાબેથ સાથે હાથ મીલાવવાના, એવું નક્કી કરાયેલું હતું. હું રીહર્સલ સુધ્ધાં કરીને આવી હતી; પણ પછી મને કહેવામાં આવ્યું કે ઝાંઝીબારથી વ્યસ્થાપકોને તાર મળ્યો હતો કે રાણી સમક્ષ મને નહીં; પણ અમારી અરબ ગાઈડને રજુ કરવી. મને ત્યારે પહેલીવાર સમજાયું કે હું ભારતીય તો ન હતી; પણ અરબ સલ્તનતમાં ઉછરેલી સેકન્ડ કલાસ સીટીઝન હતી. રંગભેદનો આ પહેલો અનુભવ હતો. બ્રીટીશ પાસપોર્ટ હતો; છતાંય બ્રીટીશ છું એવું તો ક્યારેય માન્યું નહોતું, જો કે યુનીયન જૅકના સફેદ પટા ક્યાં ક્યાં પહોળા અને ક્યાં સાંકડા હોવા જોઈએ તે જાણતી હતી અને તેનો ઈતીહાસ પણ.

તો પછી હું હતી કોણ? ગળથુથીમાં ભારતીય હીન્દુ ગુજરાતી સંસ્કારો પીને ઉછરેલી, આફ્રીકન પ્રદેશની ભૌતીક

ઉન્નતીમાં પોષણ પામેલી, બ્રીટીશ શૈક્ષણીક પદ્ધતીનાં ઉચ્ચ પાસાંની કેળવણીમાં ફતેહમન્દ થયેલી અને આમ, બહુવીધ સંસ્કૃતીઓ હેઠળ 'સન્તુલીત વીકાસ' પામેલી એક પુખ્ત વયના પગથારે પહોંચેલી કન્યા, એ હું હતી.

–ભદ્રા વડગામા–(લંડન)

૨૭ ફેબ્રુઆરી ૨૦૧૧

સમ્પર્ક: bhadra.v@btinternet.com

(•)(♦)(•)

218 : 22-05-2011

# ડૉક્ટર ઈન ધ હાઉસ?

–ડૉ. જયન્ત મહેતા

અનુક્રમણીકા

ગઈ કાલે જ એમની ચાર વરસની દીકરી અમીના બોલેલા ચાર શબ્દો હજુ મન્દીરના ઘંટની જેમ કાને વાગતા હતા : ‘Mom, can we get another dad when our dad goes to work? મારી સાથે કોઈ વખત પ્લે નથી કરતા. He is always tired when he is home.’ અને ડૉ. જાનીનું માથું ભમી ગયું. તે ઓછું હોય તેમ આજે બપોરના બે વાગ્યા છે અને હજી લંચ લેવાની ફુરસદ મળી નથી. હૉસ્પીટલનું કૅફેટેરીયા બન્ધ થઈ ગયું. સેન્ડવીચ–શૉપમાંથી એક ફ્રોઝન સેન્ડવીચ લઈ, માઈક્રોવેવમાં ગરમ કરી, હજી તો બેઠા જ ત્યાં બીપર વાગ્યું. ‘બીપ, બીપ, બીપ...’

‘જમ્પીને જમવા પણ ન દે!’ એમ બબડતા ડૉક્ટરે ફોન ઉપાડ્યો. ‘યા, ધીસ ઈઝ ડૉ. જાની..ડીડ યુ પેજ

મી?’ અવાજમાં ગુસ્સો, અકળામણ અને અધીરાઈ હતાં.

‘યસ ડૉક્ટર, સોરી ટુ ટ્રબલ યુ, બટ...’ નમ્ર અવાજે નર્સનો અવાજ આવ્યો.

'યસ, વૉટ? મારી સેન્ડવીચ ઠરે છે. બોલ, છે શું?' ડૉ. જાનીના અવાજમાં રોષ હતો.

'મીસ્ટર જ્હૉનસન ઈન રુમ નંબર 206 હેઝ ચેસ્ટ પેઈન.'

'ઓહ, ધૅટ ફૅટ ગાઈ! ગીવ હીમ સમ નાઈટ્રો એન્ડ રન કાર્ડીયોગ્રામ.' ઉતાવળમાં જવાબ આપી ફોન મુકી દીધો.

લંચ પતાવે ત્યાં સુધીમાં પાંચછ વખત બીપીયારીએ પજવ્યા. ' એન્ડ અમી વૉન્ટ્સ અનધર ડૅડી...' પાછી પેલી વાત યાદ આવી. મુડ ગરમ હતો અને હવે બૉઈલ થવાની અણીએ પહોંચ્યો.

ડૉક્ટર દોલત જાની ૧૫ વરસ પહેલાં ભારતથી અમેરીકા આવેલા. ત્યારે અહીંના શરુઆતના દીવસો કપરા હતા; પણ હવે સારી પ્રૅક્ટીસ બન્ધાઈ ગઈ હતી. ખુબ પૈસા મળ્યા અને ફાજલ સમય ખોઈ બેઠા. ડૉક્ટરની બીઝી જીન્દગીની આ મોટી રામાયણ. કટાણે મળે તે જંક ફુડ ખાઈ લેવો પડતો હોય, બીપર પર દોડતી જીન્દગીમાં શ્વાસ ખાવાનો સમય ન હોય, ત્યાં કસરત કેમ કરી શકાય! વધતું વજન અને માથું કાઢતી ફાંદ, ચહેરા પર વ્યગ્રતાની કરચલીઓ, હવે જાણે ઈસ્ત્રી કરી હોય તેવી કાયમી થઈ ગઈ હતી. રાબેતા મુજબ 55 વરસે વાળ પણ ધોળા થવા આવ્યા. જાણે વૃદ્ધત્વની ચાડી ખાતા ન હોય!

એકધારી આ જીન્દગીમાં દર્દીઓથી પણ કંટાળો આવતો. બીજા હલકા પર્યાય ન હોવાથી હૉસ્પીટલે આવી પડેલા દર્દીઓને તે ખાલી ‘ધૅટ ફૅટ ગાઈ’, ‘રુમ નંબર 206’, ‘ધૅટ ક્રેઝી બીચ વીથ ડાયાબીટીઝ’ કે ‘ન્યુમોનીયાવાળો બુઢીયો’ તરીકે ઓળખતા. દર્દીને પોતાના નામને બદલે દર્દના નામથી, બાહ્ય લાક્ષણીકતાથી જ ઓળખવાની કુટેવ મનમાં જડ ઘાલી બેઠેલી.

‘ઍન્ડ અમી વૉન્ટ્સ અનધર ડૅડી...હં.’ તેની સાથે બાસ્કેટબૉલ તો શું સ્ક્રેબલ રમવાનો સમય પણ નથી મળતો. સુલુ સાથે પીક્ચર જોવા છેલ્લે ક્યારે ગયાં હતાં એ પણ યાદ કરવું અઘરું હતું. ‘સાલો ટાઈમ જ નથી મળતો...!’ એમ કહી મનોમન સાન્ત્વના મેળવતા.

સાંજે આઠેક વાગ્યે દોલત જાની ઘરે પહોંચ્યા. બારણું ખોલી દાખલ થયા અને સુલુને સજ્જ થઈને બેઠેલી જોઈ ડઘાઈ ગયા. ટાપટીપથી પૅસ્ટલ કલરની સાડીમાં તૈયાર થઈ, ‘આમીરાઝ’થી મઘમઘતી, માથામાં ગુલાબનું ફુલ ખોસી બેઠેલી સુલુ, જરા તુમ્બડું ચડાવવાને બદલે હસે તો કેવી સારી લાગે એમ થયું – અને બીજી જ પળે તુમ્બડાનું કારણ પોતે જ હશે એવી ભ્રાન્તી  થઈ. સુલુએ કાંડે નજર નાખી કહ્યું, ‘લેઈટ અગેન, માઈ લવ!’

'લેઈટ ફોર વૉટ?' આદત પ્રમાણે તાડુકીને ડૉક્ટર બોલ્યા.

'મહેરબાન, બીજાઓને કહો છો પણ તમારે મેમરી માટે ઝીંકોબા લેવાની જરુર છે. કોઈ ડૉક્ટરના પ્રીસ્ક્રીપ્શનની જરુર નથી.' પછી ઉમેર્યું, 'અને જરુર હોય તો એક સારા ડૉક્ટનેયે હું જાણું છું. ગયા અઠવાડીયે અમીની વર્ષગાંઠ ભુલી ગયા! મીણબત્તી ઠરી ગઈ, એના મોં પરનાં આંસુઓ સુકાઈ ગયાં; પણ મહેરબાન તો દરદીના હાથ પકડી બેઠા રહ્યા હતા. આજે લગ્નની પન્દરમી એનીવર્સરી છે. ઘર છે એટલું તો યાદ રહ્યું તેટલું સારું; પછી વાઈફ છે કે દીકરી છે તે યાદ રાખે કે નહીં તે ગૌણ બાબત છે...' સુલોચનાના અવાજમાં ગુસ્સો, હતાશા, અકળામણ અનેક ઉર્મીઓનું મીશ્રણ હતું.

'શી નાવ વૉન્ટ્સ અનધર હઝ્બન્ડ!' મનમાં ડૉક્ટર બોલ્યા અને લુલો બચાવ રજુ કર્યો, 'મારે યાદ રાખવાનું કંઈ ઓછું છે? ભુલી પણ જવાય!'

'યુ પ્રૉમીસ્ડ કે આપણે બહાર જમવા જઈશું, પીક્ચર જોઈશું.'

'ઓહ! સોરી, બટ યુ ડોન્ટ હેવ ટુ નેગ મી! લુક, હું થાકી ગયો છું. કાલે જઈએ તો?'

સુલોચના મૌન રહી. હતાશ મને અન્તે તેણે સમ્મતી આપી. 'ઓ.કે.; પણ આવતી એનીવર્સરી પર હું રાહ નહીં

જોઉં.' જરા ધમકી આપી ને પછી જરાક મરકીને બોલી, 'મેં નક્કી કર્યું છે કે પેશન્ટ તરીકે જ હું હોસ્પીટલમાં દાખલ થઈ જઈશ તેથી મળી શકાય.'

ડૉક્ટર કટાક્ષ માટે તૈયાર નહોતા. એની કમાન છટકી. 'આ બધી મહેનત... આ પૈસા તમારા બધા માટે જ છે... અમીને સારી કૉલેજમાં ડૉલર જોઈશે ને?'

સુલુ શીંગડાં ભરાવવા તૈયાર હતી. 'હાઉ નાઈસ ઓફ યુ! હું ભગવાનને પ્રાર્થના કરું છું કે આ ભણેલો, કમાઉ વર આપ્યો છે, આ મર્સીડીઝ અને સાબ જેવી ગાડીઓ આપી, ઈન્ડોર જાકુઝી અને આઉટડોર પુલવાળું પાંચ બેડરુમનું ઘર આપ્યું... ઘણો પાડ. પછી એબ્સન્ટી હસ્બન્ડ જેવી ચીજ માટે ફરીયાદ શાને કરું!'

સુલોચના ઉપર જઈને કપડાં બદલવા લાગી. પાછી આવી ત્યાં ડૉક્ટર તો ફેમીલી રુમમાં એમનું મોં છાપા તળે ઢાંકી ઉંઘી ગયા હતા. ટીવી પર કોઈ કૉમેડીયન અક્કલ વગરની જોક કરતો હતો અને એવું જ અક્કલ વગરનું ઓડીયન્સ તાળીઓ પાડતું હતું. 'આ અક્કલવાળા શાહમૃગની જેમ માથું ઢાંકી ઉંઘી ગયા છે.' સુલોચનાને વીચાર આવ્યો.

સુલોચનાએ ટીવી બન્ધ કર્યું. શોધીને એક સીડી ચાલુ કરી અને 'હાય રે વો દીન ક્યું ના આયે...' ના શબ્દો ગુંજી ઉઠ્યા. ભુતકાળ નજર સામે આવી ગયો. સંગીત અને નૃત્યનો

તેને કેવો શોખ હતો! અને આજે ક્યાં જતો રહ્યો? લાવ, ભાગી જાઉં? ઈંડીયા જતી રહું? અમીનું શું થશે? મારા મનમાં આનન્દ ન હોય તો મારા છોકરાંને કેવી રીતે જીવન માણતાં શીખવાડી શકું? આનન્દ વગરનું જીવન જીવન જ ન કહેવાય ને! કોઈ પ્રેમી શોધી લઉં? અને તરત જ વીચાર આવ્યો કે ભારતીય નારીથી આવો વીચાર થઈ શકે?

ભારતીય નારી એટલે સુખ મેળવવાનો કોઈ હક્ક જ નહીં? પડ્યું પાનું નીભાવવામાં જ આનન્દ મેળવવો રહ્યો? એ તે કઈ જાતનો આનન્દ?

અઠવાડીયા પછી સુલોચનાએ દોલતને કહી દીધું, ‘લુક, ડીયર, તમે અમારે માટે જેટલા પૈસા બનાવ્યા છે તેના અડધા પણ અમને પુરતા છે. હવે વધુ નથી જોઈતા. તો આપણે છુટા છેડા લઈ લઈએ તો કેમ?

ડૉક્ટર ચમક્યા. ‘પછી? પછી કોની સાથે રહીશ?’

‘કોઈની સાથે જ જો રહેવું હોય તો તમે શું ખોટા હતા? અને કોઈ બીજો દીલવાળો સંગી મળે તો સમાનધર્મી સાથે કેમ ન રહેવું? અને છુટાછેડા લીધા પછી તમને શી નીસ્બત કે હું શું કરું છું અને કોની સાથે – અને આજે અમસ્તીયે શી નીસ્બત છે તમને? ’

ડૉક્ટરે કુણા પડી જરા વીનન્તી કરી, ‘ એક વરસ ખમી જા. આવતે વરસે પાર્ટનર લઈ લઈશ અને સાત દીવસને બદલે ચાર દીવસની પ્રૅક્ટીસ કરી દઈશ. શની–રવી તો ડૉક્ટર કાર્ટરને આપવાનું નક્કી કર્યું જ છે...’

ડૉક્ટરે રીઝવવા ઉમેર્યું, ‘ મેં થોડા વખત પહેલાં ડાયમંડનો એક સેટ પેલા ઝવેરીને ત્યાં જોયેલો. હાઉ અબાઉટ ધૅટ એઝ એનીવર્સરી ગીફ્ટ ફ્રોમ મી? અથવા તો સરસ સંગીત માટે ‘બોઝ’ની નવી સાઉન્ડ સીસ્ટમ.’

સુલોચનાને વીચાર આવ્યો, ‘ બજારુ સ્ત્રીઓને પૈસા અને સાથે પ્રેમ પણ મળે છે; મને તો પ્રેમને બદલે પૈસા મળે છે! હું તો તેમનાથીયે બદ?’ અંગ્રેજી મુવી ‘ઝીઝી’નું એક ગીત યાદ આવ્યું:

A necklace is love

Diamond is love

An ugly black cigar is love.

એક દીવસ બપોરે ત્રણ વાગ્યે ડૉ. ઘરે આવ્યા. ‘કેમ આટલા વહેલા?’

‘થાક લાગ્યો હતો એટલે ઑફ લીધો. પેટમાં અને છાતીમાં અકળામણ લાગે છે. મને એક ‘આલ્કા’ આપે છે? સ્ટમક અપસેટ થયું લાગે છે.’

'રાયન સ્મીથને બોલાવું?' ડૉ. સ્મીથ એમના મીત્ર હતા અને ડૉ. જાનીના કલીગ હતા, નામાંકીત હાર્ટ સ્પેશીયાલીસ્ટ પણ હતા.

'ના રે ના, 'આલ્કા'ની જ જરુર છે.' એકાદ દીવસ ઘરે આરામ કર્યો. બીજે દીવસે સારું લાગ્યું એટલે સુલોચનાને 'ચીન્તા ન કરીશ' કહીને ઉપડવા તૈયાર થયા.

'કામે ચડતાં પહેલાં રાયનને બતાવજો. કમસે કમ એક કાર્ડીયોગ્રામ તો કઢાવી લો. મશીન તો તમારી ઓફીસમાં જ છે.' સુલોચનાએ સુચન કર્યું.

'તું પ્રૅક્ટીસ કરવાનું બન્ધ રાખ. ડૉક્ટર હું છું કે તું? ' કહી વીદાય થયા.

સવારના દર્દીઓને તપાસી સાંજનો રાઉન્ડ લેતાં ફરી પાછી બેચેની થઈ આવી. છાતી પર કોઈ હાથીએ પગ મુક્યો હોય તેવું લાગ્યું અને ડાબા હાથમાં ખાલી ચડી હોય તેવો આભાસ થયો. એ દીશા બદલી ઈમરજન્સી રુમ તરફ ઉપડ્યા. નર્સની ડેસ્ક પાસે પહોંચ્યા અને આખા શરીરે પરસેવો વળી ગયો, હાંફ ચડી ગયો, હાથ ઠંડા પડી ગયા. નર્સ કંઈ પુછે તે પહેલાં તો તે ઢગલો થઈને નીચે પડ્યા.

હોશીયાર નર્સે જીભ નીચે નાઈટ્રો મુકી, ભોંય પર સુવડાવી, ઑક્સીજન આપવાનું શરુ કરી દીધું. ઈમરજન્સી રુમમાં લઈ જઈને સારવાર શરુ કરી દીધી.

www.gujaratilexicon.com

ડૉક્ટર જાની જ્યારે ભાનમાં આવ્યા ત્યારે એમની નજર પહેલાં તો ઉપર ટીંગાયેલી બૉટલ પર ગઈ. સેલાઈન અપાઈ રહ્યું હતું. ડૉક્ટર સ્મીથ બાજુમાં ઉભા હતા. ‘ ડૉલટ, આઈ સૉ યોર ઈ.કે.જી. સૉરી, યુ હેડ એક્યુટ હાર્ટ–એટૅક! લકી યુ વર ઈન ધ હૉસ્પીટલ, એલ્સ યુ વુડ હેવ બીન ઈન ધ મોર્ગ.’ એન્જીયોગ્રામ લીધો, એકબે ધમનીઓમાં અવરોધ કળાયો, એન્જીયો–પ્લાસ્ટી કરી અને શરીરમાં બધે લોહી ફરવા લાગ્યું. ઈ–પાસની જરુર ન દેખાણી.

આઈ.સી.યુ.ના 205માં રુમમાં દાખલ કર્યા.

અમીનું ધ્યાન રાખવાની વ્યવસ્થા કરી, સુલોચના તો ડૉ. જાની પાસે પહોંચી ગઈ. અંદર જઈને કહે, ‘ પોતાને ડૉક્ટર કહેનારા રુમ નંબર 205ના દેશી દર્દી, કેમ છો?’ રુમમાં આવી, બાજુમાં બેસી એણે ડૉ. જાનીનો હાથ પકડ્યો.

ડૉ. દોલત જાનીના મોં પર એક સ્મીત ફરકી ગયું. ‘વેલ, માય લેડી ડૉક્ટર, એનો આધાર તો તમારા પર જ છે!...’

પછી સુલોચનાનો હાથ પ્રેમથી પંપાળતાં ઉમેર્યું, ‘સુલુ! આપણી અમીને નવા ડૅડી જોઈતા હતા ને? બીલકુલ નવા તો નહીં; પણ જુનામાંથી, સ્વાનુભવે સુધરેલા નવા ડૅડી તો એને જરુર મળશે.’

-ડૉ. જયન્ત મહેતા

સર્જક–સમ્પર્ક : 5-Phillip Court, Johnson City,

TN 376045- USA

Phone : 423-282-3031

eMail : mehtaj@mail.etsu.edu

લેખકના વાર્તાસંગ્રહ 'પાનખરની કુંપળ' (પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન: ઈ–મેઈલ: order@imagepublications.com , પ્રથમ આવૃત્તી : 2002, પાન સંખ્યા : 154, કીમ્મત : રુપીયા : 80 – ડૉલર : 7)માંથી સાભાર...

(•)(♦)(•)

219 : 05-06-2011

# પન્ના-કાવ્યો

–પન્ના નાયક–

અનુક્રમણીકા

1.

## હીન્દુ સમાજ

આપણો હીન્દુ સમાજ કેટલો ઉત્કૃષ્ટ હતો!

કેટલો સર્વશ્રેષ્ઠ હતો!

ખાસ કરીને છોકરીઓની બાબતમાં -

એમને કહેતો :

શાળાની કેળવણીની અપેક્ષા નહીં રાખવાની,

એમને કહેતો :

સારાં મા-દીકરી બનવાનું,

એમને કહેતો :

ડાહ્યાડમરા બનવાનું,

એમને કહેતો :

સરળ થવાનું,

એમને કહેતો :

નીચી નજરે જોવાનું,

એમને કહેતો :

સહનશીલ વૃત્તીવાળા થવાનું,

એમને કહેતો :

હોઠ સીવેલા રાખવાના,

એમને કહેતો :

બળવો નહીં પોકારવાનો,

એમને કહેતો :

કોઈ ખરાબ કરે, એ સારા માટે છે એમ માનવાનું,

એમને કહેતો :

કોઈ તમાચો મારે, તો બન્ને ગાલ ધરવાના,

એમને કહેતો :

કુટુમ્બ નભાવવાનું અને કુટુમ્બમાં નભી જવાનું,

એમને કહેતો :

પતીને પરમેશ્વર માનવાનો,

એમને કહેતો :

પતી અવસાન પામે તો જીન્દગીભર મુરઝાયેલા રહેવાનું,

એમને કહેતો :

એમના છોકરાઓને લાડકોડથી ઉછેરવાના,

એમને કહેતો :

એમના છોકરાઓને સારા સંસ્કારની દીક્ષા આપવાની,

એમને કહેતો :

એમના છોકરાઓને પુરતું શીક્ષણ આપવાનું..

સાચે જ……

છોકરીઓની બાબતમાં,

આપણો હીન્દુ સમાજ કેટલો ઉત્કૃષ્ટ હતો!

કેટલો સર્વશ્રેષ્ઠ હતો!!

2.

એક બગીચો મારી અંદર, એક બગીચો મારી બહાર;

અંદર–બહારના ભેદ ભુલીને, રંગનો ઉછળે પારાવાર.

લીલા રંગના ઉડે ફુવારા,

ગુલાબની એક આલમ;

પાંદડીઓની વચ્ચે કેવાં

પતંગીયાં મુલાયમ!

કબીર થઈને કાળ વણે છે, રંગરંગના તારેતાર,

એક બગીચો મારી અંદર, એક બગીચો મારી બહાર.

સફેદ રંગ તો મીરાં જેવો,

નીલ રંગ તો શ્યામ;

સૂરદાસની આંખની પાછળ

રંગનું ગોકુળ ગામ.

રંગરંગમાં આંખ જુએ છે હરીવરનો અવતાર,

એક બગીચો મારી અંદર, એક બગીચો મારી બહાર.

3.

હાથ તો હું લંબાવી શકું

પણ

તમે તો મુઠ્ઠી વાળીને બેઠા છો!

તમારી બંધ મુઠ્ઠીમાં શું છે

એ હું નથી જાણતી;

પણ

મારી ખુલ્લી હથેળીમાં

હજીયે પંખીઓના

તાજા ટહુકાઓ છે

ખીલેલાં ગુલાબ જેવા.

તમે ઝીણવટથી જોશો તો

મારી હથેળીમાં

તમારે માટે

જતનપુર્વક સાચવી રાખેલી

ચંદ્રલેખાય

એવી ને એવી મોજુદ છે.

તમારી મુઠ્ઠીમાં

જે હોય તે

મને એની કોઈ તમા નથી.

હું તો હાથ લંબાવી શકું

પણ શું કરું?

તમે જ મુઠ્ઠી વાળીને બેઠા છો!

તમે જ...!

## 4. હજીય ચચરે છે

પંચમહાભુતોનું બનેલું

બાનું શરીર,

ક્યારનુંય

ભસ્મીભુત થઈ,

નામશેષ થઈ ગયું

અને છતાંય

ચીતામાં દાહ દીધેલી કાયાની

ઓલવાતી આગનો

આછો ધુમાડો,

જોજનો દુરથી આવીને

હજીય ચચરે છે

મારી આંખોમાં

ને

એને ઓલવવા

ઉભરાયા કરે છે

ઉનાં ઉનાં પાણી...

5. મૃત્યુને

તું

મારી નૌકાના સઢમાં

છીદ્ર પાડી

પવન ચોરી જઈશ

ને

આખી નૌકામાં

દરીયો છલકાવી

એને ડુબાડી દઈશ

સાગરના પેટાળમાં;

પણ

કવીતાની પંક્તીઓમાં

મહોરેલી મારી વસંતને

ક્યારેય ફેરવી નહીં શકે

પાનખરમાં...

ક્યારેય નહીં...

## 6. લ્હેરખી

હવાની એક લ્હેરખી આવે,

સુગન્ધ, ટહુકા, પીંછાંઓને વેરતી આવે,

ધુમ્મસમાં મને ઘેરતી આવે,

સપનાંઓને ઉછેરતી આવે.

હવાની એક લ્હેરખી આવે...

હું તો કશું વીણતી નથી,

કાલની વાતને છીણતી નથી,

આંખમાં અફીણને ફીણતી નથી,

આવે ત્યારે આપમેળે, એ

લહેરતી લહેરતી લહેરતી આવે.

હવાની એક લ્હેરખી આવે...

પંખીને હું પાળતી નથી,

જીવને મારા બાળતી નથી,

પીંજરાને પંપાળતી નથી,

નહીં જાણું એમ કોઈકને ઘેરથી,

કઈ દીશાથી, કઈ નીશાથી,

જાણે કોઈકની મહેરથી આવે.

હવાની એક લ્હેરખી આવે...

7.

આભનો ભુરો રંગ ને મારા ફુલનો લાલમલાલ,

રંગની લીલા જોઈને મારે નેણ તો ન્યાલમન્યાલ.

રાતનું વહેતું શ્યામ સરોવર

એમાં નૌકા શ્વેત,

સમજું નહીં કે ચાંદ ઉગે

કે ઉગતું કોઈનું હેત,

આજ તો મારી સાવ સુંવાળી : લીલમલીલી કાલ,

આભનો ભુરો રંગ ને મારા ફુલનો લાલમલાલ.

પવન પોતે વૃક્ષ થઈને

ડોલતું રહે હરીયાળું,

મનમાં હવે ક્યાંય નથી કોઈ

કરોળીયાનું જાળું,

ગમતીલા ગુલાલમાં વેરે કોઈ તો વ્હાલમવ્હાલ,

આભનો ભુરો રંગ ને મારા ફુલનો લાલમલાલ.

# કેટલાંક હાઈકુ

| | | | |
|---|---|---|---|
| શમણે મળો-<br>તો નહીં વગોવાય<br>પ્રેમ આપણો | સ્ટેશન પર<br>શ્વાસ લેવા<br>રોકાય<br>હાંફતી ટ્રેન | સ્પર્શી તો જુઓ–<br>નથી લજામણી કે<br>બીડાઈ જાઉં | ‘ધોળો થયો છું’<br>કહી, નાચ કરતો<br>કાગડો સ્નોમાં |
| અંધારસ્ટેજે<br>પવન પખવાજે<br>સ્નોફ્લેક્સ નૃત્યો | પીઠી ચોળાવી<br>બેઠાં છે ડેફોડિલ્સ<br>ઘાસમંડપે | સ્પર્શું તમને<br>પાંપણની કોરથી<br>ભરમેળામાં | સુરજમુખી<br>સુરજ સાથે ફરે-<br>હું દીશાહીન |
| તારી જુદાઈ<br>ખુંચે, પગ તળેના<br>કાંકરા જેવી. | ધોધમાર તું<br>વરસ્યો,<br>લીલોછમ્મ<br>થયો સમય | કુંડે સુકાતી<br>તુલસી, શોધ્યા કરે<br>બાનાં પગલાં | ટેલીવીઝન<br>બોલ બોલ કરે ને<br>માણસો ચુપ |
| તડકો સુતો<br>ડાળી પર, ફુલનું<br>ઓશીકું કરી | વાતાનુકુલ<br>ઈમારતો, અન્દર<br>હવા કણસે | મળવા એને<br>પ્હાડો ઓળંગ્યા,<br>પણ નડ્યો ઉંબર | ઉપડે ટ્રેન-<br>ફરફરી ના શકે<br>ભીનો રુમાલ |

–પન્ના નાયક–

તાજેતરમાં પ્રકાશીત થયેલા કવયીત્રીના રુપકડા હાઈકુ–પુસ્તક ‘અત્તર–અક્ષર’ (પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન – email - imageabad@gmail.com પ્રથમ આવૃત્તી: 2011, પૃષ્ઠસંખ્યા: 210, મુલ્ય: રુપીયા 250, વીદેશમાં: $ 10 – સમ્પર્ક: પન્ના નાયક)માંથી સાભાર...

સર્જક–સમ્પર્ક:

Panna Naik, 9034-Lykens Lane, Philadelphia, PA – 19128 - USA –

eMail: naik19104@yahoo.com Phone: 215-487-7142

(●)(♦)(●)

220 : 19-06-2011

# ફ્રીક્વન્ટ રાઈડર

–હરનીશ જાની

અનુક્રમણીકા

કહેવાય છે કે મહમ્મદ ગઝનવીએ સૌરાષ્ટ્રના પ્રભાસ પાટણના સોમનાથ મન્દીર પર સત્તર વાર ચડાઈ કરી હતી અને દરેક વખતે મન્દીર તોડ્યું હતું – લુંટ્યું હતું. આ ઘટનાને ધાર્મીક રીતે નહીં; પણ ઐતીહાસીક રીતે તપાસીએ.

આજથી હજાર વર્ષ પહેલાં સોમનાથનું મન્દીર સોનાનું હશે, ભવ્ય હશે. એટલે જ કદાચ આ યવને મન્દીર પર વારમ્વાર હુમલા કર્યા.

ખરેખર સત્તર વાર હુમલા કરવા જેવું શું હશે?જો સત્તર વાર મન્દીર તોડ્યું હોય તો સત્તર ચડાઈ વખતે ભીમદેવ અને મહમ્મદ ગઝનવીની માનસીક સ્થીતી કેવી રહી હશે?પ્રજા પર તેની શી અસર થઈ હશે? પહેલી ચડાઈથી માંડી સત્તરમી ચડાઈને ચકાસીએ.

પહેલી વાર બાણાવળી ભીમ લડ્યો અને હાર્યો. પોતે અને પોતાના સરદારની હારવા પાછળ કઈ કઈ ભુલો થઈ હતી તે એણે રાજ્યના લોકોને સમજાવ્યું; પોતે હવેથી ચૌલાદેવી જેવી નૃત્યાંગના સાથે સમય ગાળવા કરતાં

પોતાનાં તાતાં તીર તીણાં કરશે એવું વચન આપ્યું. પોલીટીક્સ ત્યારે પણ જીવન્ત હતું.

બીજી વાર પણ તે અને તેના માણસો ઉંઘતા ઝડપાયા. તેણે જાહેરનામું બહાર પાડ્યું કે જો તે યવન પાછો ચડી આવશે તો તેને જીવતો મારી નાખવામાં આવશે.

નવો ફેરફાર એ કર્યો કે ચૌલાદેવી અને બીજી નૃત્યાંગનાઓને ભીમદેવે સંતાડી દીધી. લોકોએ પત્નીઓને પીયર મોકલી દીધી. કદાચ એ ત્રીજી વાર ચડી આવે તો?યવન હવે નહીં આવે એવી ભવીષ્યવાણી કરવાવાળા જોશીઓ પણ અદૃશ્ય થઈ ગયા અને યવન ત્રીજી વાર ત્રાટક્યો.

ત્રીજી વખતે ભીમદેવે લોકોને રાજ્યની ટૉપ સીક્રેટ હોમલેન્ડ સીક્યોરીટીની વાતો કહેવાનું માંડી વાળ્યું અને બ્રાન્ડ ન્યુ મન્દીર બનાવડાવ્યું. પહેલાંના કરતાંયે વધુ ભવ્ય. તેમ છતાં કોઈએ તેને ‘ભીમદેવ ગાંડા’નું ઉપનામ ન આપ્યું. મહમ્મદ ગઝનવી પાછો ચડી આવ્યો અને મન્દીરનું સત્યાનાશ વાળ્યું.

આ ચોથીવારના હુમલા પછી પુજારીઓનું એક મંડળ રાજા ભીમદેવ પાસે આવ્યું. ‘મહારાજ, આપણે આ ટેમ્પલ બનાવવાનું છોડી દઈએ તો કેવું? આપણે ટેમ્પલ બનાવીએ છીએ ને પેલો તોડી નાખે છે!’

પુજારીઓમાંના એકે આઈડીયા લડાવ્યો, ‘ મહારાજ, આપણે પાટીયાનું મન્દીર બાંધીએ તો કેવું? છોને તોડી નાખે! આપણે બીજે વરસે તોડવા માટે પાછું નવું મન્દીર બનાવી આપીશું! સસ્તું પડશે, સહેલું પડશે.’ ભીમદેવે ન માન્યું ને મન્દીર ફરી બનાવડાવ્યું. મહમ્મદે પાંચમી વાર મન્દીર તોડ્યું.

છઠ્ઠી ચડાઈ વખતે ભીમદેવ બાણાવળી મહમ્મદની છાવણીમાં પોતે ગયા અને જણાવ્યું કે, ‘જ્યારે આવતા વરસે આપ આવો તો હું પ્રભાસ પાટણમાં નહીં હોઉં. મારે મારા ભાઈની દીકરીનાં લગ્નમાં લાટ પ્રદેશમાં ભરુચ જવાનું છે. નાવ યુ નો, વ્હેર ધ ટેમ્પલ ઈઝ – જઈને તોડી આવજો! મારી ગેરહાજરીમાં થોડાઘણા મારા સરદારો આપની સાથે યુદ્ધ કરશે. ખોટું ન લગાડતા. તમે જ્યારે આઠમી વખતે આવશો ત્યારે મળીશું.’

બીજે વર્ષે ભીમદેવની ગેરહાજરીમાં ખાલી ખાલી લડાઈ થઈ. રામલીલાના ખેલમાં રામ–રાવણની લડાઈ થાય છે તેમ. મહમ્મદ ગઝનવી પણ ખાનદાન હતો. ભીમદેવની ગેરહાજરીમાં તેને પણ લડવાની મઝા નહીં આવી. આઠમી લડાઈ વખતે મહમ્મદે ભીમદેવને અગાઉથી સંદેશો મોકલાવ્યો હતો. હવે બન્ને વચ્ચે એકમેકને માટે ખુન્નસ ઓછું થયું હતું. ભીમદેવે મહમ્મદ ગઝનવીને કહ્યું, ‘આ મારો ભાઈ ભરુચ રહે

છે. પણ આ આઠ વરસમાં એક જ વાર તે મળ્યો; જ્યારે આપ સેંકડો જોજન દુર રહેવા છતાં દર વરસે મળવા આવો છો. યુ આર માઈ ન્યુ ફેમીલી.’

પછી તેમણે કસુમ્બાપાણી કર્યાં.

ભીમદેવે એમ પણ કહ્યું, ‘મહમ્મદભાઈ, ભારતમાં ઘણાં બધાં મન્દીરો છે. ત્યાં પણ જવાનું રાખો અને એકાદ વાર અમને બ્રેક આપો. પોરો ખાવા દો. દ્વારકા જવાનું રાખો. તે પણ સોનાની જ નગરી છે.

મહમ્મદે નવમી વાર નહીં આવવાનું વચન આપ્યું. તેમ છતાં ભીમદેવને ખબર પડી કે મહમ્મદ ગઝનવી તો પ્રભાસ પાટણના પાદરે આવીને ઉભા છે!

મહમ્મદ ગઝનવીએ શરમીન્દા થઈને ભીમદેવને કહ્યું કે, ‘માફ કરજો, વચનભંગ કરવા બદલ. જવું હતું તો દ્વારકા જ. પરન્તુ જુનાગઢથી બન્ને મન્દીર તરફ જતા રસ્તા ફંટાતા હતા. હવે ઘોડા એટલા તો ટેવાઈ ગયેલા કે એમના પગ આ ભણી જ વળી ગયા.’

ભીમદેવે કહ્યું, ‘અમેયે ઘોડાને સમજીએ છીએ. હવે આવ્યા જ છો તો મન્દીર તોડી જ જાઓ.’

મહમ્મદ ગઝનવી સત્તર વાર ગુજરાત પર ચડી આવ્યો. જો એ હકીકત હોય તો, આ યુગમાં સત્તર વર્ષમાં એક દીવસની મુસાફરીનો મામલો હોવા છતાં આપણે

અમેરીકાથી ભારત સત્તર વાર નથી જઈ શક્યા; તો તે જમાનામાં લાખનું સૈન્ય લઈ પગપાળા હજાર માઈલ આવતાં–જતાં મહીનો લાગે તેમ સત્તર વાર કરવું! વોટ ઈઝ રોન્ગ વીથ ધીસ પીક્ચર? આ વાત માનવી અઘરી; પણ ઈતીહાસ ખોટો ન હોઈ શકે.

પેલી બાજુ મહમ્મદે સેનાપતીને બોલાવ્યો. કહ્યું, 'ચડાઈ કરવાની તૈયારી કરો.'

સેનાપતી પુછે છે, 'આ વરસે ક્યાં જઈએ છીએ?'

મહમ્મદ કહે, 'સોમનાથ લુંટવા.'

સેનાપતી કહે, ' અગેઈન? આપણા સૈનીકો હવે ગુજરાતથી કંટાળ્યા હશે. આ વખતે મથુરા જઈએ તો કેવું?'

મહમ્મદ કહે, 'જે લોકો ગુજરાતથી થાક્યા હોય તેમને મથુરા મોકલો અને બાકીનાને ગુજરાત આવવા દો.'

સેનાપતી થોડી વારમાં પાછો આવી કહે, 'જહાંપનાહ, સૈનીકો બધા ગુજરાત જવા રાજી છે; કારણ કે ત્યાં બહુ મોટી લડાઈ નહીં થાય તેની ગેરંટી છે. ઘણાને પોતાની પત્નીઓ માટે, માશુકાઓ માટે પાટણનાં પટોળાં અને વાસણોની ખરીદી કરવી છે.'

મહમ્મદનું લાખ માણસનું લશ્કર રાજસ્થાનમાંથી પસાર થાય. રાજસ્થાનના લોકોએ નોંધ્યું કે મુલતાનના દરેક સૈનીકે લાંબા લાંબા બ્લેન્કેટ ઓઢ્યા છે.

'ઓ અફઘાનભાઈ, તમારે બ્લેન્કેટ વેચવા છે?'

અફઘાન સૈનીકોને લાગ્યું કે વેપારની સારી શક્યતા છે. હવે તો રાજસ્થાનના લોકો પણ મહમ્મદભાઈનું લશ્કર પોતાના ઘર પાસેથી કુચ કરે તો સારું એવું ઈચ્છતા હતા.

કદાચ એમના ફાધરે ફ્રીક્વન્ટ ફ્લાયર જેવી ફ્રીક્વન્ટ રાઈડર યોજના બનાવી હોય. અને એમણે ફાધરને વચન આપ્યું હોય કે તમારી યોજના પ્રમાણે યુદ્ધ કરીશ.

કદાચ એમ પણ હોય કે ઘરમાં પત્નીના ત્રાસથી બચવા માટે બહાર યુદ્ધ કરવા જવું સારું  યુદ્ધમાં તો સફળતા મળવાની શક્યતાય ખરી!

અથવા પત્ની ખુબ જ વહાલી હોય એટલે સેંકડો માઈલથી કામ પતાવીને પત્ની પાસે થોડું સુખ ભોગવવા ઘરે આવે.

ઈતીહાસ કહે છે કે મહમ્મદ ગઝનવીએ પ્રભાસ પાટણના સોમનાથ મન્દીરને તોડવા સત્તર વાર ચડાઈ કરી હતી. વાત માન્યામાં ન આવે; પરન્તુ ઈતીહાસ કાંઈ ખોટો ન હોય. બની શકે કે ઈતીહાસકારોનું ગણીત કાચું હોય અને સાતના સત્તર થઈ ગયા હોય. સાત વાર સાચું હોય તો પણ મહમ્મદ અને ભીમદેવનાં મગજ તપાસવાની જરુર છે.

મહમ્મદ અઢારમી વાર કેમ ન આવ્યો? સત્તરમી વાર ચડાઈ કર્યા પછી તેને ખબર પડી કે શીવલીંગ સોનાનું નથી;

પરન્તુ પથ્થર ઉપર સોનેરી રંગ કરીને આ લોકો આપણને ઉલ્લુ બનાવે છે. જો પથ્થર જ તોડવા હોય તો ઘરઆંગણે ન તોડીએ?

## –હરનીશ જાની

લેખક–સમ્પર્ક:

Harnish Jani

4, Pleasant Drive, YARDVILLE, NJ - 08620 - USA

E-Mail- harnish5@yahoo.com - Phone - 001-609-585-0861

2009માં પ્રકાશીત થયેલા, અને 'ગુજરાતી સાહીત્ય પરીષદ'નું 'જ્યોતીન્દ્ર દવે પારીતોષીક' વીજેતા, લેખકના હાસ્ય નીબન્ધસંગ્રહ 'સુશીલા' (પ્રકાશકઃ અલકાબહેન પંકજભાઈ શાહ, હર્ષ પ્રકાશન, 403, ઓમ દર્શન ફ્લેટ્સ, 7–મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ–380 007 પૃષ્ઠ સંખ્યા – 148, મુલ્ય– 100 રુપીયા.. પ્રાપ્તીસ્થાન–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001)માં પાન અડસઠ ઉપર આપેલો અઢારમો હાસ્ય–નીબન્ધ... લેખકની પરવાનગીથી સાભાર..

221 : 03-07-2011

# મુળીબા

–આનંદરાવ લીંગાયત

અનુક્રમણીકા

રાત્રે સુતાં પહેલાં ડૉ. આમ્બેડકરનું જીવનચરીત્ર વાંચતો હતો. ત્યાં મારા બાળપણના દીવસોમાં અમારા ફળીયામાં રહેતાં અમારાં પાડોશી મુળીબા યાદ આવી ગયાં અને સાથે સાથે જ ડૉ. આમ્બેડકરના જીવનનો એક પ્રસંગ પણ યાદ આવી ગયો.

પુસ્તક બન્ધ કરી હું તો વીચારે ચડી ગયો.. ૧૯૩૫ની સાલ.. મહારાષ્ટ્રના નાસીક પાસેના એક નાના ગામમાં, તે જમાનામાં અસ્પૃશ્ય ગણાતા લોકોએ, હીન્દુ મન્દીરમાં પ્રવેશવાના પોતાના અધીકાર માટે સત્યાગ્રહ આદર્યો. એ સ્થળે ડૉ. આમ્બેડકરે આ ઘોષણા કરેલી : ‘હું જનમ્યો છું હીન્દુ; પણ હું હીન્દુ તરીકે નહીં મરું.’ ત્યાર પછીનાં વર્ષો એમણે મહારાષ્ટ્રના મહાર(હરીજન–ભંગી) લોકોની એક જંગી જાહેર સભા બોલાવી હતી અને સમગ્ર અછુત જનતાને ધર્મપરીવર્તન કરવાની હાકલ કરી હતી. એ સભામાં કવીતારુપે કરેલા એમના મરાઠી સમ્બોધનનું આ ગુજરાતી રુપાન્તર છે :

સ્વમાન મેળવવું હોય, તો તમારો ધર્મ બદલો;

સહકારી સમાજ રચવો હોય તો, તો તમારો ધર્મ બદલો;

અધીકાર જોઈતા હોય, તો તમારો ધર્મ બદલો;

સમાનતા જોઈતી હોય, તો તમારો ધર્મ બદલો;

સ્વતંત્રતા જોઈતી હોય, તો તમારો ધર્મ બદલો;

તમે સુખ–શાન્તીથી જીવી શકો એવું જગત તમારે નીર્માણ કરવું હોય તો, તો તમારો ધર્મ બદલો;

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમારી મર્દાનગીની કીમ્મત નથી કરતો?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને એમનાં મન્દીરોમાં પ્રવેશ નથી કરવા દેતો?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને જળાશયોમાંથી પીવાનું પાણી ભરવા નથી દેતો?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને શીક્ષણ નથી લેવા દેતો?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે તમને સારી નોકરી કરતાં અટકાવે છે?

એવા ધર્મમાં તમારે શા માટે પડ્યા રહેવું જોઈએ કે જે ડગલે ને પગલે તમારું અપમાન કર્યા કરે છે?

જે ધર્મ માનવ–માનવ વચ્ચે માનવતાભર્યા વર્તનનો બહીષ્કાર કરે છે, એ ધર્મ નહીં; ક્રુર શીક્ષા છે.

જે ધર્મ માનવ–સન્માનને પાપ ગણે છે, એ ધર્મ નહીં; પણ ક્રુર શીક્ષા છે.

જે ધર્મ ગંદા પ્રાણીને સ્પર્શવાની છુટ આપે છે; પરન્તુ માણસને નહીં, એ ધર્મ નહીં; પણ પાગલપણ છે.

જે ધર્મ કહે છે કે સમાજનો એક વર્ગ જ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં, દ્રવ્યપ્રાપ્તી કરી શકે નહીં, શસ્ત્ર ધારણ કરી શકે નહીં, એ ધર્મ નહીં; પણ માનવતાની હાંસી છે.

જે ધર્મ એવું શીખવાડે છે કે ગરીબે ગરીબ જ રહેવું જોઈએ, ગંદાએ ગંદા જ રહેવું જોઈએ, એ ધર્મ નહીં; પણ શીક્ષા છે.

જેઓ પોકાર્યા કરે છે કે જીવમાત્રમાં પ્રભુ છે; છતાં માનવને પ્રાણી કરતાંયે હલકો ગણે છે એ બધા દંભી છે. એમનો સહવાસ ન રાખશો.

જેઓ કીડીઓને સાકરના કણ ખવડાવે છે; પણ માણસને પાણી વગર રાખે છે એ બધા દંભી છે. એમનો સહવાસ ન રાખશો.

જેઓ પરદેશીઓને ગળે લગાવે છે; પણ દેશબન્ધુઓથી છેટા રહે છે, એ સમાજના વીશ્વાસઘાતીઓ છે. એ બધા દંભી છે. એમનો સહવાસ ન રાખશો.

('Sources Of Indian Tradition'ના સૌજન્યથી ઉપરોક્ત ઘોષણાનું સાભાર ગુજરાતી ભાષાન્તર મેં કર્યું છે. - લેખક)

અન્તે, મૃત્યુ પહેલાં બે માસ અગાઉ હીન્દુ ધર્મનો ત્યાગ કરી, બૌદ્ધ ધર્મ અંગીકાર કરી, ડૉ. આમ્બેડકર 1956માં ગુજરી ગયા.

મુળીબાને તો આ બધા વીશે કંઈ જ ખબર નહોતી.

60–65 વર્ષ પહેલાંની આ ઘટના છે. ત્યારે મારી ઉમ્મર હશે સાતેક વરસની. આ ઘટનાનું મુખ્ય પાત્ર છે મુળીબા. એ મુળીબાને હું હજીયે ભુલ્યો નથી.

આજે તો હું અહીં અમેરીકામાં 1970થી રહું છું. અમેરીકામાં પણ હવે તો ઈન્ડીયાથી ઢગલાબન્ધ સાધુ–સન્તો અને ઉપદેશકો આવે છે. આ બધાનાં મોઢાંમાંથી એક જ સલાહ સૌને મળે છે : "તમે અને તમારાં બાળકો ભારતીય 'સંસ્કાર' ટકાવી રાખજો. એ 'ભવ્ય વારસો' ગુમાવશો નહીં." પણ આ 'ભારતીય સંસ્કારો'ની અંદર શું શું આવે છે, એનાં ingredients કયાં કયાં છે તેનું સ્પષ્ટ લીસ્ટ – ચોખ્ખી યાદી આપવાની હીમ્મત કોઈ કરતું જ નથી. એ લીસ્ટ આપે તો બીજી સંસ્કૃતી–ધર્મોના લીસ્ટ સાથે તેને સરખાવી શકાય.

ચાળીસેક વરસ અમેરીકામાં રહ્યા પછી એવું ભાગ્યે જ કોઈ હશે કે જેના વીચારો થોડાઘણા પણ બદલાયા નહીં હોય.

જાણે–અજાણ્યે, સીધી યા આડકતરી રીતે, જગતની બધી જ ભાષાઓ અને સંસ્કૃતીઓના લોકોનો સમ્પર્ક અહીં થાય છે. કબુલ કરો કે ન કરો; પણ દુનીયા તરફ જોવાની દૃષ્ટીમાં ઘણો ફરક પડે જ છે. પરીણામે ‘સંસ્કાર’ શબ્દની વ્યાખ્યા પણ ધીમે ધીમે ઘણી બદલાતી જાય છે. કેટલાક રીતી–રીવાજોને પડકારતા પ્રશ્નો પણ ઉભા થાય છે. મારી ઉમ્મરની વીડીયો–ટેપ રીવાઈન્ડ કરીને મારું બાળપણ જોઉં છું તો એવા ઘણા પ્રસંગો દેખાય છે જેના મને આજે પણ સ્પષ્ટ જવાબો મળતા નથી.

આ મુળીબાનો એવો જ એક પ્રસંગ છે. અમારા ફળીયામાં રહેતાં મુળીબા હજુ આંખ સામે એવાં ને એવાં મને દેખાય છે.

મુળીબાને સૌ ધીક્કારતા. ફળીયામાં એમને ભાગ્યે જ કોઈ સાથે બનતું. બધા લોકો સાથે આ અણબનાવ માટે એમનો ઉગ્ર સ્વભાવ જવાબદાર ગણાય. વાતવાતમાં એ તપી જતાં અને ઝઘડી પડતાં. કોઈને પણ ધમકાવી નાખવો એ તો એમને મન રમત વાત. અમારા ફળીયામાં તો શું, આખા ગામમાં એમની જબરી ધાક. કોઈ એમને છીંડે ના ચડે. બધા દુર જ રહે. અન્યના ભોગે પોતે ખાસ આગવી સગવડો ભોગવવી એમાં એ ગૌરવ સમજતાં અને વળી એ માટે પોતે અધીકારી છે એમ સમજતાં. અત્યંત અતડા સ્વભાવનાં

મુળીબા ક્યારેક ભયંકર સ્વાર્થી અને બહુ દુષ્ટ સ્વભાવનાં લાગતાં. અમે બધાં છોકરાંઓ તો એમનાથી સો ગાઉ દુર જ ભાગતાં.

કોણ જાણે કેમ પણ મારું નાનકડું બાલ–મન મને કહ્યા કરતું હતું કે મુળીબા સ્વભાવનાં આવાં હોઈ શકે જ નહીં. મારું મન એક સવાલ ઉઠાવ્યા કરતું કે મુળીબા આટલાં બધાં સ્વાર્થી, આટલાં બધાં દુષ્ટ હોઈ કેવી રીતે શકે? એ તો સતત માળા જ જપ્યા કરતાં હોય છે. હમ્મેશાં ભગવાનની પુજા–આરતી અને ભક્તીમાં ડુબ્યાં હોય છે! જે આ રીતે સતત ભગવાનને પુજ્યા કરે એ તો બધા બહુ ભલાં અને પ્રેમાળ હોય. મુળીબા તો એમના દેખાવ ઉપરથી પણ જરાય એવાં ડસીલાં કે વેર–ઝેરવાળાં લાગતાં નથી. એમનું મોં તો કેટલું સુન્દર અને રુપાળું છે! દેખાવે ગોરાં, ઘાટીલાં અને રુડાંરુપાળાં હોય એ બધાં સ્વભાવે પણ સારાં જ હોય એવું હું નથી કહેતો. પણ મુળીબા એવાં સ્વાર્થી અને મેલા દીલનાં હોઈ શકે એવું મારું મન સ્વીકારતું નહોતું.

મુળીબા આટલાં બધાં ચીડીયાં કેમ છે?કોઈની સાથે એમને બનતું કેમ નથી? આ બધા સવાલોના જવાબ નાનપણમાં તો મળ્યા નહોતા. પણ આજે પરીસ્થીતીનું પૃથક્કરણ કરતાં થોડુંક તો સમજાય છે.

એક તો મુળીબા બાળવીધવા હતાં. જ્ઞાતીએ બ્રાહ્મણ. તે કારણે પણ કદાચ ફળીયાના લોકો એમની દાદાગીરી સહન કરી લેતા હશે. લોકો ખરેખર તેમનાથી ડરતા હતા કે સહાનુભુતીથી એમની દયા ખાતા હતા...એ તો અત્યારે કહેવું મારે માટે મુશ્કેલ છે.

બીજું...મુળીબાએ નીશાળનું મોઢુંયે જોયું નહોતું. વાંચતાં કે લખતાં આવડવાનો તો કોઈ સવાલ જ નહોતો. અભણ રહી જવામાં મુળીબાનો વાંક નહીં હોય. સ્ત્રીને ભણતરથી વંચીત રાખી હમ્મેશને માટે પગના તળીયા નીચે દાબી રાખવાનો એ જમાનાનો રીવાજ એને માટે જવાબદાર હશે. ‘વડીલ’ પરુષોએ એ વખતે નાની મુળી માટે જે નીર્ણય લીધો હશે એ પ્રમાણે મુળી વર્તી હશે. વડીલોના નીર્ણય ગમે તેટલા ખોટા અને અર્થહીન હોય તો પણ નાના લોકોએ એ નીર્ણયને કોઈ પણ દલીલ સીવાય શીરોમાન્ય રાખી વડીલોની ‘આમન્યા’ રાખવી એને આપણે આપણું ‘કલ્ચર’ – આપણા ‘સંસ્કાર’ કહીએ છીએ! એને જ કુટુમ્બની ‘મર્યાદા’ સાચવી ગણાય. ‘ખાનદાન’નું નાક રાખ્યું એમ માનીએ છીએ.

ત્રીજું...મુળીબાની દુનીયા બહુ જ નાની હતી. અમારા ગામની બહાર મુળીબાએ કદી પગ મુક્યો નહોતો. અમારું ગામ અને ગામનું મન્દીર એ જ મુળીબાની દુનીયા. ઘરમાં પણ એકલાં જ હતાં. આગળ–પાછળ કોઈ નહીં! આખો દીવસ

ઘરમાં પણ એકલાં એકલાં કાંઈક ને કાંઈક કામ  કરતાં જ હોય. કામ ના હોય ત્યારે માળા લઈને ઓસરીમાં બેઠાં બેઠાં કાંઈક બબડતાં બબડતાં ડોલતાં હોય.. બહારનું જગત કેવું હોય અને એ બહારના જગતમાં શું શું ચાલી રહ્યું છે એ વીશે મુળીબાને કાંઈ કહેતાં કાંઈ ખબર નહોતી. એમને એની ખોટ પણ જણાતી નહોતી. 'મનોરંજન' જેવો શબ્દ મુળીબા ભાગ્યે જ સમજતાં હોય. ગામની ભાગોળે કોઈવાર રામલીલાવાળા આવતા ત્યારે આખું ગામ જોવા જતું; પણ મુળીબા કદી નહોતાં જતાં. એમને આનંદ–પ્રમોદ કરવાનું કંઈ મન જ નહીં થતું હોય કે પછી પોતે વીધવા હોવાથી કોઈ સામાજીક ડરને લીધે એ જતાં નહીં હોય! આ સવાલના જવાબની અટકળ કરવી અત્યારે નકામી છે.

એ સમયના કારમા રીતીરીવાજોએ મુળીબાને સાવ કચડી નાખ્યાં હશે એ વાત આજે દીવા જેવી મને દેખાય છે. વીધવા એટલે 'ત્યાગ', વીધવા એટલે 'સંયમ'...એવા મોટા મોટા શબ્દો વાપરી વાપરીને સમાજ વૈધવ્યને શણગારતો રહ્યો છે. 'ગંગાસ્વરુપ' જેવું ટાઈટલ પણ કોઈક વીદ્વાને તો વીધવા બહેનોને આપી દીધું. જગતની સૌથી વધુ ગંદી થયેલી, સૌથી વધુ પ્રદુષીત, ગંગા નદી અને બાળપણથી જીવનભર પતી વગર શેકાતી સ્ત્રી... આ બે વચ્ચે શો સમ્બન્ધ! 'ગંગા' અને 'વીધવા' એ બન્ને વચ્ચે ક્યાંય, કશું

સામ્ય દેખાય છે?પણ શબ્દોની લહાણી કરવામાં શું જાય છે! એમાં ક્યાં પૈસા પડે છે! આ બધા ભવ્ય શબ્દો, વીધવા સ્ત્રીઓને ફરી લગ્ન કરતી અટકાવવામાં, નીરુત્સાહ કરવામાં ઉત્તમ ભાગ ભજવતા હોવા જોઈએ. ક્રુર રીતીરીવાજોને આવા બધા શબ્દોથી શણગારીને ‘રુપાળા’ અને ‘પવીત્ર’ દેખાડવાની આ બહુ હોશીયાર કળા છે! વીધવા અને ત્યક્તા સ્ત્રીઓના માનસ ઉપર આ પ્રકારના શબ્દોનો સતત મારો ચાલુ રાખવાથી એમનાં મન અને તનની યાતનાઓ મટી જતી હશે?

એ જ ‘ગંગાસ્વરુપ’ સ્ત્રીને પછી ‘રાંડી રાંડ’ કહીને એને બધાં શુભકાર્યોમાં અપશુકનીયાળ ગણતાંયે સમાજને વાર નથી લાગતી.

એ વખતના સમાજે આ જ રીતે, વૈધવ્યનાં વખાણ કરી કરીને, મુળીબાને એકાંતના ભયાનક ખાડામાં પુરી દીધાં હશે. પરમ્પરાથી ચાલ્યા આવતા આ સામાજીક દમનને લીધે એમનો સ્વભાવ પણ પછી ધીમે ધીમે વીકૃત થઈ ગયો હશે એટલું સમજવા માટે કોઈ મોટા માનસશાસ્ત્રી પાસે જવું ના પડે.

અલબત્ત, આજે તો એ ધર્મ એકવીસમી સદીમાં પ્રવેશી ચુક્યો છે. એટલે ધર્મના અનુયાયીઓના વીચારો પણ બદલાયા જ હશે એવી આશા રાખીએ.

45–50 વર્ષની વયે પણ મુળીબાનું રુપ બરાબર ચમકદાર હતું. એક તો એમના શરીરનો વાન ખુબ ગોરો અને એ હમ્મેશાં ઘેરો કથ્થઈ રંગનો, વૈધવ્યને અનુરૂપ, કીનારી વગરનો સાદો સાડલો જ પહેરતાં એટલે એ વીરોધાભાસમાં એ બહુ જ રુપાળાં લાગતાં. ભલભલાને આંજી નાખે તેવું આકર્ષક તેમનું વ્યક્તીત્વ હતું. આ ઉમ્મરે મુળીબા આટલાં આકર્ષક લાગતાં હતાં તો એમની યુવાનીમાં તો એ પરીકથામાં આવતી રાજકુમારી જ લાગતાં હશે. પચાસની ઉમ્મરે પણ ઉમ્મરની અસર એમના પર બહુ દેખાતી નહોતી. અજાણ્યા માણસને તો મુળીબા ત્રીસેક વર્ષની આસપાસની જુવાન સ્ત્રી જ લાગે.

મુળીબા ખુબ ધર્મીષ્ટ, પુરેપુરાં રુઢીચુસ્ત અને મરજાદી હતાં. ધર્મની દૃષ્ટીએ આ ‘મરજાદી’ શબ્દનો ઉંડો અર્થ શો થાય એ તે વખતે મને ખબર નહોતી. એટલી ખબર હતી કે એ કોઈને અડતાં નહોતાં. ભુલથી પણ કોઈ છોકરું એમને અડી જાય તો મુળીબા ઘસી ઘસીને સ્નાન કરી શુદ્ધ થતાં. પછી પેલા અડી જનાર છોકરાનું અને એનાં મા–બાપનું આવી બનતું.

મુળીબાની દૃષ્ટીએ આભડછેટ અને અસ્પૃશ્યતા એ આપણાં શાસ્ત્રો અને ગ્રંથોમાં લખેલા પવીત્ર નીયમો હતા. તમારાં કર્મોના આધારે જ તમને હરીજન–ભંગીનો અથવા

બ્રાહ્મણનો અવતાર મળે એવું એ શ્રદ્ધાથી માનવાવાળાં. મુળીબા પોતે તો ગ્રંથો વાંચી શકે એવું હતું જ નહીં! એમના સમ્પ્રદાયના ધર્માચાર્યો અને મા'રાજોની કથા–વાર્તાઓ તથા પારાયણોમાં જે સાંભળતાં એનાથી જ એમની શ્રદ્ધા મજબુત થયેલી. આ શ્રદ્ધા કહેવાય કે ‘બ્રેઈન–વૉશ’ એ તો વાચક જ નક્કી કરે.

ફળીયામાં મુળીબાનાં કપડાં એમના ઘરની બહાર સુકાતાં હોય ત્યારે અમારે છોકરાઓએ રમવામાં બહુ જ સંયમ રાખવો પડતો. રમતાં રમતાં અમારો દડો કે ગીલ્લી પણ જો એમનાં કપડાંને અડકી જાય તો મુળીબા ઘરની બહાર નીકળી આખા ફળીયામાં બુમાબુમ કરી મુકતાં અને અમારા બધાની મમ્મીનું આવી બનતું. ‘આ કેવાં વાંદરાં જણ્યાં છે?હચવાતાં નથી તો જણ્યાં શું કરવાં?’ એવી રાડારાડ એ કરી મુકતાં. અમારાં કોઈનાં મા–બાપ એમની સામે આવીને બોલવાની હીમ્મત કરતાં નહીં. સૌ એમનું બોલવાનું ચુપચાપ સાંભળીને સહન કરી લેતાં. અલબત્ત, કેટલીક સ્ત્રીઓ પીઠ પાછળ બબડતી, ‘આ ડોશી આખી જીન્દગી વાંઝણી રહી એટલે એને છોકરાં દીઠાંયે ગમતાં નથી. પુરુષનું અને છોકરાંનું સુખ જોવા ના મળ્યું એટલે ડોશીનો સ્વભાવ આવો ચીડીયો થઈ ગયો છે.’ સમાજના દબાણથી જીવનભર પોતાની જાત પર સતત દમન ગુજારવું પડે તો અનેક પ્રકારની માનસીક વીકૃતીઓ

જન્મી શકે છે એવી ભારેખમ ભાષા એ સ્ત્રીઓને બોલતાં નહોતી આવડતી.

અમારા ગામમાં નવેનવી પાણીની સગવડ થઈ હતી. દરેક ફળીયામાં ગામની ટાંકીમાંથી એકએક નળ પહોંચાડવામાં આવ્યો હતો. એને લીધે સ્ત્રીઓને ખુબ રાહત રહેતી. છેક ગામની ભાગોળેથી પાણીનાં બેડાં ભરી લાવવાનો ત્રાસ ઓછો થયો હતો. આખા ફળીયાની સ્ત્રીઓ સમ્પીને આ નળનો ઉપયોગ કરતી. બધી સ્ત્રીઓ વ્યવસ્થીત લાઈનમાં ઉભી રહી પોતાનાં બેડાં ભરતી.

પણ મુળીબાનો એમાંયે ત્રાસ હતો. મુળીબા પાણી ભરવા આવે એટલે બધાંએ નળ પાસેથી દસ–પંદર ફુટ દુર ખસી જવું પડતું. કેટલીયે વાર સુધી મુળીબા પીત્તળના એ નળને પોતાને ઘરેથી લાવેલી રાખથી ઘસી ઘસીને સાફ કરતાં. બધાં બૈરાં આ તમાસો જોવા ટેવાઈ ગયેલાં. જ્યાં સુધી મુળીબાનાં બેડાં અને ડોલ ભરાઈ નહીં જાય ત્યાં સુધી એ બધી સ્ત્રીઓ ચુપચાપ દુર ઉભી રહેતી. મુળીબા બેત્રણ ફેરા કરીને પોતાનાં બેડાં ઘરે લઈ જતાં. જ્યાં સુધી એમનાં બધાં બેડાં ઘરે પહોંચી ના જાય ત્યાં સુધી કોઈ નળની નજીક ફરકી શકતું નહીં. આભડછેટની આટલી જબરી સરમુખત્યારી અને દાદાગીરી મુળીબાની હતી.

એક શ્રાવણ મહીનાના સોમવારે મુળીબા ગામથી થોડે દુર આવેલા મહાદેવના મન્દીરમાંથી પાછાં ફરતાં હતાં. પાછાં ફરતાં રસ્તામાં એક વીસ્તાર આવતો જેને તે જમાનામાં બહુ ખરાબ રીતે સમ્બોધવામાં આવતો.. ‘ હરીજનવાસ’. એ હરીજનવાસનો પાણીનો કુવો પણ જુદો જ હતો. આજે મુળીબાએ એ કુવા પાસે ખુબ ગીર્દી થયેલી જોઈ. હરીજનોનાં કેટલાંક બૈરાં રોકકોળ કરતાં હતાં. મુળીબાથી પુછ્યા વીના રહેવાયું નહીં.

“અલ્યા બુધીયા, શું થયું છે?” કોઈને અડી ન પડાય તેની સાવચેતી રાખતાં રાખતાં દુરથી મુળીબાએ પુછ્યું.

“બા, પેલા ધનીયાની જુવાન બાયડીએ આ કુવામાં પડતું મુક્યું છે.”

સાંભળતાં જ મુળીબા વીફર્યાં. એમણે કુવા તરફ દોટ મુકી. ભેગા થયેલા બધા હરીજનોને ધક્કા મારી એ કુવાના કઠેડા પર પહોંચી ગયાં. હરીજનોને સ્પર્શ કરાય નહીં એ વાત જ જાણે મુળીબા અત્યારે ભુલી ગયાં હતાં. બેધડક બધાને અડકી, દુર ખસેડતાં, હાંફતાં હાફતાં એમણે પુછ્યું, “અંદર કોઈ ઉતર્યું છે?”

“ના બા, દોયડું મંગાયું છે.”

મુળીબા દોરડાની રાહ જોવા ન રહ્યાં. એમણે ક્ષણવારમાં પોતાનો સાડલો કાઢી દુર ફેંક્યો અને ચણીયાનો

કાછડો લગાવ્યો. મુળીબાનું મોટા ભાગનું શરીર હવે ખુલ્લું થઈ ગયું હતું. એમની ગોરી ગોરી સાથળો જોઈને બધાં બાઘા જેવાં થઈ ગયાં. મુળીબા આ શું કરી રહ્યાં છે તે કોઈને સમજાયું નહોતું. બધા હરીજન પરુષો મુળીબાના આ ચંડી સ્વરુપને ફાટી આંખે જોઈ રહ્યા હતા.

ક્ષણનો પણ વીલમ્બ કર્યા સીવાય, જોતજોતામાં તેમણે બહુ જ સાવચેતીપુર્વક કુવામાં જંપલાવ્યું. કુવાની અન્દરની દીવાલોમાંથી ઉગી નીકળેલાં પીપળાનાં નાનાં નાનાં છોડની એકબે ડાળીઓ પણ મુળીબાના અથડાવાથી તુટીને અંદર પાણીમાં પડી.

મુળીબા જબરાં તરવૈયાં હતાં એની ત્યારે જ સૌને ખબર પડી. કુવામાં કુદી પડવાની એમની જીગર જોઈને બધાં એક બીજા સામે તાકીને બાઘાની જેમ ઉભાં રહી ગયાં હતાં.

કુવાની અંદર ડુબકાં ખાતી પેલી જુવાન છોકરીને મુળીબાએ પકડીને, પોતાના ખભા ઉપર લઈ પાણી પીતી અટકાવી. કુવાની દીવાલોનો ટેકો લઈ મુળીબા થોડીવાર શ્વાસ ખાવા ઉભાં રહ્યાં.

‘‘અલ્યા, દોરડું આવી ગયું હોય તો જલદી અંદર નાખો’’ એમણે કુવામાંથી બુમ પાડી. એ જ ક્ષણે એક માણસ દોડતો દોરડું લઈને આવ્યો હતો. એણે દોરડાનો એક

www.gujaratilexicon.com

છેડો અન્દર નાખ્યો. બધાનાં મોઢાં ઉપર નર્યો રઘવાટ અને ફફડાટ હતો.

અન્દર કુવામાં દોરડું પહોંચ્યું એટલે મુળીબાએ ખાતરી કરી લીધી કે બે જણને ખેંચી શકે એવું આ દોરડું મજબુત તો છે જ. પોતાની જાતને અને અડધી બેભાન જેવી પેલી છોકરીને, એમણે એ દોરડામાં બહુ કુશળતાથી બાંધી લીધાં અને ફરી બુમ પાડી :

‘‘અલ્યા, હવે જલદી દોરડું ઉપર ખેંચો...’’

બે જુવાનીયા માણસોએ સાચવીને દોરડું ખેંચવા માંડ્યું. બધાના શ્વાસ અધ્ધર હતા. પેલી છોકરી જીવતી હશે કે કેમ એની ચીન્તા સૌના મોઢા પર દેખાતી હતી. ધીમે ધીમે મુળીબા અને પેલી છોકરી – બન્ને જણાં છેક ઉપર આવી ગયાં. બરાબર સાચવીને બીજા બે માણસોએ પેલી બેભાન છોકરીને મુળીબાને ખભેથી ઉઠાવીને કુવાના થાળામાં સુવાડી. મુળીબાને હાથ અડાડી પકડવાં કે નહીં એની બીક અને દ્વીધા બીચારા પેલા પકડનારાઓના મનમાં ચાલતી હતી ત્યાં સામેથી મુળીબાએ જ હાથ લમ્બાવ્યો. બહાર આવીને તરત પોતાનાં અંગ ઉપરનું દોરડું ઉકેલ્યું અને થાળામાં સુવાડેલી પેલી છોકરી પાસે દોડ્યાં. એને ઉંધી કરી એના પેટમાં ગયેલું બધું પાણી કાઢવા એમણે ઉપચાર શરુ કર્યો. થોડીવારે ધીમે

ધીમે છોકરીએ આંખ ખોલી. એ પુરી ભાનમાં આવી ત્યાં સુધી મુળીબા એને ખોળામાં લઈને બેસી રહ્યાં.

છોકરી પુરી ભાનમાં આવી એટલે મુળીબા પાછાં એમના મુળ ઉગ્ર સ્વરુપમાં આવી ગયાં.

‘‘આનો ધણી ધનીયો ક્યાં મરી ગયો?’’ ગુસ્સાથી એમણે બધાંને પુછ્યું.

બીચારો ધનીયો ધ્રુજતો ધ્રુજતો ટોળામાંથી નીકળી આગળ મુળીબા પાસે આવ્યો.

‘‘ધનીયા, મુઆ... બાયડીનું મન રાજી રાખતાં શીખ. ધણી–ધણીયાણી બે જણાં સુખેથી જોડે ના રહી શકો તો સંસાર માંડો છો જ શું કરવા? અને અલી, તુંયે સાંભળી લે...આ વખતે તો તું નસીબદાર કે હું અહીંથી પસાર થતી’તી ને તું બચી ગઈ...સંસારમાં દુ:ખ તને એકલીને જ છે?જરા સહન કરતાં શીખ... વાતવાતમાં કુવો–હવાડો કરીશ તો ચુડેલ થઈને ભટક્યા કરીશ. આવતો જનમ બગાડીશ. અલ્યા ધનીયા, એને ઘરે લઈ જા ને ગરમ ગરમ ચા કે ઉકાળો પીવડાવ...જા...સાલાં બધાં... સંસ્કાર વગરનાં...મુઆં...’’ બડબડાટ કરતાં કરતાં મુળીબાએ પેલી છોકરીને ઉભી કરી અને ફરી બરાબર ધમકાવી.

કુવા પરથી બધાં ધીમે ધીમે વીખરાવા લાગ્યાં. ભીનો સાડલો શરીરે વીંટી, એનો એ જ બડબડાટ કરતાં મુળીબા

પણ પોતાના ઘર તરફ રવાના થયાં. અકળામણ અને ગુસ્સાભર્યા એમના બડબડાટને લીધે કોઈને સમજાતું નહોતું કે મુળીબાના હૈયામાં એક જુવાન છોકરીનો જીવ બચાવ્યાનો આનંદ અને સન્તોષ હતો કે નહીં!

પાછળથી એવું સાંભળેલું કે અસ્પૃશ્યોને અડી જવાયાના પ્રાયશ્ચીત્તરુપે મુળીબાએ આખું વરસ મીઠા વગરનું ખાઈને એકટાણાં કરેલાં. અભડાઈ ગયેલા દેહની શુદ્ધી માટે આ પ્રમાણેનાં એકટાણાંનો વીધી કરી પ્રાયશ્ચીત્ત કરવાનું ‘માર્ગદર્શન’ એમને કોણે આપ્યું હશે? કોણે આ ‘ઉપાય’ એમને સુઝાડ્યો હશે? એમના ધર્મગુરુઓએ જ ને?કેવા માનવતાહીન એ ધર્મગુરુઓ!

પોતાને આપવામાં આવેલા ‘સંસ્કાર’ પ્રમાણે છેક મરતાં સુધી મુળીબાએ અસ્પૃશ્યતાના સીદ્ધાન્તનુ પાલન કરેલું.

મને થોડી સમજણ આવતાં મુળીબા મારે માટે મોટો કોયડો થઈ પડેલાં... કયાં મુળીબા સાચાં?... એમનું કયું વ્યક્તીત્વ સાચું?...

પોતાનો જીવ જોખમમાં મુકીને એક ‘અસ્પૃશ્ય’ છોકરીનો જીવ બચાવવા કુવામાં કુદી પડનાર મુળીબા સાચાં કે પછી આભડછેટની અન્ધશ્રદ્ધા અને ધર્માન્ધતાને પકડી રાખનાર મુળીબા સાચાં?પથ્થર–દીલ, વજ્રથી પણ કઠોર અને દુષ્ટ લાગતાં મુળીબા કે કુસુમથી પણ કોમળ મુળીબા!

જે હોય તે; પણ... આ હતાં મુળીબા.

મેં પાછું ડૉ. આમ્બેડકરનું પુસ્તક ખોલી આગળ વાંચવા માંડ્યું...

–આનંદરાવ લીંગાયત

સર્જક–સમ્પર્ક :

ANANDRAV LINGAYAT

Email: gunjan_gujarati@yahoo.com

LA-USA

(•)(♦)(•)

222 : 17-07-2011

# ગઝલ–ગીત

–દેવીકા ધ્રુવ

અનુક્રમણીકા

## 1. સાંજ વેળા

સલુણી આજ આવીને, ઉભી આ સાંજ ઝળહળતી;
જરા થોભો અરે સુરજ, ન લાવો રાત ધસમસતી.
હજી હમણાં જ ઉતરી છે, બપોરે બાળતી ઝાળો,
જરા થોભો અરે ભાનુ, ભુલાવો વાત બળબળતી.
હજી મમળાવવી મારે, અહીં કુમાશ કીરણોની,
જરા થોભો અરે સુરજ, હતી સુબાહ ઝગમગતી.
અહો કેવી મધુરી સ્હેલ આ સંસારસાગરની,
જરા થોભો અરે નાવીક, ભલે આ નાવ ડગમગતી.
કટુ, કાળી અને અંતે જતી અણજાણ નીર્વાણે,
જરા થોભો અરે ધાત્રી, સજું એ રાત તનમનથી!!
સલોની આજ આવીને, ઉભી આ સાંજ ઝળહળતી;
જરા થોભો અરે સુરજ, ન લાવો રાત ધસમસતી..

## 2. કોને મળી?

જીન્દગી કલ્પી હતી તેવી, કહો કોને મળી?
બન્દગી જેની કરી તેની, કહો કોને ફળી!

વાવણી કોઈ કરે ને કાપણી કોઈ કરે,
ચાંદ ઉગે આભમાં ને ચાંદની સૌને મળી.
ઈશ્વરે હૈયાં ઘડ્યાં, ઈન્સાનનાં ફુલો સમાં,
ઘાટ કીધો પથ્થરોથી ઈશનો સૌએ મળી.
મોકળું મેદાન દીધું વીશ્વનું જેણે સદા;
માનવીએ કેદ કીધો મન્દીરે એને વળી!
પારધીના બાણથી વીંધાય પંખી વૃક્ષનું.
તોય બાંધે નીજનો માળો લઈ ચાંચે સળી.
જીન્દગી કલ્પી હતી તેવી, કહો કોને મળી?
બન્દગી જેણે કરી તેની, કહો કોને ફળી!

## 3. નગર જુઓ...

(અમેરીકાના ન્યુ યૉર્ક જેવાં મોટાં શહેરોની આમાં વાત છે.)

શીસ્તના શાસન થકી આ ચાલતું નગર જુઓ,
આભની વીજળી સમું આ આંજતું નગર જુઓ.
પુર્વની રીતો અને વે'વારથી જુદું ઘણું,
માનવીને યંત્રમાંહે શારતું નગર જુઓ.
રાતદી' આઠે પ્રહર ડૉલરની દોડધામમાં,
આદમીને હરપળે પલ્ટાવતું નગર જુઓ.
દુરથી સોહામણું ને પાસથી બીહામણું,
દમ્ભને મોહે જીતાઈ હારતું નગર જુઓ!
શાખ મોટી મોભની તીજોરી ખાલી ખાલી આ,
દાણ–વીમાને પથારે કાંપતું નગર જુઓ.

લાકડાના લાડુ જેવી ખેંચતી પછાડતી,
જીન્દગીને ભવ્યતાથી માપતું નગર જુઓ.

4. હોતી હશે....?

તસ્વીર કોઈની કદી શું બોલતી હોતી હશે?
તોયે છતાં કેવી રીતે એ વીંધતી હોતી હશે!
યુગુયુગ વીત્યાં વીશ્વાસના પ્રગ્ટે અહીં દીવા બધા,
તેથી જ ના દેવોની વાતો ખુટતી હોતી હશે.
પંખી બધાં ઉડી ગયાં, માળા અહીં જંપી ગયા,
સુરાવલી બહેલાવવા આ ગુંજતી હોતી હશે!
પાસે જતાં ચુભી રહો ને દુરથી ખેંચી રહો,
કાંટા ભરી ફુલો તણી આ લાગણી હોતી હશે?
કોઈ કહો આ વીજળી ક્યાંથી કદી આવી પડે?
ઈશ્વર તણા હસ્તાક્ષરો સરકાવતી હોતી હશે!

5. શતદલ

શતદલ પંખ ખીલત પંકજ પર,
          હસત નયન જ્યમ શ્યામ વદન પર.
 શત શત બુંદ સરક દલ વાદળ,
         ભીંજત બદન નર–નાર નવલ પર.
ઘનન ઘનન ગરજત નભમંડળ,
          કરત ક્યાંક કલરવ ખગ તરુવર.
છલ છલ છલકત જલ સરવર પર,

નાચત મંગલ મયુર મનોહર.
સર સર સુર સજત દીલ મોહક,
ભુલત ભાન વનરાવન ગોપક.
પલપલ શબદ લખત મનભાવન,
ઝરત પ્રીત મન કરત પાવન.
લીલ રંગ ધરા ધરત અંગ પર,
સોહત સુંદર સદ્યસ્નાત સમ.
મસ્ત મસ્ત બરસત અવીરત ઝર,
ઝુલત ફુલ શતદલ મધુવન પર.

6. તડકો

તડકો વીંટીને અંગ બેઠાં'તાં સંગસંગ,
હુંફાળા હાથ લઈ હાથમાં.
આભનાં તે વાદળને આવી ગઈ ઈર્ષા,
સુરજને ઢાંક્યો લઈ બાથમાં.
આદરી રમત કેવી પકડાપકડીની,
જાણે ઈશારે સમજીને સાનમાં!
સરતો ને તરતો એ દરશન દઈ દે,
દુર કેમે ના જાય પેલાં વાદળાં.
વ્હારે આવ્યો વા અડકીને આંગણે,
વેગે ફુંકાયો પાનપાનમાં,
ચાલ્યું ના બળ તેથી બની મજબુર,
વીખરાયાં ધીરે વરસાદમાં.

ઝરમરતી ઝીલની મસ્તીને માણતા,
ગુંથાયા સ્નેહભરી સાંજમાં;
ભીનીભીની ક્ષણોને વીણીવીણીને પછી,
વાગોળી જુની વાતવાતમાં.
તડકો વીંટીને અંગ બેઠાં'તાં ઉંબરે,
ભીંજાયા કુદરતના રાગમાં.

7. નથી હું મીરાં કે નથી હું રાધા....

શમણાંમાં આવીને પુછ્યું છે રાજ્જા,
તો કહી દઉં છું સીધું તું સાંભળ, હે કાના,
નથી હું મીરાં કે નથી કોઈ રાધા,
શબરી નથી કે કરું બોર હું અજીઠાં.
મારે તો વનરાવન કે મથુરા,
કદમ્બ કે ગોકુળ સઘળુંયે વેબમાં!
તેથી ફરું હું તો નેટના જગતમાં,
તારા તે જગમાં ક્યાં હવે છે મણા?
આવીને મળે તો માનું અહીં વેબમાં,
જોજે ભુલીશ મા, કે'જે ઈમેઈલમાં,
વેબકેમ મન્દીરના ખોલી દઈશ બારણાં,
આરતી ઉતારીને લઈશ ઓવારણાં.
પુજું તો છું જ આમ રોજ રોજ શબ્દમાં,
પામીશ ધન્યતા અક્ષરના ધામમાં.
અર્પી સર્વસ્વ તને બાંધીશ વચનમાં,
છોડી દે વાંસળી ને ખેરવી દે મોરપીંછ;

છેડી દે સ્નેહસુર ને ફેરવી દે પ્રેમપીંછ,
ખીલવી દે ક્યારો આ વીશ્વના બાગમાં.
શમણાંમાં આવીને પુછ્યું છે રાજ્જા,
તો કહી દઉં છું સીધું તું સાંભળ, હે
કાના.......

## 8. ચાલ્યાં શબદને સથવારે.

લો, અમે તો ચાલ્યાં પાછા શબદને સથવારે....

મબલખ અઢળક ઘેરી ઘેરી વરસ્યાં નવલખ ધારે,
વાંકા કાંઠા તોડી દોડ્યા ઉરસાગરને નાદે,
લો, અમે તો ચાલ્યાં પાછા કલમની કીરતાલે........

તટના ત્યાગી નામ પછી તો ઉડાન પાંખે પાંખે,
ટમટમ ટમકે અક્ષર જાણે નભને તારે તારે,
લો, અમે તો ચાલ્યાં પાછા અક્ષરને અજવાળે.........

રોમરોમ શરણાઈ વાગે, કલરવ ડાળે ડાળે,
મઘમઘ રંગ સુગંધ બનીને મ્હેકે મનને માળે,
લો, અમે તો ચાલ્યાં પાછા શારદમાને ખોળે...........

હળવે હળવે જીવને શીવનો રસ પરમ અહીં જાગે,
જુઠા જગનો કાજળ કાળો અહમ્ ભરમ સહુ ભાગે,
લો, અમે તો ચાલ્યાં પાછા શબ્દ-બ્રહ્મની પાળે...........

–દેવીકા ધ્રુવ

સર્જક–સમ્પર્ક:

DEVIKA DHRUVA

11047, North Auden Circle, Poet's Corner,

Missouri City, TX 77459-USA

Phone -281-778-9120 Cell No. 281 415 5169, eMail ID-

ddhruva1948@yahoo.com

Websites: http://devikadhruva.wordpress.com and

www.devikadhruva.gujaratisahityasarita.org

(●)(♦)(●)

223 : 31-07-2011

# ● યા અલ્લાહ ●

– ડૉ નવીન વીભાકર

અનુક્રમણીકા

દુર એટ્લાંટીક મહાસાગરનાં ઉછળતાં મોજાંઓને અનન્ત જોઈ રહ્યો હતો. તે પોતાની પત્ની કુન્દન અને બે સન્તાનો મીત અને મીતા સાથે ન્યુ યૉર્કના જોન્સ બીચ પર પીકનીક માટે આવ્યો હતો. દરીયો અને ઉછળતાં મોજાંઓ એને પોતાના વતન યુગાન્ડાના લેક વીક્ટોરીયાની યાદ આપી રહ્યાં હતાં તો સાથે તરત જ યાદ આવે છે ઈદી અમીનનો જીવલેણ ત્રાસ!

સને 1971માં યુગાન્ડામાં લશ્કરી બળવો થયો. મેજર જનરલ ઈદી અમીને પ્રૅસીડન્ટ ઓબોટે સામે ‘કુ’ કર્યું ને સત્તાપલટો થયો. ઈદી અમીને ઓબોટેની જાતીના લાખેક માણસોનો સંહાર કર્યો. પછી એશીયનોની આર્થીક પકડને ધીક્કારતા તથા પ્રજાનું ધ્યાન બીજે દોરવા, યુગાન્ડાના બધા જ એશીયનોની ત્રણ જ મહીનામાં હાકલપટ્ટીનો હુકમ આપ્યો. ત્રણ ત્રણ પેઢીએ જમાવેલો ધંધો, માલ–મીલકત, વાડી–વજીફા, ત્યાં જ મુકી એશીયનો ચાલી નીકળ્યા. બ્રીટીશ સબ્જેક્ટ – નાગરીકોને તો બ્રીટને સમાવી લીધા. બાકીનાને

'નીર્વાસીત' રુપે દુનીયાના બીજા દેશોએ લીધા. અમેરીકન ચર્ચ તરફથી અનન્ત અને કુન્દન અમેરીકા આવ્યાં. પણ છેલ્લે નીકળતી વખતના પ્રસંગે અનન્તને હચમચાવી દીધો હતો.

ત્રણ મહીનામાં જ નીકળી જવાનું. કુન્દન પાસે બ્રીટીશ પાસપોર્ટ હતો. બ્રીટીશ ઍમ્બેસીમાં વીઝા લેવા જવા લામ્બી લાઈનમાં ઉભા રહેવું પડતું. નમ્બર લાગ્યો ત્યારે અનન્તને કહેવામાં આવ્યું, 'તમે બીજા દેશના છો તેથી બ્રીટન તમને ન સ્વીકારે; પરન્તુ તમારી પત્ની કુન્દન બ્રીટીશ પાસ્પોર્ટ ધરાવતાં હોવાથી તેઓ એકલાં જ પતી વીના બ્રીટન જઈ શકે. અથવા તો પતી નીર્વાસીત બની જે દેશમાં જાય ત્યાં પત્નીએ જવું રહ્યું.' અનન્ત મુંઝાણો. એ વખતે કુન્દન સગર્ભા હતી. હવે?ભારતીય મુળના હોવાથી તે ભારત જઈ શકે. ભારતીય કચેરીમાં જતાં તેઓએ ભયસ્થાન બતાવ્યું કે એક વાર ભારત જશો તો પછી બ્રીટન તેની જવાબદારીમાંથી છટકી જશે. અનન્ત પાછો બ્રીટીશ કચેરીમાં ગયો. બ્રીટીશ હાઈ કમીશનર, ઈન્ડીયાથી આવેલા ઈન્ડીયન હાઈ કનીશનર સાથે વાતાઘાટમાં રોકાયેલા હતા. અનન્ત બ્રીટીશ હાઈ કમીશનરની ઑફીસની બહાર ઉભો હતો. ત્યાં તો મુલાકાત પતાવી ઈન્ડીયન હાઈ કમીશનર બહાર નીકળ્યા ને અનન્તથી બોલાઈ ગયું, 'અરે નીરંજન! તું અહીંયાં?'

ઈન્ડીયન હાઈ કમીશનરે અનન્ત સામે જોયું, ‘અરે, અનન્ત! તું અહીં?કૉલેજમાંથી નીકળ્યા પછી આપણો કોઈ કૉન્ટેક્ટ જ ન રહ્યો. શી વાત છે?’

અનન્તે વસ્તુસ્થીતી સમજાવી.

‘ચાલ મારી સાથે. હું અમેરીકન ઍમ્બેસીમાં જાઉં છું. છે ઈચ્છા અમેરીકા જવાની?તેઓએ હજાર ફૅમીલીના વીઝા મંજુર કર્યા છે. તારો ને કુન્દનનો પાસપોર્ટ સાથે છે?’

વીધીનું ફરમાન એવું હશે! કુન્દનને ફોન કરીને તેણે સમજાવ્યું કે નીરંજન દેસાઈ – ઈન્ડીયન હાઈ કમીશનરની મદદથી બન્નેને અમેરીકાના વીઝા મળી ગયા છે. શરુઆતમાં કમ્પાલાથી ચોવીસ માઈલ દુર એન્ટેબે ઍરપોર્ટ પર જતાં એશીયનોને ચેકપોસ્ટ પર ઈદી અમીનના સૈનીકો ખુબ રંજાડતા. ઘરેણાં, કીમતી વસ્તુઓ તો લઈ જ લેતા; પરન્તુ ઈદી અમીન સરકારના કાયદા મુજબ ફક્ત એક સો ડૉલરની રકમ જ સાથે લઈ જવાની છુટ હતી, તે પણ ઈદી અમીનના સૈનીકો ચેક અપ વખતે ખુંચવી લેતા! આ કનડગતના રીપોર્ટ આન્તરરાષ્ટ્રીય સ્તરે થતાં, દરેક દેશની ઍમ્બેસીએ જેટલા નીર્વાસીતો સ્વીકાર્યા હતા તેઓને લઈ જવા, રક્ષીત બસોમાં બેસાડી તેમને ઍરપોર્ટ પર લઈ જવાની કાર્યવાહી હાથ ધરી. હજી કમ્પાલામાં બધું સમેટવાનું બાકી હતું. તેથી કુન્દનને ન્યુયૉર્ક પહેલાં મોકલવાનું નક્કી થયું. સદ્ ભાગ્યે, તેણે

અમેરીકામાં રૅફ્યુજી કૅમ્પમાં જવાને બદલે, અનન્તના મીત્રને ત્યાં ઉતરવાનું હતું તેથી રાહત હતી.

પ્લેન રાત્રે ઉપડવાનું હતું. અનન્ત તેના ડ્રાઈવર ‘ટેગે’ સાથે બસની પાછળ એન્ટેબે ઍરપોર્ટ જવા ઉપડ્યો. ઍરપોર્ટ એશીયનોથી ઉભરાઈ રહ્યું હતું. કેટલીયે ફ્લાઈટ્સ દુનીયાના દેશોમાં ઉપડવાની રાહ જોઈ ઉભી હતી. ચેકીંગ થઈ જતાં, અનન્ત અને ટેગેએ જોયું કે રાતના બાર વાગી ગયા છે. હવે પાછા જવું મુનાસીબ ન લાગતાં, આજુબાજુની હૉટલમાં રાત રહી જવાનું અનન્તે નક્કી કર્યું. પણ ત્રણ જ હૉટેલ હતી અને ફ્લાઈટ્સ બધી મોડી થતી થતી, છેક સવારે કે બીજે દીવસે ઉપડતી, તેથી હૉટલો બધી ભરાઈ ચુકી હતી. હવે શું કરવું?અત્યારે રાતે પાછા ફરતાં, ચેકપોસ્ટ પર કારને ઉભી રાખી સૈનીકો કનડગત કરે તો?પણ ટેગેએ કહ્યું કે જે થાય તે, ઘરભેગા થઈ જઈએ.

બન્ને ઉપડ્યા. ટેગે તો આફ્રીકન હતો. પોતે તો ઈન્ડીયન હતો. શું થશે?અનન્તના મનમાં ફફડાટ હતો. એન્ટેબેથી અર્ધે પહોંચ્યા હશે ને ચેકપોસ્ટ પર સૈનીકે રોક્યા. તે રાઈફલ તાકતો કારની નજીક આવતો હતો. ટેગેએ તેની બાજુની બારી ખોલી. પણ સૈનીક તો અનન્ત બેઠો હતો તે બાજુ આવ્યો. અનન્તે ગભરાટથી બારી ખોલી ને રાઈફલના

નાળચાને અંદર સાવ નજીક જોઈ તેનાથી બોલાઈ ગયું: 'યા અલ્લાહ!'

સૈનીક થંભી ગયો. જ્યારે પણ કોઈ કામ સરખું ન થતું ત્યારે અનન્તને 'યા અલ્લાહ' બોલવાની ટેવ હતી. આ વેળાયે તેનાથી સહજ ભાવે તે બોલાઈ  ગયું.

'વે વે ની ઈસ્લામ?' સ્વાહીલીમાં તેણે પુછ્યું:તમે મુસ્લીમ છો?: હેબતાઈ જવાથી અનન્ત જવાબ આપી જ ન શક્યો; પણ ટેગેએ સમયસુચકતા વાપરી કહ્યું 'ન્ડીયો!' (હા!)

'નેન્ઢા! નેન્ઢા!' (જાઓ, જલદી જાઓ.)  ને ટેગેએ કાર પુરપાટ મારી મુકી.

ઈદી અમીન મુસ્લીમ હતો. પેલો સૈનીક મુસ્લીમ હતો અને અનન્ત બચી ગયો. એ પછી તો સૈનીકોનો શહેરમાં રંજાડ વધતાં, અનન્ત ઘરના દરવાજે તાળું મારતો ને પાછલી ડેલીમાંથી ઘરમાં જતો. રાત્રે આખા ઘરમાં બત્તીઓ બુઝાવી નાખતો. ટીવી તો બન્ધ જ રહેતું. બાકી રહેલા લગભગ બધા જ એશીયનો એમ જ કરતા. બધું આટોપી, ઈન્કમ ટૅક્સ ક્લીયરન્સ મળતાં નાકે દમ આવી ગયો. જ્યાં જાઓ ત્યાં લાંચ! માંડમાંડ બધું આટોપી, ટેગેને જે જોઈએ તે ઘરવખરી લઈ જવા દઈ, માંડમાંડ અનન્ત અમેરીકા કુન્દન ભેગો થયો.

આજે આટલાં વરસો પછી વીતેલા એ ભયાનક ભુતકાળની યાદ આવતાં અનન્ત કમ્પી ઉઠ્યો. આજે તો અમેરીકામાં તે સલામત છે, ઠરીઠામ થયો એટલું જ નહી; ધનદોલત, ઈજ્જત, શોહરત કશાની એને કમી નથી. એની નજર એની પ્રેમાળ પત્ની કુન્દન અને બે વહાલાં સન્તાન મીત અને મીતા પર પડી. સૌનાં ઉજળાં અને મીઠાં ભવીષ્યની આશાયેશમાં તેણે ‘અલ્લાહ’નો ઉપકાર માન્યો. (સહેજ ટુંકાવીને – સમ્પાદક)

ડૉ. નવીન વીભાકર

લેખકના વાર્તા–સંગ્રહ ‘ચાંદ બનકે આના’ ( પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન – email - imageabad@gmail.com પ્રથમ આવૃત્તી: 2008, પૃષ્ઠસંખ્યા: 148, મુલ્ય: રુપીયા 100)માંથી સાભાર...

સર્જક–સમ્પર્ક:

Dr. Navin Vibhakar,

6291, Rock Creek Circle, ELLENTON,

FL–34222-USA

Phone: 941-721-4499, Cell: 941-524-7867

(•)(♦)(•)

224 : 14-08-2011

# સ્વામી વીવેકાનન્દે કહ્યું છે કે...

-હરનીશ જાની

અનુક્રમણીકા

નાનપણથી એક વાત શીખી ગયો છું કે જો પથ્થર તરાવવા હોય તો ઉપર ‘રામનામ’નો સીક્કો મારવો પડે! મારા હાઈ સ્કુલના દીવસોમાં હું અને મારો મીત્ર યોગેશ રાજપીપળાની કરજણ નદીના ઓવારે પાણીમાં પગ લટકાવીને બેઠા હતા. કીનારા પર ઓવારાને કારણે પાણી વહેતું નહોતું અને ગરમ બાફ આવતો હતો. મેં કહ્યું, ‘જીવન અને નદી તો વહેતાં સારાં. જો ઘેરાઈ જાય તો ગંધાય, બાફ મારે.'

યોગેશ બોલ્યો, ‘એવું કોણે કહ્યું છે?’

ત્યારે જ મને સમજાઈ ગયું કે, ‘સાલું, આપણા બોલનું વજન નથી.’ એટલે મેં યોગેશને કહ્યું કે, ‘એવું વીવેકાનન્દે કહ્યું છે.’

પોતાનાં વાક્યો બીજાના મગજમાં ઘુસાડવા માટે લોકો બીજા લોકોનાં મત, સુવાક્ય પોતાની વાત સાથે જોડી દે છે. આઝાદીના એ સમયમાં જાહેર ભાષણ આપનાર માટે ગાંધીજીનું નામ પોપ્યુલર હતું. હાલ્યોચાલ્યો દરેક નેતા

પોતાના ભાષણમાં ગાંધીજીની એકાદ વાત ઠોકી દે. બાપુ સાથે અમે યરવાડા જેલમાં હતા ત્યારે બાપુ કહેતા કે, 'ગુલામીમાં આઝાદ રહેવા કરતાં આઝાદીની જેલ સારી.' હવે જો ધ્યાનથી વીચારીએ તો થાય કે બાપુ આમ બોલે ખરા?જેણે કહ્યું હોય તેણે, પરન્તુ પેલા વક્તાને ગાંધીજીના નામ સાથે તાલીઓના ગડગડાટ મળતા.

પોતાના ભાષણમાં નવા નેતાઓ પોતાની પણ કંઈ કીમ્મત છે એમ સાબીત કરવા બાપુજી સાથેની પોતાની કોઈ અંગત વાત રજુ કરતા. હવે તે વાત સાચી છે કે ખોટી એને માટે એમને કોઈ સવાલ નહોતું કરવાનું. અમારા ભરુચ જીલ્લાના કોંગ્રેસી નેતાઓ બાપુનું નામ છુટથી વાપરતા. અમને વીદ્યાર્થીઓને લાગે કે આ નેતાઓ ના હોત તો બાપુથી કંઈ જ થયું ન હોત.

આ નેતાઓની જેમ હું પણ ક્લાસમાં બેન્ચ ઉપર ઉભો થઈને ભાષણની નકલ કરતો, 'સાબરમતી આશ્રમમાં બાપુ મને કહેતા કે, 'હરનીશ, તને ગણીતના દાખલા ગણતાં ઉંઘ આવતી હોય તો ગુજરાતી નોવેલ વાંચજે.' કોઈક વાર અમારા પંડ્યાસાહેબ કોઈ કારણસર મારા પર ચીડાય ત્યારે હું કહેતો, 'સાહેબ, ગાંધી બાપુએ કહ્યું છે કે અમે બાળકો દેશનું ભવીષ્ય છીએ. અમને પ્રેમથી ભણાવો.'

મારી પત્નીને કોઈ વાત મારા મગજમાં ઠસાવવી હોય અથવા તો પોતાનું કોઈ કામ કરાવવું હોય તો કહે, ‘બાએ પણ આવું કહ્યું છે. જા, બાને પુછી જો.’ જ્યારે વહુ સાસુને પોતાની ટીમમાં લે, ત્યારે સમજદારે ચેતતા રહેવું જોઈએ.

વરસોથી હું જોતો આવ્યો છું, સાંભળતો આવ્યો છું, વાંચતો આવ્યો છું એવાં નામો છે આઈન્સ્ટાઈન, ડો. રાધાકૃષ્ણન્, જે. કૃષ્ણમુર્તી, વીવેકાનન્દ, વાલ્ડો ઈમર્સન વગેરે. પરન્તુ મારા પ્રીય હતા વીવેકાનન્દ. હું જ્યારે-ત્યારે સ્વામી વીવેકાનન્દના નામે મારા વીચારો ધુસાડી દેતો. સૌ કોઈ જાણે છે કે વીવેકાનન્દજીએ અમેરીકાની પ્રજાને શીકાગોની પરીષદમાં ‘બ્રધર્સ એન્ડ સીસ્ટર્સ’નું સંબોધન કર્યું હતું. એથી વીશેષ સામાન્ય લોકોને વીવેકાનન્દ વીશે ખબર નથી. એટલે કોઈએ મારી વાતમાં શંકા નથી કરી.

એક વખત મેં મારા મીત્ર સવાઈ દરજીને સવાલ પુછયો, ‘ગુજરાતનો નાથ’ નવલકથા કોણે લખી અને ગુજરાતને ‘અસ્મીતા’ જેવો શબ્દ કોણે આપ્યો?'

સવાઈ બોલ્યો, ‘વીજયસીંહજી મહારાજે.’

અમારી દુનીયામાં રાજપીપળાના રાજાથી વધુ કોઈ બુદ્ધીશાળી નહોતું.

મેં કહ્યું, ‘ના, કનૈયાલાલ મુનશીએ.’

સવાઈ બોલ્યો, 'તો પછી વીજયસીંહજીએ કયો શબ્દ આપ્યો છે?'

હું ચુપ રહ્યો.

સવાઈ માટે મહારાજા વીજયસીંહ સુપરમેન-સુપરબ્રેઈન. તેને એમ કે તો જ રાજા બનાય. હવે એ વાત પ્રધાનો માટે કહી શકાય. હવેના પ્રધાનોને તો કોઈનાં સુવાક્યો પણ ભાષણમાં વાપરતાં આવડતાં નથી. કદાચ તેમનો આત્મવીશ્વાસ વધ્યો હોય કે પછી વાંચવાની ટેવ જ ન હોય.

આપણે જ્યારે ગુજરાતી મેગેઝીનોમાં કૉલમ લખનારા પ્રખ્યાત લેખકોને વાંચીએ છીએ ત્યારે લાગે કે આ લેખકો કેટલા વીદ્વાન છે અને તેઓ કેટકેટલું વાંચે છે! કારણ કે તેમના એક લેખમાં તેઓ ત્રણ–ચાર વ્યક્તીઓનાં બોલેલાં 'અવતરણો' ફટકારે છે અને આ એવી વ્યક્તીઓ છે જે તમારા જન્મ પહેલાં થઈ ગઈ છે. આ વ્યક્તીઓ ફીલોસૉફર હોય શકે કે પછી કોઈ નેતા કે મોટા લેખક-કવી હોય. આ મહાનુભાવોનાં તો આપણે નામ પણ ના સાંભળ્યાં હોય. આપણને થાય કે 'સાલું, આટલાં વરસોથી છાપાં વાંચીએ છીએ અને આપણને આટલું જ્ઞાન પણ લાધ્યું નહીં!' આપણામાં અને એ લેખકમાં ફેર એટલો છે કે તેમને એ ફીલોસૉફરનાં નામ ખબર છે, આપણને ખબર નથી અને

સામ્ય એટલું છે કે આપણે એ ફીલોસૉફરને વાંચ્યા નથી અને પેલા કટારલેખકે પણ વાંચ્યા નથી. બ્રીટન અને અમેરીકામાં આ સુવાક્યો-અવતરણોનાં ઢગલાબંધ પુસ્તકો મળે છે. ઓક્સફર્ડની કવોટેશનની ડીક્ષનરી તો વખણાય છે. જો આ કટારલેખકો ખરેખર આ ફીલોસોફર અને વીખ્યાત લોકોનાં પુસ્તકો વાંચીને બેઠા હોત તો તેમની પોતાની જ ગણતરી ફીલોસોફરમાં થઈ જાત. પણ કંઈ નહીં તોય આવાં અવતરણો શોધીને વાપરવાની હોશીયારી તો છે ને! જયારે નેતાઓને તો એ પણ નથી ફાવતું. ગુજરાતી સાહીત્યના વક્તાઓ સુવાક્ય યાદ ન આવે તો વાતોમાં ઉર્દુ ગઝલના એક-બે શેર ઠોકી દે.

સામાન્ય રીતે કોઈ પણ ગઝલને ગાલીબનો સીક્કો લગાવી દો એટલે તમને કોઈ ચેલેન્જ ન કરે. સામાન્ય જણને માટે તો ગાલીબ પછી કોઈ બીજો ગઝલકાર પેદા જ નથી થયો! ગુજરાતી સાહીત્યકાર માટે ઉમાશંકર જોશી, સુન્દરમ્, રાજેન્દ્ર શાહ હુકમના એક્કા છે. છેવટે કલાપી, ખબરદાર, બોટાદકર, મેઘાણી, ધુમકેતુનાં વાક્યો–સુવાક્યો ફરી ફરીને શ્રોતાઓના માથે સાહીત્યકારો ઝીંકે. વધારે સોફીસ્ટીકેટેડ દેખાવા માટે કોઈક ફ્રેન્ચ, મેક્સીકન, ઈટાલીયન સાહીત્યનાં અવતરણો શ્રોતાઓને માથે ફટકારશે. શ્રોતાઓ આમેય તેમનું લેક્ચર સાંભળતા નથી હોતા. એટલે આ પરદેશી અવતરણોની ખરાખરીની ચીંતામાં પડતા નથી.

એના પરથી કોલેજનો મારો મીત્ર ભટ્ટ યાદ આવે છે. તે ઈકોનોમીક્સના વીષયમાં ઈંગ્લીશ નામો વાપરીને પોતાના મુદ્દા લખતો. હવે, એવાં નામ લખવા માટે પણ ભટ્ટની હોશીયારી નહોતી. તેમ છતાં ભટ્ટની હોલીવુડના સ્ટાર્સનાં નામ લખવાની જે હોશીયારી હતી એટલી અમારા પ્રૉફેસરની સમજવાની નહોતી. 'ફ્રેન્ચ સીનાટ્રાએ કહ્યું છે કે, મી. કર્ક ડગ્લાસે કહ્યું છે કે,' છેવટ કશું ન મળે તો, અમેરીકન ભુતપુર્વ પ્રમુખનાં નામ વાપરે. 'મી. હેરી ટ્રુમેને કહ્યું હતું…'. હવે નામ આ લોકોનાં અને ઈકોનોમીકસની થીયરી ભટ્ટની. કહેવાની જરૂર નથી કે ઈકોનોમીક્સના વીષયમાં ભટ્ટનો ફર્સ્ટ ક્લાસ આવતો.

આમાં મજા આવી જાય છે ધાર્મીક કથાકારને. તેમનું અડધું ઓડીયન્સ અભણ હોય છે. બાકીના અડધા ઓડીયન્સને ખબર નથી કે તેઓ અભણ છે અને આ સત્ય કથાકાર જાણે છે. કથાકાર એ પણ જાણે છે કે તેમના ઓડીયન્સે ઉપનીષદ કે વેદો વાંચ્યાં નથી. રામાયણ અને મહાભારતનું જ્ઞાન ટીવી સીરીયલો જોઈને મેળવ્યું છે. એટલે કથા કરનાર મહારાજ શ્રીમદ્ ભાગવત, ઉપનીષદ, યજુર્વેદ વગેરેમાં ભગવાને શું શું કહ્યું છે એની બોલીંગ કરીને ઓડીયન્સની દાંડીઓ પહેલી પાંચ મીનીટમાં ઉડાડી દેશે.

બાકીનો સમય જયારે મહાત્મા કથા કહે ત્યારે ઓડીયન્સ ચકીત થઈને મહાત્માજીના ચહેરા પર કેટલું પ્રતાપી તેજ છે એ જોશે. આમાં કોઈ દોઢડાહી વ્યક્તી મહારાજજીની વાતોમાં શંકા કરે તો મહાત્મા ખચકાયા વીના કહેશે, ‘શ્રીમદ્ ભાગવતના ચોથા અધ્યાયના સોળમા શ્લોકમાં સ્વયમ્ ભગવાને કહ્યું છે કે...' અથવા ‘શાસ્ત્રોમાં લખેલું છે કે...’ હવે જે લોકો શાસ્રો વાંચીને બેઠા છે તેઓ મહાત્માની કથામાં નથી આવતા. એટલે કથાકારની જોડે વાદવીવાદ કરવામાં ઓડીયન્સમાંથી કોઈની તાકાત કે ઈચ્છા નથી હોતી. કદાચ જો થોડી ઈચ્છા હોય તો દાબી દેવી પડે. શંકા કરે તો એ શાસ્ત્રોનું-ભાગવતનું અપમાન કહેવાય!

છેવટે મારે એટલું કહેવું છે- ના, ના, સ્વામી વીવેકાનંદે કહ્યું છે કે, આપણાં ધ્યાનબીંબ (concentration span) ત્રીસ સેકન્ડથી વધારે લાંબાં નથી હોતાં. એટલે તો ટીવી પરની જાહેરખબરો ત્રીસ સેકન્ડની હોય છે. તો લેખકોએ ટુંકા લેખ જ લખવા. લામ્બાં ભાષણ, લામ્બા લેખ, લામ્બા ઉપદેશ આ કમ્પ્યુટર યુગમાં લોકોનાં કાન, આંખ અને મગજને થકવી દે છે. આવું જ કંઈક આઈન્સ્ટાઈન પણ કહી ગયા હતા. બોલો, હવે તમારે શું કહેવું છે?

–હરનીશ જાની

લેખક–સમ્પર્ક:

Harnish Jani 4, Pleasant Drive, YARDVILLE, NJ - 08620 - USA

E-Mail- harnish5@yahoo.com - Phone - 001-609-585-0861

2009માં પ્રકાશીત થયેલા, અને 'ગુજરાતી સાહીત્ય પરીષદ'નું 'જ્યોતીન્દ્ર દવે પારીતોષીક' વીજેતા, લેખકના હાસ્ય નીબન્ધસંગ્રહ 'સુશીલા' (પ્રકાશકઃ અલકાબહેન પંકજભાઈ શાહ, હર્ષ પ્રકાશન, 403, ઓમ દર્શન ફ્લેટ્સ, 7–મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ–380 007 પૃષ્ઠ સંખ્યા – 148, મુલ્ય– 100 રુપીયા.. પ્રાપ્તીસ્થાન–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001)માં પાન સત્તર ઉપર આપેલો છઠ્ઠો હાસ્ય–નીબન્ધ.. લેખકની પરવાનગીથી સાભાર..

●●●

225 : 28-08-2011

# શબ્દનાં વાવેતર

## (અછાંદસ રચનાઓ)

-થોભણ પરમાર

અનુક્રમણીકા

.1.

વહેતી
હતી
નદીઓ અહીં
ઘી–દુધની,
તે...દી'...કરતા હતા
'દુધપીતી' એને
તપેલામાં આપણે...!
અદ્યતન ભારતમાં
સંભળાય છે ચીસ
સ્ત્રીભ્રુણની હવે....
સોનોગ્રાફીની
કાળમુખી કોટડીમાં...!

.2.

કહો છો
આપ,

ચક્ષુમાં

મુજ વૃદ્ધની

ગયો છે પાકી હવે

મોતીયો....!

તો પછી હે...વૈદરાજ!

દેખાય છે કેમ મને

એંઠવાડ આરોગતાં ઉકરડે

નગ્ન, ભુખ્યાં બાળકો

ને.....

શણગારેલા છપ્પનભોગ

ઉંચાં–ભવ્ય મંદીરોમાં...!

.3.

ડંખે છે

કંકર

પગ તળે,

નાનો અમસ્તો

જોડામાં.

ને નીકળી જાય છે

ચીખ સાથે

મુખમાંથી જાણે પ્રાણ!

થાય છે લોચન

સ્મરણમાં ભીનાઃ

ખમી હશે કેટકેટલી

લાત માએ
આ જ પગની
નવનવ માસ
એની નાજુક કુખમાં!

.4.

ઘસાતી ગઈ
બોલીઓ,
કરમાતી ગઈ
કહેવતો,
વીસરાતા
જાય છે હવે
શબ્દ તળપદા,
રમણીય રુઢીપ્રયોગો!
ધીરેધીરે
ક્રમેક્રમે,
થઈને હડધુત
શું હવે....ઓગળી જશે?
મારી માતૃભાષાનો
છેલ્લો અક્ષર પણ...!

.5.

સંકલ્પના
ડૉકટરની

સેવાભાવી હતી,

પરીચારીકાઓ પણ એવી હતી;

ડીરેક્ટર.....ડોરકીપર

વૉર્ડબોય.....સ્વીપર

સૌની વર્તણુક ખુદાપરસ્ત હતી.

આમ તો–

આખ્ખીય હૉસ્પીટલ

સફેદ આરસની હતી.

ખાલી કૅશબારી પર

કમ્પ્યુટરમાં,

છરી ને બ્લેડ ભેગી

મુકેલી કાતર...

ખીસાં કાતરતી હતી!

.6.

ઉત્સવીયા

અતીરેકમાં

આપણી કને....

બીજું છે પણ શું

મીથ્યાડંબરીયા

ઉન્માદ સીવાય...?!

બાકી...પુતળાની જગ્યાએ

દશેરા ટાણે

કરતા ન હોત

દહન આપણે....

રક્ત ચુસતાં

રાષ્ટ્રદ્રોહીઓને!

.7.

હશે

જુઓ....

અડખેપડખે

અહીં ક્યાંક

નજીકમાં જ

કવી–કસબીઓનું ઘર;

નહીંતર એમ

સંભળાય ક્યાંથી

ઈંટ–સીમેન્ટના

જંગલમાં અહીં

ટહુકા મહેંકતી વસંતના!

.8.

કાપ્યા હતા

પ્રથમ

તેઓએ મારા પગ!

પછી....

આઝાદી બાદ,

ભાંગ્યા તમે

સશક્ત મારા હાથ!
વૈશ્વીકીયા ઝનુનમાં,
ને ઈંગ્લીશીયા કૈફમાં,
કરી રહ્યા છે
તમ નબીરાઓ હવે
મુજ કલેજા પર પ્રહાર!
હે....ગુર્જર વાસીઓઃ
વીદેશી ગોળીઓથી જ
મરે છે થોડી....
દેશની કોઈ...માતૃભાષા!

.9.

સ્વીકારો ના
હકીકત
તો પછી...
ઉકેલી જુઓ
પાનાં
જોડણીકોશનાઃ
મદીરા ને મરણ
બે શબ્દો વચ્ચે
છે ક્યાં..
ઝાઝું અંતર...!

.10.

આવું છું,
જોઈને
તમને
ભેટવા હરખભેર ઢુંકડો.
પણ....
તમે તો
જાવ છો ઉડી
કહીને મને સાનમાં:
‘માણસને
પંખી થઈને
ટહુકતાં
હજી ઘણાય યુગો વીતશે!’

.11.

તુટીને પુરમાં
નવા બંધાઈ ગયા,
કેટલાક પુલ,
ઉખડીને વંટોળમાં
ફરી ઉછરી ગયાં
ઘણાંયે વૃક્ષ;
ભુકંપના ઝાટકે
ઢળી પડેલાં
તેય એક પછી એક

થઈ ગયાં પુનઃ બેઠા
ગગનચુંબી એપાર્ટમેન્ટ.
પણ...
ઉભો છે કેવો
એમનો એમ હજીયે અડીખમ
ભવ્યમંદીરની આ દીવાલ કને
બાલમંદીરનો અમારો
પતરાંનો વર્ગખંડ!

.12.
લુંટવો
હોય તો લુંટો,
આ રીતે
તમેય મીત્રો,
ક્ષણીક આનંદ
ઉત્સવીયા અફીણનો!
વાસ્તવે આમ....
મુર્તીઓ
ડુબાડવાથી તો....
ઉજવે છે ‘મરણોત્સવ’
પ્રદુષીત નદીઓમાં
નીર્દોષ બીચારાં જળચરો!

:થોભણ પરમાર:

'શબ્દનાં વાવેતર' – (પ્રથમ આવૃત્તી–એપ્રીલ, 2008, પ્રકાશક: મંજુલા ટી. પરમાર, પૃષ્ઠ–96, મુલ્ય –રૂ. 80, પ્રાપ્તી સ્થાન: 22, સરીતા રો હાઉસ, એલ. પી. સવાણી સ્કુલ નજીક, ન્યુ અડાજણ–પાલ, સુરત– 394 510)માંથી સાભાર....

કવી સંપર્ક: 22, સરીતા રો હાઉસ, એલ.પી. સવાણી સ્કુલ નજીક, ન્યુ અડાજણ–પાલ, સુરત – 394 510. મોબાઈલ નં. 98247 233306

'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી દસ ઈ–બુક બનાવી છે. ભાગ ૧ થી ૧૦. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો :

ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com સુરત